કુમાર

૯૮ મો અંક

પુસ્તક નવમું · અંક બીજો · માહ · સંવત ઓગણીસ સો અઠ્યાશી · તંત્રી રવિશંકર રાવળ





ગયા મહિનાની ઉચ્ચ શ્રેણીની ફોટોગ્રાફી હરીફાઈમાં ઇનામ મેળવનાર બીજું ચિત્ર: આખરી પાન · ફોટો: નરેન્દ્રદેવ વર્મા



પનિહારીઓ
ચિત્રકાર · કનુ દેસાઈ

કુમાર

માર્ચ'૪૮

આવતી કાલનાં નાગરિકો ઘડતું માસિક

શહાદત

• પૃથ્વી •

મશાલ સળગાવી મૂક દુઃખિયાં જનો ઢૂંઢવા;
પ્રફુલ્લ તુજ સ્વપ્નની—જીવનનાં—અધૂરી કળી:
અસંખ્ય કચડાયલાં અબલની થવા પ્રેરણા,
દીવેલ ખૂટતાં બલિ બની જજે મશાલે ચડી.

ફગાવ તુજ કલ્પ્ય સૃષ્ટિ સજવા નવાં આયુધો,
નવાં સરજનો વિના ક્યમ શમે ક્ષુધા ક્રાંતિની?
નવાં સરજનો વિના પ્રતીતિ રે, થશે શ્રાંતિની!
મરી જીવવું એ વૃત્તિ જીવી રહ્યાં નવાં સર્જનો.

નહિ સૂરજના વિના ધરતી રૂપ ધારે નવું,
નથી રજની દીસતી મધુરવી વિના ચંદ્રિકા;
લીલોતરી વિના સુધા પ્રકૃતિમાં નથી ઊડતી,
નથી નૂર સ્વતંત્રતા તણું કદી શહીદો વિના.

શહાદત બની જશે જીવનની મજા જે ઘડી,
જયંત કરવા તને જગ સિંહાસને ઊતરી
કમાન રચશે દ્યુતિ!

ઈન્દુલાલ ગાંધી



■ઇંગ્લંડના પ્રધાન અને પાટવી ઇંગ્લંડનાં દરેક સ્ત્રીપુરુષને બ્રિટિશ માલ જ વાપરવાની અને બ્રિટિશ માલ જ વેચવાની આગ્રહભરી વિનવણી કર્યા જ કરે છે અને તેને પ્રજાજનોના પરમધર્મ તરીકે આગળ ધરે છે. શા માટે? ઇંગ્લંડને પોતાની પ્રજાને ભૂખમરાથી અને પરદેશી વેપારની ચૂડમાંથી છોડવવી છે. ઇંગ્લંડ પાસેથી આજ સુધી અનેક પાઠ લેનાર હિંદ આ મહત્ત્વનો પાઠ જ નહિ લે? જમાનાનો ભૂખમરો, બેકારી અને નાણાંની ભીડનો ત્રાસ તો દરેક દેશને પીડા આપે છે અને આપશે. તેમાં યે હિંદ જે આજ સુધીમાં ચુસાઇને ખતમ થઇ રહ્યું છે, તેના પર તો તેનો ત્રાસ અસહ્ય ને મરણતોલ થઈ પડશે. અને ઉપરાંત બીજી બાજુ, પડતા ઉપર પાટુની પેઠે, કરો ને સજાઓનો વરસાદ ઝરી રહ્યો છે. દેશનાં તેજસ્વી નરનારીઓ દેશની સેવા કરવા ખાતર જ જેલ અને સજા ખમી રહ્યાં છે તે વખતે આફતો સામે થવા માટે દરેક જણ પોતાની ફરજ વિચારે નહિ તો પછી કાયરતાની હદ આવી ગણાય.

■ભારતભૂષણ પંડિત મદનમોહન માલવીયજીએ પ્રજા આગળ સહેલામાં સહેલું સૂત્ર મૂકી દરેક જણનો માર્ગ સરળ કરી બતાવ્યો છે. તેમનો સાદ છે કે 'તમે રાજપ્રકરણી મત ગમે તે પ્રકારનો ધરાવતા હો, પરંતુ થોડા સમય માટે પણ તમારા ખર્ચમાં કાપકૂપ કરી તમારા ઘરમાં બચાવ કરવાની નીતિ માટે તો તમે બીજો મત રાખી શકો જ નહિ. આજે તો એક રૂપિયો બચાવશો તે જ તમારો છે. ચોખ્ખી જરૂરિયાત હોય તે સિવાય કંઈ પણ ખરીદી નહિ કરવાનું વ્રત લ્યો, અને થોડા જ મહિના પછી તમારી બચત વધતી જણાશે. જ્યારે દેશનાં મહાન નરનારીઓ જેલનાં દુઃખો અને ત્રાસ ખમી રહ્યાં છે ત્યારે તમે ઘેરબેઠાં આટલું યે તપ નહિ કરો? તમે બીજું કંઇ ન કરો તો આટલું તો માતૃભૂમિ અર્થે સ્વીકારો અને કંઈ જ પણ ખરીદવાનો પ્રસંગ આવે ત્યારે સ્વદેશી કે હિંદી જ બનાવટની ચીજો જ—મોંઘી હોય તોપણ—ધર્મભાવનાથી સ્વીકારો ... રાષ્ટ્રના સંકટ વખતે ઘરમાં પણ સાદાઇ અને સ્વનિગ્રહનું પાલન કરી દેશને અવનતિ અને દારિદ્ર્યના ખાડામાંથી ઉદ્ધારવા આ "તપશ્ચર્યા" આરંભો.'

આ જ હકીકતના અનુસંધાનમાં 'કુમાર'ના એક પરમ શુભચિંતક સ્નેહીએ રજુ કરેલા વિચારો અને યોજના બહુ વ્યવહારૂ અને સમયાનુકૂળ લાગવાથી અહીં રજુ કરી છે. તેઓ લખે છે: "આપણી ઘણીખરી ટેવો કુટુંબ વર્ગમાંથી જન્મે છે, ઘણી સમાજમાંથી ને ઘણી આસપાસના બીજા વાતાવરણમાંથી સ્વીકારીએ છીએ. આજે આપણે શુભ સંકલ્પ કરવાનો છે તે એ કે આપણી ટેવો અને વપરાશની ચીજો ઓળખી લઇએ તેમાંથી જેટલી હિંદનાં ગામડાં અને ગરીબ વર્ગના હાથમાં નાણાં પહોંચાડે તેવી હોય તેટલી રાખીએ અને નિભાવીએ. પરદેશ નાણાં ખેંચી જતી ચીજોનો તો વપરાશ જ છોડીએ; તેનો મોહ છોડીએ ને ઘર તેમજ સમાજમાંથી તે દૂર કરીએ....

■"આપણે બે મહિનામાં પૂ. પંડિતજી જેવા સંત પુરુષને આપણા અમલી કાર્યથી જવાબ દેવો છે કે 'તમારૂં વચન સમજુ માણસને કાને પડ્યું છે. એ વચનો નિરર્થક નથી ગયાં' આપણી ચીજો અને જરૂરિયાતોને ઓળખતા થઇશું તો જરૂર તે બનાવવા પ્રવૃત્તિ આદરીશું માટે સ્થિર ચિત્તે વિચાર કરીને આ નીચે આપેલા પત્રકને તમને અનુકૂળ કોઇ રૂપમાં ગોઠવો અને તમારી નોંધ તૈયાર કરો. બે મહિના પછી ફરી તપાસી જજો કે તમે તમારી ટેવો ઉપર કાબુ મેળવીને હિંદની ગરીબ પ્રજાની સમૃદ્ધિ વધારવામાં તમારા પોતાના ક્ષેત્રમાં કેટલો ફાળો આપ્યો છે. તમે આપેલા એ ફાળાની વાત નિરાભિમાન ભાવે મિત્રોને કહેજો ને તેમને તેમ કરવા પ્રેરણા આપજો. આ રીતે જ પૂ. પંડિતજી તરફથી આવેલા સંદેશનો યોગ્ય જવાબ આપણે આપી શકીશું"

એમ ન ધારો

એમ ન ધારો કે તમારામાં કાંઇ વિસાત નથી; તમારામાં કાંઇ દમ નથી; તમે માલ વગરના છો.

એમ પણ ન ધારો કે હુંજ પૂર્ણ છું. મારામાં જ બધી તાકાત છે. મારામાં જ ખરો માલ છે.

પણ એમ ધારો કે મારામાં પણ કંઇક છે. હું માણસ છું. જે છે તેને હું કેળવી શકું છું. હું વિસાતમાં આવવા માગું છું. હું દમ વિનાનો થવા નથી માગતો. મારી પણ ગણત્રી થવી જોઇએ.

અને જ્યારે તમે અતિ નમ્ર નહિ હો, એટલેકે નિષ્પ્રાણ નહિ હો, અને જ્યારે તમે મિથ્યાભિમાની નહિ હો ત્યારે જ તમે કંઇક હશો. —ગિજુભાઇ

ઇંગ્લંડને પગલે · રાષ્ટ્રીય તપશ્ચર્યા · એક યોજના · વ્યવહારૂ ઉન્નતિ

રાષ્ટ્રીય તપશ્ચર્યાનું પત્રક

(આમાં ઘટતા ફેરફારો તથા સુધારા કરી શકાય. કોઇ પણ વાચક તરફથી આ વિષયને લગતી વ્યવહારૂ યોજનાઓ કે વિચારો મળશે તેનો ભાવપૂર્વક આદર કરીશું.)

ઘરમાં વપરાતી ચીજો	ઘર બહાર દુકાન, ઑફિસ, શાળા કે કારખાનામાં વપરાતી ચીજો	હિંદમાં બનેલી ચીજો: તે ગામડાની કે શહેરની ?	પરદેશમાં બનેલી ચીજો: કયા દેશમાં બનેલી ?	વપરાશનું પ્રયોજન	કઈ ચીજોનો ત્યાગ થઈ શકે; અથવા તે બાબતમાં ઓછાશ કરી, પરદેશીને બદલે દેશીમાં ફેરફાર થઈ શકે.	કઈ ચીજો બંધ કરી ? તેને બદલે હિંદની કઈ ચીજો દાખલ કરી ?	દાખલ કરી તે હિંદી કારખાનાની છે કે ગૃહઉદ્યોગની ?	નાછૂટકે પરદેશી ચીજ લેવી પડે તો કયા દેશની ? શા માટે ?

■ વ્યવહારૂ ઉન્નતિના પ્રયાસો ચાલુ રાખવાનું સિદ્ધ કરવા ઉપરાંત દરેક જાગૃત યુવાન કે વિદ્યાર્થી અથવા કુમારિકા કે યુવતીનો ધર્મ રાષ્ટ્રની મનોદશા સુધારવા પાછળ દિવસની ઘડીએ ઘડી મથ્યા કરવાનો છે. આપણા કેટલા યે કુરિવાજો, વહેમો ને કુટેવો આપણી પ્રગતિની આડે આવ્યાં જ કરે છે અને નાહક શક્તિ સમય અને ધનની ખરાબી કરી રહ્યા છે. તેની સામે મોરચો માંડી રહેલી સંસ્થાઓ, વિચારકો ને કામ કરનારાઓ પ્રત્યે સક્રિય તેમજ બને તેટલી સહાનુભૂતિ બતાવી તેમના બળમાં વધારો કરી પોતાનો ફાળો દેશની ઉન્નતિનાં કાર્યોમાં આપ્યાં જ કરવો જોઇએ. શા માટે લગ્નોમાં મોંઘી પરદેશી સાડીઓ પહેરી ઠાઠ બતાવવો ? શા માટે ભારે પડતા વરાઓ નિભાવી રાખવા ? શા માટે વૈધવ્યના સંતાપને સમાજની સંમતિ મળે ? શા માટે બાળલગ્નોમાં સમજુ જનો સહાયક બને ? શા માટે કૉલેજિયનો ખોટી ફેશન અને દેખાવના ભોગ બને ? શા માટે ગરીબ ગામડિયાનો તિરસ્કાર કરવામાં આવે ? શા માટે અજ્ઞાન અને ભોટ પ્રજા ખોટા ડાકટરો અને દંભી ઉપદેશકોના ભોગ બને ? શા માટે લાંચ રૂશ્વત પ્રચાર પામે ? આ બધા યે રોગોનાં નિવારણ કરવા મથતું માનસ તમારામાં કેળવો અને ધીરેધીરે તમારામાં કાર્ય કરવાની દૈવી શક્તિ અને ઉત્સાહ પ્રકટતાં તમે અનુભવી શકશો.

નાઽયમાત્મા બલહીનેન લભ્યઃ ।

આપણી સમૃદ્ધિ

હિંદ એટલે પૃથ્વીના પટ ઉપર અજોડ રિદ્ધિસિદ્ધિથી ભરેલો અલૌકિક દેશ;—જ્યાં હિમાલય, અરવલ્લી, વિંધ્યાચળ, સહ્યાદ્રિ સમા અઢારેભાર વનસ્પતિ અને ઔષધિઓથી ભરેલા પર્વતો યોદ્ધા સમા ખડા છે; જેના ઉદરમાં રત્નો, સુવર્ણ ને અનેક પ્રકારની ધાતુઓ અને વિવિધ જાતના ક્ષાર ભર્યા છે; જ્યાં ત્રણે ઋતુઓ નિયમિત આવે છે, અને ઉનાળે, શિયાળે તેમજ વર્ષાઋતુમાં તે તે ઋતુનાં વિશિષ્ટ ફળફૂલો ઉત્પન્ન થાય છે; જ્યાંની જમીન એવી રસકસથી ભરેલી છે કે આખા દેશમાં ધનધાન્યના ભંડારો ઊભરાય. દરેક જાતની અનુકૂળ આબોહવા જો કોઇને મળતી હોય તો આખી પૃથ્વીભરના દેશો પૈકી માત્ર આપણા દેશને જ મળે છે.

ખેતીની પેદાશમાં અનાજ, તેલીબીઆં, ઓષધિ, કેફી પદાર્થો અને કપાસ વગેરે તો હિંદમાં મોટા જથ્થામાં પાકે છે. ચોખા તો એટલા બધા થાય છે, કે દુનિયામાં હિંદ તેમાં પહેલે નંબરે આવે છે;—એટલેકે જગતના ચોખાની કુલ ઉત્પન્નના ૪૦ ટકા જેટલો જથ્થો ફક્ત હિંદમાં પાકે છે. ઘઉંની ઉત્પત્તિમાં હિંદ ત્રીજે નંબરે આવે છે, તેમ રૂની નિકાસમાં પણ હિંદનો નંબર ત્રીજો છે.


વળી અર્વાચીન ઉદ્યોગવાદની ખીલવણીના ખજાનારૂપ કાચો માલ પણ કુદરતે હિંદને મોકળે હાથે આપ્યો છે. કોલસો, સોનું, જસત, મૅંગેનીઝ, ક્રોમાઇટ, કલાઇ, અબરખ, ગ્રેફાઇટ, પેટ્રોલિયમ, ચાંદી અને વિવિધ ક્ષારો હિંદના ઉદરમાં ભર્યાં છે. ૨૨૦ લાખ ટન કોલસો દરેક વર્ષે હિંદની ખાણોમાંથી નીકળેછે,—જે જથ્થો હિંદની જરૂરિયાત કરતાં પણ વધારે છે. વળી ઘણા લાંબા સમય સુધી ચાલે તેટલું લોઢું પણ હિંદની ભૂમિમાંથી મળે તેમ છે.

અર્વાચીન ઉદ્યોગવાદનાં બે મુખ્ય અંગ કોલસો અને લોઢું—જેને લીધે આજે ગુજરાતના કરતાં પણ નાનકડા પ્રદેશવાળા બ્રિટને પૃથ્વી પર મહાન સામ્રાજ્ય સ્થાપ્યું છે તે વસ્તુ—આપણી ભૂમિમાં છે, તો પછી કયે હિંદી પોતાની જન્મભૂમિને નિર્ધન માની શકશે ? સન ૧૯૧૮માં નીમાએલા ઔદ્યોગિક કમિશને તો તે સંબંધમાં કહ્યું છે કે: 'હિંદમાં થતા કાચા માલનો જથ્થો કોઇપણ ઉદ્યોગ ચલાવવાને માટે પૂરતો છે.' એક અનુભવી અને અર્થવિશારદ ભૂસ્તરશાસ્ત્રીએ પણ કહ્યું છે કે 'ઉન્નતિને વરેલી પ્રજાની જરૂરિયાતોને પહોંચી વળે તેટલી કાચા માલની ખાણો હિંદના વિસ્તારમાં છે.'

યાંત્રિક શક્તિની બાબતમાં વિચારીએ તો તેમાં પણ પોતે ગર્વથી માથું ઊંચું રાખી શકે તેટલાં સાધનો હિંદ ધરાવે છે. આપણા દેશમાં જેટલો વરસાદ અને બરફ પડે છે, તે ઉપરથી એવો અંદાજ કાઢી શકાય છે કે હિંદમાં જે સમયે ઉદ્યોગવાદ ખીલે તે સમયે વર્ષે દિવસે જેટલી વિદ્યુતશક્તિ જોઇએ, (લગભગ એક કરોડ કીલોવૉટ પાવર) તેના કરતાં કેટલા યે ગણી વિશેષ શક્તિ હિંદમાં ઉત્પન્ન થાય તેમ છે. (પ્રતાપ)

ચૌદપંદર વર્ષના એક નિર્ધન પણ અતિ હોશિયાર વિદ્યાર્થીને કલકત્તા હેર સ્કૂલમાં ૧૮૪૮માં શિષ્યવૃત્તિ મળી. તેને જ્ઞાન તથા સત્યની અનહદ તૃષા લાગી હતી. વૈજ્ઞાનિક પુસ્તકો મળતાં તેટલાં તે વાંચી જતો. એક દહાડો 'સૃષ્ટિમાં પ્રવાસ' નામના મિલ્નરના પુસ્તકમાં તેણે સર વિલિયમ હર્શલની શોધનું વર્ણન વાંચ્યું કે 'આકાશમાં સૂર્ય કોઇ સ્થિર પદાર્થ નથી, પણ આખું સૂર્ય-મંડળ તેના ગ્રહ તથા ઉપગ્રહ જોડે ગતિ કરી રહ્યું છે અને તે કદાચ કોઈ અન્ય મોટા સૂર્યની આસપાસ પ્રદક્ષિણા ફરે છે.' આ વાંચતાવેંત જ આ નાનો બાળક પોતાનો અભ્યાસ છોડી રાતના બબ્બે વાગ્યા સુધી ખુલ્લા મેદાનમાં ઊભો રહી આકાશનું નિરીક્ષણ કરતો. આ સમયથી જ કુદરતની અદ્ભુતતા ને સૃષ્ટિના અટલ નિયમો જાણવાની તેના દિલમાં ધગશ જાગી. એ ધગશ ક્ષણજીવી લાગણીનો ઊભરો માત્ર જ નહોતો, પણ તેના ૭૧ વર્ષના આખા આયુષ્ય દરમ્યાન તે એવી જ સતેજ રહી. એ લાગણીને પ્રતાપે જ તેણે પોતાના દેશબાંધવોને વિજ્ઞાનની અગત્ય સમજાવવામાં પોતાનું જીવન ખર્પણ કર્યું. ઉન્નતિને પંથે દોરનાર તથા નવસર્જન રચનાર વિષય વિજ્ઞાન જ છે કે હિંદના પુનર્વિધાનની કોઇપણ રચનામાં આ વિષયને અગત્યનું સ્થાન આપવું જ પડશે એવી તેની ખાત્રી થઇ હતી; એટલે આવા કંગાલ ને દુઃખી દેશને વૈજ્ઞાનિક અભ્યાસની જોઇતી અનુકૂળતા કરી આપવાના! ઉમદા હેતુ માટે પોતે જીવનસમર્પણ કર્યું. આ મહાન નરરત્ન તે બંગાળના ડૉ. મહેન્દ્રલાલ સરકાર, એમ ડી., સી.આઇ.ઇ., ડી.એલ.





ડૉ. મહેન્દ્રલાલ સરકાર

હાઉરા પરગણામાં આવેલા વૈકપુરા નામના ગામડામાં ડૉ મહેન્દ્રલાલ સરકારનો જન્મ થયેલો. આ ગામ એટલું નાનું તથા પછાત છે કે તે કયાં આવ્યું તે પણ કોઇ ભાગ્યે જ જાણતું હશે. ડૉ. સરકારનાં માતપિતા વિષે પણ ઘણી જૂજ માહિતી મળી આવી છે. પોતે ખેડૂત કુટુંબના છે એટલું જ જાણ્યામાં છે. બાકી ડૉ. સરકારે જિંદગીમાં અસંખ્ય વાર આપેલાં પોતાનાં વ્યાખ્યાનોમાં કે લેખોમાં કયાં યે એ વિષે ઇશારો સરખો પણ કર્યો નથી. વૃદ્ધાવસ્થામાં જ્યારે પોતે મોટી-મોટી સંસ્થાઓ સ્થાપતા તેમજ શિષ્યવૃત્તિઓ કે અધ્યાપકપદ ઉઘાડતા હતા ત્યારે પણ પોતે માતાપિતાનું નામ તેની સાથે જોડવાની કદી ઇચ્છા દર્શાવી નથી. કદાચ બાળપણમાં માતાપિતા ગુજરી ગએલાં તેથી એ વિષે તેમને કંઇ સાંભરતું નહિ હોય. તપાસ કરતાં થોડીક માહિતી મળી છે. પિતા માતા કરતાં બેત્રણ વર્ષ ઉમરે મોટા હતા. ડૉ. મહેન્દ્રલાલ આ દંપતીનું પહેલું જ સંતાન હતા. એમના જન્મ વેળા માતાની વય ૨૪ વર્ષની હતી. બંગાળામાં બાળલગ્નનો રિવાજ પ્રબળ હોઈ સ્ત્રીઓને બહુ નાની ઉમરે સંતતિ થતી ત્યાં આટલી યુવાન વયે આ બાળકનો જન્મ થયો તે કંઇક નવાઇની વાત ગણાય.

ડૉ. મહેન્દ્રલાલનો જન્મ ૧૮૩૩ના નવેમ્બરની બીજી તારીખે થયો. પાંચ વર્ષની ઉમરે પિ...

માતા સ્વર્ગે સંચરી. નવ વર્ષની ઉંમરે આ બાળક અનાથ થયો. પિતાની ઉત્તરક્રિયા પછી માતા જોડે પૈકપુરાથી કલકત્તે આવી નેબુતોલામાં મામાને ઘેર રહ્યો, અને માતાના મૃત્યુ પછી એ મામાને ત્યાં જ મોટો થયો. સમજણા થયા પછીનું બાળપણ આ સ્થળે ખૂબ આનંદમાં વીતાવેલું તેથી ડૉ. સરકાર આ સ્થળને ઘણી યે વાર સ્નેહથી સંભારતા.

પ્રાથમિક કેળવણી

યોગ્ય વયે પહોંચતાં આ નાના બાળકને આંક તથા બંગાળી લેખનવાચન શીખવા સારૂ એક ગામડી નિશાળના ગુરુ મહાશય પાસે મૂક્યો. ત્યાંથી જ તેણે પોતાની બુદ્ધિનો તેણે બંનથી ચમત્કાર બતાવ્યો અને અજબ ઝડપથી અભ્યાસમાં આગળ વધ્યો. આથી તેના વાલીઓ—મામા ઈત્યાદિ—ને તેનેઅંગ્રેજી કેળવણી અપાવવા મન થયું. અને અંગ્રેજી મૂળાક્ષરો શીખવવા સારૂ બાબુ ઠાકુરનાથ દેને વિનતિ કરી. એ સંજોગ કંઈક દૈવી હોય તેમ જણાય છે. આવી કુમળી વય કે જે વેળા બાળકના મન પર ધાર્યા સંસ્કાર નાખી શકાય તે સમયે આવા અસાધારણ પુરુષનો સંયોગ મળ્યો એ નવાઈ જેવું છે. એ પુરુષે આ શિષ્યના હૃદય પર સજ્જડ છાપ પાડી. ડૉ. સરકારના લેખો તથા વ્યાખ્યાનોમાં આ મહાન પુરુષનો વારંવાર ઉલ્લેખ કરવામાં આવતો. થોડુંક અંગ્રેજી ભણી મોટા બનવાનો ડોળ કરી જાંગલા બની ગએલા તે સમયના કેટલાક દંભી સ્વાર્થી લોક જેવા આ પુરુષ નહોતા. તે તો ઉન્નત આત્મા હતા. એમણે પોતાથી બને તેટલું ધ્યાન આપી પવાય તેટલું જ્ઞાન નાના મહેન્દ્રને પાવા માંડ્યું. એ શિષ્ય માટે એમને કંઇક કુદરતી રીતે જ એવી શ્રદ્ધા બેસી ગઇ કે જાણે પોતાના જીવનભરના શ્રમનું ફળ એ પાર પાડશે એમ લાગતું અને એ બાળકમાં ખીલતા સદ્‌ગુણ પોતાની વૃદ્ધાવસ્થાનું સંચિત ધન હોય તેમ જોતા.

હેર સ્કુલમાં

નાના મહેન્દ્રને આ શિક્ષકનો સમાગમ માંડ વર્ષેક દિવસ રહ્યો હશે ત્યાં એકાએક મામાની આર્થિક સ્થિતિ ખરાબ થઇ. મોટા મામા સરકારી નોકરીમાં પ્રવાસી મુદ્રક તરીકે જોડાયા ને કલકત્તા બહાર રહેવા ગયા. એ વેળા કલકત્તામાં ડેવિડ હેરની નિશાળ લોકપ્રિય સંસ્થા ગણાતી. તે દાનેશ્વરી પુરુષ વિદ્યાર્થીઓને મફત દાખલ કરતા. નાના મામા મહેશચંદ્ર ઘોષના પ્રયાસથી મહેન્દ્ર આ નિશાળમાં દાખલ થયો. મહેન્દ્રલાલના કૃતજ્ઞ અંતઃકરણ પર ડેવિડ હેરના પણ સજ્જડ સંસ્કાર પડ્યા. તેને તો મહેન્દ્રલાલ બંગાળાની કેળવણીના પિતા કહેતા. પોતાના પર પડેલા સંસ્કારનું ઋણ વાળવા તેમણે 'વિજ્ઞાન વિકાસ મંડળ'માં તેમના નામનું એક અધ્યાપક-સ્થાન સ્થાપી તેમનું નામ અમર કર્યું છે. ઈ.સ. ૧૮૪૨માં ડેવિડ હેર મૃત્યુ પામ્યા. તે પછી મહેન્દ્રલાલ પણ માંદા પડ્યા અને અભ્યાસમાં વિક્ષેપ આવ્યો. એ વેળાના તે સંસ્થાના મુખ્ય શિક્ષક ઉમાચરણ મિત્રની સહાયથી પાછા તેમાં દાખલ થયા અને ૧૮૪૯માં અભ્યાસમાં શિષ્યવૃત્તિ મેળવી હિંદુ કૉલેજમાં જોડાયા.

હિન્દુ કૉલેજમાં

હિંદુ કૉલેજનો વડો તથા ગણિતનો અધ્યાપક મિ. સુટલિફ કરીને એક અંગ્રેજ હતો. તે ઘણો ભલો તથા આનંદી સ્વભાવનો હતો. પોતાના સારા વિદ્યાર્થીઓ પ્રત્યે તો તે પિતાના જેટલો પ્રેમ રાખતો. શિષ્યોમાં કયો છોકરો વધુ બુદ્ધિશાળી છે તે ખોળી કાઢવાની તેનામાં અજબ શક્તિ હતી. પોતે સુસંસ્કારી હતો તથા પોતાના વિષય પર સારો કાબુ હતો. પારકાને પોતાના કરી લેવાની તેની આકર્ષણશક્તિથી તે એ સંસ્થાનો અતિ લોકપ્રિય પ્રિન્સિપાલ ગણાતો. મહેન્દ્રલાલ કૉલેજમાં દાખલ થયા અને વર્ગમાં ઊંચું સ્થાન રાખવા લાગ્યા કે તરત જ મિ. સુટલિફનું ચિત્ત તેમના પ્રત્યે આકર્ષાયું. મહેન્દ્રલાલને અંગ્રેજી સાહિત્ય તથા તત્ત્વજ્ઞાનનો શોખ હતો એથી મિ. જોન્સ નામના એક બીજા અધ્યાપકના પણ તે પ્રિય શિષ્ય બન્યા. અહીં અંગ્રેજી સાહિત્યનાં ઉત્તમ પુસ્તકો તથા યુરોપીય તત્ત્વચિંતકોનાં પ્રસિદ્ધ પુસ્તકો ખંત અને ઝીણવટથી તે વાંચી ગયા. વાંચનાર તો તે અતિ જબરા હતા, અને એ ટેવ જિંદગીભર તેમને રહેલી. તે હિંદુ કૉલેજમાં પોતે સામાન્ય વિદ્યાર્થી હતા તે વેળાથી જ તેમને લાગતું હતું કે કોઇ મહાન કાર્યને અર્થે જ જગતકર્તાએ તેમને જન્મ આપેલો છે. પોતે જીવનમાં પડ્યા ત્યારે પોતાના ધંધાનો તથા જાહેરસેવાના કામનો અસહ્ય બોજો માથે હોય છતાં ઇતિહાસ, સાહિત્ય તથા તત્ત્વજ્ઞાનના

વાચન માટે દરરોજ થોડોક નિયમિત વખત તો એ અચૂક કાઢતા અને પોતાના જ્ઞાનમાં વૃદ્ધિ કરતા કે જેથી વૈજ્ઞાનિક જેવું લાગણીશૂન્ય જીવન પોતાનું ન બની જાય. દુનિયાની સાહિત્ય વિષયક તથા વિજ્ઞાન વિષયક પ્રવૃત્તિઓથી પોતે જીવનભર માહિતગાર રહેતા. વિલાયતના દરેક મેઇલમાં ઇંગ્લંડ, ફ્રાન્સ, જર્મની તથા અમેરિકાનાં પ્રસિદ્ધ પુસ્તક પ્રકાશકોનાં સૂચિપત્ર તેમના પર આવેલાં જ હોય, અને તેમાંથી માત્ર પોતાને જ રસ પડે તેવાં નહિ પરંતુ જાહેર જીવનમાં ઉપયોગનાં હોય તેવાં પુસ્તકો પણ પોતે તરત જ મંગાવી લેતા. આ પુસ્તક ખરીદવાની ધારા એમના આખા જીવન દરમ્યાન અખંડ રહેલી; તે એવી કે તેમના પરલોકગમનની તિથિ પછી પણ વિલાયતના મેઈલમાં તેમના નામની ચોપડીઓનાં કેટલાંક પાર્સલ આવેલાં! ૧૯૧૯માં ડૉ. મહેન્દ્રલાલની જયંતી વેળા બોલતાં રાય બહાદુર ડૉ. ચુનીલાલ બોઝે કહેલું કે ડૉ. મહેન્દ્રલાલ કેવળ તેમના ધંધા તથા વિજ્ઞાનની વિવિધ શાખાઓમાં જ નહિ પરંતુ સામાન્ય સાહિત્યમાં પણ તે મોટા પંડિત હતા. તેમના સમકાલીનોમાં કોઇને ભાગ્યે જ એવડું મોટું ખાનગી પુસ્તકાલય હશે.

કૉલેજમાં છેલ્લા વર્ષમાં મહેન્દ્રે હક્સલિ તથા મિલનાં પુસ્તકોનો ખૂબ ધ્યાનપૂર્વક અભ્યાસ આદર્યો. આ વાચને એમના જીવનનું પરિવર્તન કર્યું. પણ એ વાચનથી જાગેલી તેમના આત્માની તૃષા તો વિજ્ઞાનના અભ્યાસના પાનથી જ છીપે તેવી હતી. સ્વાભાવિક જ બાળપણથી તેના મનનું વલણ એ પ્રકારનું હતું; એટલે અભ્યાસકાળમાં પણ વિશિષ્ટ સત્યની શોધ તે હમેશાં કરતા. તેથી જ ઉપલાં પુસ્તકોને તે કવિઓ તથા તત્ત્વચિંતકોના હવાઇ કિલ્લા કહેતા ને તેની ઊંડી અસર તેમના મન પર ન થઈ. કૉલેજમાં મળતી સામાન્ય નિર્જીવ કેળવણીથી તેમને સંતોષ ન થયો. હક્સલિ તથા મિલના સિદ્ધાન્તો સમજવા માટે ક્રિયાત્મક વિજ્ઞાનના અભ્યાસની જરૂર છે એમ તેમને લાગ્યા જ કર્યું અને વૈજ્ઞાનિક કેળવણીના દૈવી પાનની તૃષા તેમના ઝંખતા અંતઃકરણમાં દિનપર દિન તીવ્ર થતી ગઇ. આ મંથનકાળને સમયે ૧૮૫૪માં હિંદુ કૉલેજ 'કલકત્તા પ્રેસિડેન્સી કૉલેજ' બની અને મહેન્દ્રને શિષ્યવૃત્તિ મળી. પણ આથી તેની વિજ્ઞાન માટેની ધગશ મોળી ન પડી. તેણે તો જ્યાં પોતાનો પ્રિય વિષય સરસ શીખવાતો હોય તેવા સ્થાનની શોધ કરવા માંડી.

વિજ્ઞાનની અગત્યની શાખાઓમાં ક્રિયાત્મક પાઠ વિદ્યાર્થીઓને અપાતા હોય તેવું સ્થાન તે દહાડે 'કલકત્તા મેડિકલ કૉલેજ' હતી. મહેન્દ્રે ધાર્યું કે 'નહિ મામા કરતાં કે'ણો મામા શા ખોટા?' ડૂબતો માણસ તરણું પકડવા પ્રયત્ન કરે તેમ, વિજ્ઞાનના પાઠ શીખવાય છે એવું કહેનારી કોઈ પણ સંસ્થામાં કેળવણી લેવી એવી તેની ઝંખના હતી. પ્રેસિડેન્સી કૉલેજનો મુખ્ય હેતુ વિદ્યાર્થીઓને અંગ્રેજી ભાષા વાંચતાંલખતાં શીખવવાનો હતો. તેથી તેને છોડી દેવાનો પોતે મક્કમ નિશ્ચય કર્યો. પંદરપંદર વર્ષના અભ્યાસ પછી પણ અશુદ્ધ અંગ્રેજી બોલતાં લખતાં શીખવું એ કોઇ પણ હિંદીને નામોશી રૂપ છે એમ તેને લાગતું. પ્રિ. સુટલિફને સારૂ તેમને ઘણું માન તથા ભાવ હતો એટલે તે તો મહેન્દ્રની આ મૂર્ખાઇ જાણી ભડકી ઊઠ્યા. થોડાક ગુસ્સે પણ થયા. પણ આ આગ્રહી શિષ્યે પોતાની હઠ ન જ છોડી ત્યારે તે નિરાશ થયા. અંતે પ્રો. જોન્સે વચ્ચે પડી મહેન્દ્રને ૧૮૫૫માં 'મેડિકલ કૉલેજમાં' જોડાવા રજા અપાવી.

મેડિકલ કૉલેજમાં

આ કૉલેજની પ્રયોગશાળામાં મહેન્દ્રલાલની બુદ્ધિ ખીલવા લાગી. પોતાનું પ્યારૂં સ્થાન મળ્યું હોય તેટલો તેને આનંદ થયો. અને અવિરત શ્રમ તથા ઉત્સાહથી તેણે અભ્યાસ આરંભ્યો. એક પણ અપવાદ સિવાય બધા અધ્યાપકોનો તે પ્રિય વિદ્યાર્થી બન્યો. વનસ્પતિ વિદ્યામાં, શરીરશાસ્ત્રમાં, ઔષધવિદ્યામાં, શસ્ત્રક્રિયામાં તેમજ સુવાવડશાસ્ત્રમાં તેણે સઘળા ચાંદ, સઘળી શિષ્યવૃત્તિઓ ને સઘળાં ઇનામો એકલે હાથે પ્રાપ્ત કર્યાં. વૈદકના વિદ્યાર્થી તરીકે તેનું જીવન ઝળાહળતું હતું. પોતે બીજા વર્ષનો અભ્યાસ કરતા હતા તે વેળા એક અદ્‌ભુત પ્રસંગ બનેલો. તે ઉપરથી તેમની અતિ વિચક્ષણ તેજસ્વી બુદ્ધિ અને અભ્યાસપ્રિયતાનો તથા પાછલા જીવનમાં પોતે આટલા કીર્તિમંત કેમ થયા તેનો ખ્યાલ આવશે. એક દિવસ પોતાના કોઇ સગાને આંખના દર્દ માટે બહારના દર્દીઓ સારૂ રાખેલા કૉલેજના દવાખાનામાં તે લઇ ગએલા. આંખના રોગના અધ્યાપક ડૉ. આર્ચ [illegible]

ઓની પરીક્ષા આ દર્દીઓ બતાવીને કરતા હતા. આંખની રચના તથા દૃષ્ટિના નિયમ પર બહુ અઘરા સવાલો તે પૂછતા હતા. તેમાં આંખની રચના વિષેના કોઈ ખૂણા-ખાંચરા જેવી બાબત પરના એક પ્રશ્નનો ઉત્તર એક વિદ્યાર્થી આપી ન શક્યો. બન્યું એવું કે એ વેળા મહેન્દ્ર પેલા સગા માટે કૉમ્પાઉન્ડર પાસેથી દવા લેતા હતા. તેણે દૂર ઊભાઊભા આ પ્રશ્ન સાંભળ્યો અને જરા ઊંચે સાદે ઉત્તર બોલી ગયા. ડૉ. આર્ચરે પૂછ્યું, 'એ માણસ કોણ છે?' કોઇએ ઉત્તર દીધો, 'એ તો પેલો બીજા વર્ષનો વિદ્યાર્થી મહેન્દ્રલાલ સરકાર.' અધ્યાપકને ભારે આશ્ચર્ય થયું કે આ બીજા વર્ષનો વિદ્યાર્થી મારા છેલ્લા વર્ષના વિદ્યાર્થીને પૂછેલા આટલા અઘરા પ્રશ્નનો ઉત્તર આજથી આપી શકે છે! તેમણે તરત તેને બોલાવી મંગાવ્યો, અને કસોટી કરવા માટે અતિ અઘરા અને ભાગ્યે જ સમજમાં ઊતરે તેવા પ્રશ્નોની ઝડી વરસાવી. પણ મહેન્દ્રે એકેએક પ્રશ્નનો સંતોષકારક ઉત્તર આપ્યો. તે દિવસથી ડૉ. આર્ચરનો પણ પ્રિય બન્યો અને આ વિષયમાં ઊંડા અભ્યાસ સારૂ દરરોજ હાજરી આપવા તેને કહ્યું. ત્યાર બાદ ઉપલા વર્ગના વિદ્યાર્થીઓની વિનતિથી તથા પ્રિન્સિપાલ અને અધ્યાપકોની રજાથી મહેન્દ્રલાલે પોતે આંખની રચના તથા પ્રકાશના સાહિત્યના વિષય પર વ્યાખ્યાનમાળા ગોઠવી અને ઘણાં અસરકારક ભાષણો આપ્યાં.

મેડિકલ કૉલેજમાં છ વર્ષ ગાળીને મહેન્દ્રલાલ ૧૮૬૦માં એલ. એમ. ઍન્ડ એસ.ની પરીક્ષામાં પાસ થયા. 'મેડિકલ જ્યુરિસપ્રુડન્સ'—તબીબી ન્યાય—ના પ્રશ્નપત્રમાં એક સવાલ એવો હતો કે 'મનુષ્યના મૃત્યુ માટે ઓછામાં ઓછું કેટલું સોમલ જોઇએ?' તેના ઉત્તરમાં તેમણે લખેલું કે પુસ્તકોમાં એક ગ્રેન સોમલથી મૃત્યુ થાય છે એમ લખ્યું છે તે જૂઠું છે. કેટલાક માણસોને તેટલું સોમલ લેવાની ટેવ હોય છે છતાં તેમને કશું થતું નથી. પરીક્ષકે તેમની આ ભૂલ ગણી. મહેન્દ્રલાલે આ વિષય પર વજનદાર ગણાતા માણસોના જે છેલ્લા લેખ વાંચ્યા હતા તે પેલા પરીક્ષકે વાંચ્યા નહોતા, તેથી તેના માર્ક–ગુણ ઓછા મૂક્યા, અને એટલા જ માટે એ વિષયનો સોનાનો ચાંદ મહેન્દ્રને ન મળ્યો!

ડૉ મહેન્દ્રલાલ સરકારે આગળ અભ્યાસ કરી એમ. ડી. ની ઉપાધિ પણ પ્રાપ્ત કરી. તેથી તબીબી ધંધામાં તેઓ એક આગળપડતી વ્યક્તિ લેખાવા લાગ્યા. નવા ધંધાદારીને શરૂઆતમાં પોતાનો માર્ગ કાઢતાં જે મુસીબત વેઠવી પડે છે તેવી તેમને બહુ જ થોડો વખત વેઠવી પડી અને ટૂંક જ મુદતમાં મહેન્દ્રલાલ અતિ લોકપ્રિય તથા પ્રસિદ્ધ દાક્તર ગણાવા લાગ્યા.

વાંછા

• મંદાક્રાંતા •

ના! ના મારે કળશ બનવું મુક્તિના મંદિરે, વા
વ્યોમે તેની નિત ફરકતી પ્રેમ કેરી પતાકા,
વાંછા ઉરે કદી ન બનવું દીવડો ત્યાં અખંડ,
વા ના મારે ફૂલડું બનવું ફોરવા ત્યાં સુગંધ.

કાળાન્તે યે કળશ ઝગકે મુક્તિના મંદિરે એ,
તેની નિત્યે અવિચળ રહે વ્યોમચુંબી પતાકા,
તેજે નિત્યે ઝળહળી રહે દીવડા ત્યાં અખંડ,
ને મંદિરે પમરતી રહે પુષ્પ કેરી સુગંધ,—

એ કાજે છે અચળ બનવું એક પાષાણ માત્ર,
મુક્તિના એ ગગનવીંધતા ભવ્ય મંદિર કેરા.

પ્રહ્લાદ પારેખ

તબીબી મંડળ

એ સમયે ડૉ. ચક્રવર્તીના અથાગ પ્રયત્નથી કલકત્તામાં બ્રિટિશ મેડિકલ એસોસીએશન—બ્રિટિશ તબીબી મંડળ—ની બંગાળાની શાખા ખોલવામાં આવી હતી. ૧૮૬૩ના મેની ૨૭મી તારીખે ડૉ. ચક્રવર્તીને ઘેર એ મંડળની સભા ભરાએલી તેમાં ડૉ. મહેન્દ્રલાલે એક ઘણું જ અસરકારક વ્યાખ્યાન આપ્યું. તેમાં તેમણે હોમિયોપથી—સામ્યોપચાર વૈદક પદ્ધતિ—ને ઘણા સખત શબ્દોમાં તિરસ્કારી કાઢી. આ વ્યાખ્યાન સૌએ અતિ આદરમાનથી સાંભળ્યું. તરત જ તે મંડળના માનદ મંત્રી તરીકે તેમની ચૂંટણી થઇ અને ૧૮૬૬માં એ મંડળના તો તેઓ ઉપપ્રમુખ બન્યા.

મહાન ભોગ

અત્યારે ડૉ. મહેન્દ્રલાલનું વય ૩૦ વર્ષનું હતું. તબીબી પાઠશાળામાં, કલકત્તા વિદ્યાપીઠમાં તથા દાક્તરી ધંધામાં તેમણે ઊંચું નામ કાઢ્યું હતું. તેમનો ધંધો પણ બહુ મોટા પાયા પર ચાલવા લાગ્યો. તેઓ એટલા બધા લોકપ્રિય દાક્તર થઇ ગયા કે કલકત્તામાં તેમનું નામ એક ઘરગથુ શબ્દ જેવું થઇ પડયું. પરંતુ નામના એ કાંઇ એમના જીવનનું ધ્યેય નહોતું. સૃષ્ટિનાં ઊંડાં સત્ય જે ગુપ્ત પડદા નીચે છુપાએલાં પડયાં હોય તે પડદાને ચીરી નાખવો એ વિજ્ઞાનનો ખરો હેતુ છે અને એવા વિજ્ઞાનને માટે જ ધગશ એટલે સત્ય માટેની સાચી તૃષાનું જ તેમનામાં પ્રાબલ્ય હતું. ડૉ. મહેન્દ્રલાલે સંપૂર્ણ ભક્તિથી પોતાના જીવનના આ ધ્યેયનું અનુસરણ કર્યું છે તથા સત્ય અને વિજ્ઞાનની વેદી પર પોતાની જિંદગી સમર્પણ કરી છે. એવા સમર્પણનો એમના જીવનનો પહેલો બનાવ આ વર્ષે બન્યો.

પોતે હોમિયોપથી–સામ્યોપચાર વૈદક પદ્ધતિ–ને તબીબી મંડળમાં આપેલા વ્યાખ્યાનમાં ધિક્કારી કાઢી હતી એ વેળા જે સિદ્ધાંતો પર ચિકિત્સાની તે પદ્ધતિ રચાઈ છે તે પોતે બીલકુલ જાણતા નહિ.

આ પછી એક એવો બનાવ બન્યો કે જેથી તેમની કારકિર્દી તથા જીવનનું આખું વ્હેણ જ બદલાઇ ગયું. એક દહાડો એક મિત્રે મૉરગનનું રચેલા 'હોમિયોપથીનું તત્ત્વજ્ઞાન' નામના પુસ્તકની એક નકલ તેમને વિવેચન લખી મોકલવા સારૂ આપી. ડૉ. મહેન્દ્રે અતિ ઉત્સાહથી તે લીધી, કેમકે એ પદ્ધતિના વૈદકનો પોતાને વધુ સ્પષ્ટ ખ્યાલ આવે તો પોતે સપ્રમાણ વૈજ્ઞાનિક રીતે દલીલો આપી તેને બરાબર તોડી પાડે. જેમજેમ તે પુસ્તક વાંચવા માંડયું તેમતેમ ઊલટી મૉરગનની દલીલની અસર તેમના પર થઇ ગઇ. સત્યને ખાતર કરેલી જોરદાર માગણી અને તે પરથી દોરવામાં આવેલું છેવટનું પરિણામ વાંચી ડૉ. મહેન્દ્રલાલ તો મંત્રમુગ્ધ બની ગયા. એકદમ હોમિયોપથીની સંપૂર્ણ ચિકિત્સા તથા પદ્ધતિનું પૂરૂં જ્ઞાન મેળવવા પોતે અડગ નિશ્ચય કર્યો. એ વિદ્યા પરનાં બજારમાં મળતાં બધાં જ પુસ્તક ખરીદ્યાં અને લંડન તથા ન્યૂ યૉર્કથી પણ આ વિષય પરનાં ભિન્નભિન્ન પુસ્તકોનો પ્રવાહ પોતાના વાચનાલયમાં આણવા માંડ્યો. એ બધું પોતે સંપૂર્ણ ધ્યાનથી તથા કાળજીપૂર્વક વાંચવા માંડયું અને એ સિદ્ધાંતો પૂરા સમજી તે પુસ્તકોમાં પોતે જે જે વાંચ્યું હતું તેની સત્યતા સિદ્ધ કરવા મનમાં સંકલ્પ કર્યો. કલકત્તાના લક્ષાધિપતિ ડૉ. રાજેન્દ્રલાલ દત્ત બંગાળામાં હોમિયોપથીના પ્રથમ જ પ્રચારક હતા. તેમને આ 'ઍલોપથી'ના પ્રખ્યાત દાક્તરને પોતાના પંથમાં ભળવાનો પ્રસંગ જાણી ખૂબ આનંદ થયો. પોતાની પ્રિય પદ્ધતિ સમજાવવા તેમણે મહેન્દ્રબાબુ પાસે આવવા માંડયું. પણ સમજાવવાની અગત્ય તો રહી જ નહોતી. મહેન્દ્રબાબુને ગળે તો કયારની વાત ઊતરી ગઇ હતી. હવે તો માત્ર થોડા 'ટેસ્ટ કેસ'—પરીક્ષા કરવા દર્દી જોઇતા હતા. અને જ્યારે દેખીતી રીતે અસાધ્ય રોગના દર્દીઓ પર હોમિયોપથીની પ્રમાણસરની સારવારની જાદુઈ અસર થતી પોતે જોઇ કે તરત જ ડૉ. હાનમાનના હોમિયોપથીના સિદ્ધાંતના પોતે અનુયાયી છે એવું વગર થોભ્યે ડૉ. મહેન્દ્રલાલે જાહેર કર્યું.


આ આત્મઘાતી માર્ગ પરથી પાછા વાળવા ડૉ. ફ્રેયરે તેમને ઘણુંઘણું સમજાવ્યા. પણ એમના ગુરુ તથા શુભેચ્છક ડૉ. ફ્રેયર જેવી મહાન વ્યક્તિનાં પણ બધાં વેણ એમની સત્યની ધગશ પાસે નિરર્થક ગયાં. ૧૮૬૭ના ફેબ્રુઆરી માસની તબીબી મંડળની વાર્ષિક સભામાં 'વૈદકીય વિજ્ઞાનમાં કલ્પિત અચોક્કસના અને રોગ તથા તેની ચિકિત્સા વચ્ચેનો સંબંધ' એ વિષય પર એમને વ્યાખ્યાન આપ્યું અને તેમાં પોતાને હોમિયોપથી પર સંપૂર્ણ શ્રદ્ધા છે એવું નીડરતાથી જાહેર કર્યું. આ વ્યાખ્યાનને અંતે જે ધાંધલ તથા દેખાવ થઇ રહ્યો હતો તેનું વર્ણન કરવા કરતાં કલ્પના જ કરી લેવી સહેલ છે. આવા ડાહ્યા માણસોની સભામાં પણ અવર્ણનીય શોરબકોર તથા અસાધારણ ગડબડાટ મચી રહ્યા. 'ઍલોપથી' પર જ્યારે તેમણે પ્રહાર કરવા માંડયા ત્યારે તો એકઠા થએલા સભ્યોએ આ તેમના ઉપપ્રમુખને ઊંચકી બહાર ફેંકી દેવાનો જ પ્રયત્ન કર્યો. સમજ્યા વગર આ 'ઍલોપથી'ના ચેલાઓએ ડૉ. મહેન્દ્રને મંડળમાંથી બહિષ્કૃત કર્યા. અને હોમિયોપથી પ્રમાણે આ કામ કરનારાને તેમણે ઊંટવૈદ્યનું વિશેષણ લગાડયું.

ચાલુ]

રેવાશંકર ઓ. સોમપુરા




શૃંખલાભંજન
નામના શ્રી રસિકલાલ પરીખના ચિત્રનો એક ભાગ



કમળ

ફોટો : પ્રોફેસર ડૉ. ઍડૉલ્ફ વૅગનર

દાતરડીનો ડાઘ . .



. . . . સૂવરના શિકારની વાર્તા

પોષ માસના અંતિમ દિવસોની વાત છે. મગરના શિકારને માટે યમુનાના તટ ઉપર ગયો હતો. તટ ઉપરથી પડાવ એક માઇલ દૂર બીડમાં હતો. પડાવથી આઠ માઇલ દૂર કલાકોની તપશ્ચર્યા પછી બે મગર માર્યા. ચામડું ઉતારતાં વાર થઇ એટલે ઝડપથી પડાવે પહોંચવા સારૂ ધોરી રસ્તો છોડી ખાડાખૈયામાં થઇને અમે ચાલ્યા. બેત્રણ માઇલ ચાલ્યા હોઈશું ત્યાં તો સંધ્યાકાળના રાતા સૂર્યે ક્ષિતિજમાં પોતાનું મુખ ઢાંકી દીધું અને રાત્રિની દાસી ગોધૂલિએ પ્રકૃતિને પોતાની સ્વામિનીના આગમનની ખબર આપી. ચારે બાજુએ સમ્રાજ્ઞી રાતનાં દુંદુભિ વાગવા લાગ્યાં. દિનચર આમ-તેમ દોડતાં હતાં. પ્રકાશની સત્તા પલટાઇ ગઈ હતી; પણ રાત્રિરાણીએ હજી શ્યામ અંચળો ઓઢ્યો નહોતો. સૂર્ય ડૂબી ગયો હતો પણ જોવા પૂરતું અજવાળું હતું. નીલ ગાયનાં ઝૂંડનાં ઝૂંડ ચરવાને માટે આવતાં હતાં. સસલાં અમારા પગરવથી ચમકીને નાસતાં અને પાછાં ઊભાં રહી જતાં. તીતર ઝાડીઓમાં જતાં રહ્યાં હતાં. ઠંડી વધતી જતી હતી. ચાર કારતૂસ ભરેલી રાઈફલ લઇ હું સૈનિક-વેષમાં ઉતાવળે ચાલતો હતો. શિકારનો કંઇ જ ખ્યાલ નહોતો એટલે છુપાઇને દબાતે પગલે નહિ, પણ વેગ ભર ચાલ્યો જતો હતો. હું તો ચાહતો કે અહીંથી ઊડું અને પડાવ ઉપર જઇને રાઇફલને સાફ કરી મગરના ચામડામાં નમક લગાવીને, દસબાર રોટલી પેટમાં પધરાવી દઉં. પણ કલ્પનાની પાંખો શરીરને થોડી જ લાગે છે! ભૂખ ને થાકને લીધે વાત કરવાની પણ ઇચ્છા થતી નહોતી. ચમાર ચામડું ઉપાડીને પાછળ આવતો હતો. પાછો વળીને હું વારંવાર તેની તરફ જોતો એટલે મારા મનનો વિચાર તે જાણી ગએલો. પણ શું કરે? આમ પણ એ મારી સાથે નહોતો ચાલી શકતો અને અત્યારે તો બોજો ઉપાડ્યો હતો! થોડે દૂર આગળ ગયા ત્યાં એક ટેકરો આવ્યો. તેની નીચે મેદાન હતું. એક બાજુએ કેટલાંક ખેતર હતાં. ચમારે કહ્યું: 'પંડિજી, ઇખકો ખેતુ એ. ખાઉ તો બાલંગ હૈ કૈ નિકચ્ચલો. એકાદુ તોલ્લીઓ.'

હું બોલ્યો: 'ઠીક કહ્યું. બેએક ખેતરવાનું ચક્કર પડશે. ભૂખથી તો દમ નીકળી જાય છે. ચાલો, પૂર્વ દિશાથી જવાનું ઠીક પડશે.'

અમે નીચે ઊતર્યા. સરસવના છોડવા ઝૂકીઝૂકીને જાણે કુર્નિશ બજાવી રહ્યા હતા. ખેતરને પાર કર્યું ત્યાં એક નાળું દેખાયું. નાળાથી બેત્રણ ફર્લાંગ પૂર્વે એક ખેતર હતું. મેદાનની કટિમેખલા જેવું એ નાળું પૂર્વથી પશ્ચિમ વાંકુંચૂંકું વહેતું હતું. નાળા પાસે પહોંચ્યા કે ચમાર બોલ્યો: 'અરે પંડિજી, બુ દેખો! કિતનો જેયદુ (મોટો) સૂઅર જાઈ ઓરકૂં આઇ રહો એ.'

ચમકીને મેં જોયું તો મારાથી સો ગજ આગળ એક બહુ મોટો સૂવર મસ્ત ચાલે પશ્ચિમથી પૂર્વ તરફ આવતો હતો. અહો! કેટલું મોટું એનું શરીર અને કેટલી બધી ચરબી! કાળા વાદળમાં દબાએલા બીજના બે ચન્દ્ર જેવી એની મોટી દાતરડીઓ (Tusks) ચોખ્ખી બહાર દેખાતી હતી. એણે અમારી ઉપેક્ષા કરી. સાંજ પડી હોવાથી તે પોતાનું ખાજ શોધવા નીકળ્યો હતો. અને બેચાર આદમીઓની તો તેને શી પરવા? એની કાંપો (દાતરડીઓ) કંપ ઉત્પન્ન કરતી હતી. મોટા સૂવર ઉપર વાઘ પણ સામો ઘા કરી શકતો નથી, કેમકે વાઘ તેની દાતરડીની ઠોકરને ખમી શકતો નથી. પરંતુ તે એટલો સ્ફૂર્તિવાન અને ચાલાક હોય છે કે પોતાની ઉપર સૂવરની ચોટ લાગવા દેતો નથી. જંગલ-માં કદી સૂવર અને વાઘનો સામનો થાય તો સૂવર ઝાડી-ની તરફ સહેજ પાછો હઠીને ક્ષત્રિયની માફક ખુલ્લી છાતીએ લડવાને માટે તૈયાર થાય છે. આવી સ્થિતિમાં વાઘ સૂવર ઉપર ઘા કરી શકતો નથી, પરંતુ તેને બહેકાવીને યા ભગાડીને પછી તેના પર તૂટી પડે છે.

આવડા મોટા સૂવરને જોઇને મારો ઉત્સાહ જાગૃત થયો. ભૂખ તો કોણ જાણે ક્યાં ચાલી ગઈ! રાઇફલને ખાંધ ઉપરથી ઉતારી બેલ્ટમાંથી નાળીમાં કારતૂસ મૂકી. ખડખડાટ થવાથી સૂવરે મારી સામે જોયું;—જાણે કે પોતાનાં કાંપની શક્તિની ચેતવણી આપી. તે ક્ષણવાર રોકાયો અને તરત જ વેગથી નાળામાં ચાલ્યો ગયો. મેં તેને આગળથી રોકવા માટે માણસો દોડાવ્યા. નાળું વાંકુંચૂકું હતું એટલે માણસો દોડીને સૂવરના માર્ગથી આગળ ગયા. હું નાળાની ઉપર ઊભો રહ્યો;—એવા ખ્યાલથી કે સૂવર પાછો ફરીને નાળામાં ને નાળામાં અહીં જ આવશે. નાળાની ઊંડાઇ ફક્ત દોઢ ગજ હતી, એટલે સૂવરને માટે ઉપર ચડવું કંઇ કઠણ તો નહોતું. પણ મેં તો મોરચો જમાવી દીધો અને પચાસ ગજનું નિશાન તાકી રાઇફલ સાથે બીજના ચન્દ્ર જેવા દાતરડાંવાળા સૂવરની પ્રતીક્ષા કરતો બેઠો. અંતરના ઊંડાણમાં એ પણ શંકા હતી કે ગોળી બરાબર ન લાગી તો ચીરીને બે ફાડિયાં કરી નાખશે. પણ બાજી લાગી ગઇ હતી. આટલો મોટો સૂવર શોધતાં પણ મળે નહિ. નિરામિષભોજી એ સૂવરે કોણ જાણે ક્યાંનાં ય કંદમૂળ ખાધાં હતાં! તે ખરેખર વકરી ગયો હતો. હાથી જેમ મસ્ત થઇને જેને પકડે છે તેને પૂરો કરીને છોડે છે, તેમ સૂવર પણ મસ્ત થાય છે—વકરી જાય છે ને બીજાં સૂવરો તેનાથી ગભરાય છે. જેમ ઘરડો થાય છે તેમ વધુ એકાન્તિક થતો જાય છે.

પણ થોડી વારમાં શું જોયું જાણે? મોટો એક કાળમીંઢ પથ્થર ખેતરમાં દોડે છે! એ પેલો સૂવર જ હતો. નાળેનાળે ન આવતાં મૂળ જ્યાંથી આવ્યો હતો તે તરફ જ નાઠો. તેને ખેતરમાં જોઇ ટોપીને એક બાજુ ફેંકીને હું ઊભો થઇ ગયો. મોટરને અચાનક બ્રેક લાગે તેની પેઠે સૂવર એકદમ રોકાયો અને મારી તરફ કાન માંડીને ઊભો રહ્યો. આંખો નહોતી દેખાતી, પણ દ્વિતીયાના ચન્દ્ર જેવાં તેનાં અસ્ત્ર સ્પષ્ટ જણાતાં હતાં. 'તારા રસ્તે ચાલ્યો જાને છાનોમાનો! નકામી છેડ કરીશ તો ફળ પામીશ.' એમ જાણે કહેતો હોય એમ તેની આકૃતિ પરથી જણાતું હતું. પણ હું તો મારી રેમિંગ્ટન રાઇફલના જોર પર મુસ્તાક હતો. ૨૨૦ ગ્રેનની એક જ ગોળી જો તેની કાખમાં વાગી જાય તો તરત પડી જાય એવો ખ્યાલ કરી, નિશાન લઇને ગોળી મારી. ભીષણ ઘુરઘુરાટ કરીને સૂવર ભાગ્યો. મોટા આશ્ચર્યની વાત તો એ હતી કે તેણે એ વખતે જ મારી ખબર લઇ નાખી. ફક્ત ત્રીસ ચાલીસ ગજ જ દૂર હતો. ગોળી સહેજ નીચે વાગી હતી. બેત્રણ ઇંચ ઊંચે વાગી હોત તો ખેલ ખતમ થાત.

સૂવર બીડની તરફ ભાગ્યો અને અમે તેનો પીછો પકડ્યો. અનુમાનથી એક ગીચ ઝાડી પાસે આવ્યા તો અંદરથી વેદનાનો અવાજ સંભળાયો. અવાજ પરથી પ્રતીત થતું હતું કે મોતના કીટાણું તેના શરીરમાં પ્રવેશ તો કરી ચૂક્યા છે. સવાર પડતાં તો ખલાસ થઇ જશે. એટલે અત્યારે તેને ન છેડતાં બીજે દિવસે ત્યાં આવવાનો અમે નિશ્ચય કર્યો. જાણીબૂઝીને એમ આગમાં કૂદી પડવું એ મૂર્ખતા છે; પણ શિકારની ઉત્તેજનામાં લોકો ઘણી વાર મૂર્ખ બની જાય છે. જોકે ઉત્સાહ અને આનંદના તરંગોમાં મારૂં મન નહાતું હતું, છતાં એ દિવસે તો મેં સીમા ન ઓળંગી. કેટલો મોટો સૂવર અનાયાસે મળી ગયો એના વિચાર કરતો હું ચાલતો થયો. મનસૂબો કરતો હતો કે પ્રાતઃકાળમાં તો સૂવર મરેલો મળશે. અફસોસ, તેનો ફોટો લેવાને અત્યારે કૅમેરા પણ નથી. પરંતુ અંતરિક્ષમા વિધાતા હસી રહી હતી.

પ્રાતઃકાળે સૂર્યોદય થતાંથતાં તો અમે ઝાડીમાં પહોંચી ગયા. સાથે ગામના બે કુતરા પણ લીધા હતા કે કદાચ જરૂર પડતાં સૂવરને ઝાડીમાંથી બહાર કાઢી શકે અથવા તો નાસી જતાં રોકી રાખે. પણ આ બધું તો સાવધાની માટે જ રાખ્યું હતું. આશા તો એવી હતી કે સૂવર મરેલો જ મળશે. ગામના કેટલાક આદમી અને વળી કુતરા પણ સાથે હતા, એટલે ચૂપચાપ ન પહોંચી શકાયું. ત્યાં જઇને જોયું તો ઝાડીમાં નિસ્તબ્ધતા હતી. જ્યાંથી સૂવર અંદર ઘૂસ્યો હતો ત્યાં લોહીની ધાર હતી. મેં ઉપરથી એક પથ્થર ફેંક્યો, પણ ઝાડીમાં કંઇ અવાજ ન થયો; પરંતુ જેવો બીજો પથ્થર ફેંક્યો કે 'ઘુર' કરતો સૂવર નીકળીને નાઠો.

તે નીકળ્યો એવી જ ગામવાળાઓએ હો હો મચાવી. કુતરાઓને પ્રોત્સાહન મળતાં તેમણે જોતજોતાંમાં ત્રણ પગવાળા ઘાયલ સૂવરને પકડી લીધો. એક કુતરાએ તેના ઉપર પાછળથી હુમલો કર્યો, બીજાએ આગળથી રોકવાની ઇચ્છા કરી. રાઇફલ કે બંદુક ચલાવ-

વાની તક તો લોકોએ આવવા ન જ દીધી. તેઓ તો લાઠી લઇને પાછળ પડ્યા. પેલા કુતરાઓ 'બડે લાગૂ' કહેવાતા હતા. એમણે અનેક સૂવરોને પછાડ્યા હતા; પણ આટલા મોટા સૂવરનો સામનો કરવાનો અનુભવ તેમને કદી મળ્યો નહોતો. અને કદાચ મળ્યો હોત તો પણ શું? પશુવૃત્તિમાં સમજ અને અનુભવનું કામ થોડું જ છે? આગળવાળા કુતરાએ જેવો સૂવરની આગળ જઇને તેના પડખામાં બચકું ભરવાનો પ્રયત્ન કર્યો કે તરત સૂવરે તેને પકડી દબાવી દીધો અને ક્ષણવારમાં પોતાની દાતરડી વડે તેને ગૂડી નાખ્યો. એ કુતરાનો ચિત્કાર સાંભળીને બીજો કુતરો પણ હતોત્સાહ થઇ ગયો અને દૂર જઇને ભસવા લાગ્યો. માણસો પણ આગળ વધી શકયા નહિ. પ્રોત્સાહનમાં એક એવી વીજળી આવે છે જે પાંગળાને પણ કર્મણ્ય બનાવી દે છે; જ્યારે હાર અને પતનમાં હ્રાસ અને અકર્મણ્યતાનો વાસ છે. પાછળવાળા કુતરાએ પોતાના સાથીનું પતન દેખ્યું કે તરત હ્રાસ અને અકર્મણ્યતાએ તેના પ્રોત્સાહનનું વીજળીનો પ્રવાહ બંધ કરી દીધો. સૂવરનાં વિકરાળ દાતરડાં જોઇને લોકો પણ ભયથી ડરી ગયા. કુતરા તરફની એમની સંચિત સહાનુભૂતિ પણ ડરી ગઇ. કુતરાને ચીસો પાડતો છોડીને સૂવર આગળ ભાગ્યો. લોકો તેની પાછળ દોડવા લાગ્યા. હું કુતરાની પાસે ગયો. તેને અંતિમ વેદના થઈ રહી હતી અને તેનો આત્મા બળપૂર્વક બહાર નીકળતો હતો. જે ઘરમાં તેનો વાસ હતો તેનો અંત સૂવરે પોતાની દાતરડાં વડે આણ્યો હતો. તે મરી ગયો હતો, છતાં તેમાં જીવન પ્રતીત થતું હતું; જીવનની ગંધ રહી હતી ફૂલ સૂકાઈ જાય છે, પણ ગંધ શેષ રહે છે; દોરડું બળે છે પણ આંબળો રહે છે; તેમ કુતરાના શરીરનો સ્વામી પરલોકયાત્રા કરી ચૂકયો હતો, પણ તેનું વસ્ત્ર રહી ગયું હતું. મેં તેના મોઢામાં બ્રાન્ડી નાખી. પણ અગ્નિ હોય તો ધુમાડો નીકળે ને? તેને છોડીને હું પણ સૂવરની પાછળ પડ્યો અને દોડીને લોકોની સાથે થઈ ગયો.


મેં હવે તેમને ગારાથી એક ફર્લાંગ પાછળ રહેવા કહ્યું. કેમકે આ ધમાધમમાં કાંઇ સૂવર મરે નહિ; અને નાહક કોઇનો જાન જાય. લોક અનિચ્છાએ પાછળ રોકાયા. આમ ધાંધાટ શમી ગયો એટલે હું ધીમો પડીને સૂવરની શોધ કરવા લાગ્યો. મદદ માટે સાથેના માણસોમાંથી એક જણને સાથી તરીકે લઇ લીધો.

શોધ કરવી એ શિકારનો સૌથી સરસ આનંદ અને તેની એક મુખ્ય કલા છે. શિકારની શોધ કરવી એ સાધારણ વાત નથી; મોટા અનુભવનું કામ છે. અમે ઘણું મથ્યા પણ ખબર ન પડી કે સૂવર કયાં ગયો. વાંકા વળીને પગલાં જોતાજોતા અમે ચાલ્યા જતા હતા. પથ્થરવાળી જમીન પર આમ પગેરૂં કાઢવું એ બહુ કઠણ કામ થઇ પડતું. કદીકદી ખોટે રસ્તે પણ ચડી જતા; પરંતુ દસવીસ ગજ આગળ જઇને પાછા આવતા અને ખરો રસ્તો ઢૂંઢતા. દોઢેક કલાક આમ મથામણમાં રખડયા પછી અમે બીડના એક સૂમસામ ભાગમાં આવ્યા. શિકાર પીલુની ગીચ ઝાડીમાં ગયો છે એમ ચિહ્નો ઉપરથી જણાતું હતું. 'કહો ન કહો પણ એ અહીં જ ભરાયો છે' એમ કહી મેં મારા સાથીને આગળ જતો રોકયો. એક વિકરાળ વાંધામાં એ ઝાડી આવેલી હતી. સૂવર અંદર છે કે નહિ એની ખાતરી કરવાને અમે આસપાસ તપાસ કરી. જો તે ઝાડીમાંથી નીકળી ગયો હોય તો આસપાસ તેનાં કંઇક ચિહ્ન મળવાં જોઇએ. પણ અમારો અંદાજ ખરો હતો. આજુબાજુમાં તેના પાછા વળવાનાં કોઇ ચિહ્નો નહોતાં. અમે ઝાડીની છેક નજીક ન ગયા, કારણકે સૂવર વકરેલો હતો. કદાચિત તૂટી પડે તો કુતરાના મોતે મરવું પડે. મારી રાઇફલ બરોબર સંભાળીને હું બીજી બાજુ ગયો અને પેલા માણસોમાંથી છ સાત કામઠાવાળાને બોલાવવા મારા સાથીને કહ્યું. એણે ચૂપચાપ તેમ કર્યું.


ક્રોધિત સૂવરે જ્યારે જોયું કે તેનો પીછો પકડનાર કોઇ છે નહિ ત્યારે નાળાં, ટેકરા અને વાંધાં પાર કરતો તે અહીં આવ્યો હતો. લોહીની નિશાની તો હવે રહી નહોતી, પરંતુ તેનાં પગલાંના આધારે અમે અહીં આવ્યા હતા. મારી સાથેના ગામડિયાઓને સૂવર મારવાનો કંઇક અનુભવ હતો, પણ તેઓ મારી રાઈફલને બ્રહ્માસ્ત્ર સમજતા હતા. એક જણે આવીને મને કહ્યું: 'કા કરેં સા, કસૂર બડી પરો. મૈં એં બન્દૂક હમ ચલાઇ લૈં દેતે, ન તુ બુ કુત્તા મત્તો, ન હેરાનગતી હોતી!'

વાંધાની ઉપર ટેકરી જેવું હતું એટલે ત્યાં તો


(અનુસંધાન આગળ પાન ૫૪મે)



ઉપર : પહેલું ઇનામ જીતનાર ભાઇ નરસિંહ અર્જુન પરમાર (કાશી)નું ચિત્ર 'એકાગ્ર'. નીચે : ભાઇ કાન્તિલાલ પટેલનું બીજું ઇનામ પામનાર ચિત્ર 'સંધ્યાના પડછાયા'.



ઉત્તેજના પારિતોષિક પામેલાં બે ચિત્રો : ઉપર—ભાઈ ચતુર્ભુજ વલ્લભદાસનું ચિત્ર 'કુદરત ખોળે માનવી.' નીચે—ભાઇ તુલસીદાસનું ચિત્ર 'સરિતા-તીરે-ભાગોળ.'



ફોટોગ્રાફી હરીફાઈનું પરિણામ


જીવનપ્રકાર બતાવતું ભાઈ નરસિંહ અ. પરમાર (કાશી)નું ચિત્ર આ મહિને પ્રથમ ઇનામ પામે છે. જિંદગીની થાક લાગે એવી અવસ્થા સુધી પોતાના ધંધામાં 'એકાગ્ર' થઇ રસથી કામ કરતો આ કારીગર તેની રંકાવસ્થા અને ઉમર ભૂલી ગયો દેખાય છે. તેની સાદાઈ મગરૂબીભરી લાગે છે. કૅમેરાની તેને પરવા નથી. ચિત્ર જરા વધુ પ્રકાશિત બન્યું હોત તો કોઇ પણ ઉચ્ચ શ્રેણીની હરીફાઇમાં ઉપર આવી શકે તેવું છે. બીજું ઇનામ 'સંધ્યાના પડછાયા' માટે ભાઇ કાંતિલાલ પટેલ (વસો)ને મળ્યું છે. આખા દૃશ્યની ગંભીરતામાં માનવપાત્ર જે સંગતિ પામ્યું છે તેમાં વડનાં મોટાં પાન આડે આવીને નકામો બોજો નાખી મઝા બગાડે છે. કોઇ એવું દૃષ્ટિબિંદુ લેવું જોઇતું હતું કે જેથી એકાદી પાતળી ડાળ વધુ સુંદર ઝોક નાખતી ખાલી આકાશના ખાલી ભાગમાં જરૂર જેટલી ભરતી કરે અને પાંદડાં ઘણાં નાનાં પડે એટલી દૂર રહે

ઉત્તેજના પારિતોષિક માટે ભાઈ તુલસીદાસ પરીખ (સિદ્ધપુર)નું 'સરિતા-તીરે-ભાગોળ' ઠીક લાગ્યું છે. આવા સ્થળનું ચિત્ર લેતાં નજર પર પહેલું શું ચડે છે તે વિચારવું જોઇએ ચિત્રમાં ઘણી યે વસ્તુઓ એવી છે કે જેને આગળ-પડતી રાખી વધુ આકર્ષક બનાવી શકાત. એક ચિત્રમાં ઘણાં ચિત્રો સાચવવાં એ સહેલું નથી જ ઊગતા કલાકારે થોડી વસ્તુઓ પર ધ્યાન આપી સંતોષ પકડવો જોઇએ. બીજો ઉત્તેજના યોગ્ય ફોટોગ્રાફ તે ભાઈ ચતુર્ભુજ વલ્લભદાસ (ઘાટકોપર)નો 'કુદરત ખોળે માનવી.' સરસ સામગ્રી છતાં તે સરૂં ચિત્ર બની શક્યું નથી માનવી ને વૃક્ષ એક જ સપાટી પર હોવાથી આગળ કે પાછળ કંઈ જ ખેંચાણ રહેતું નથી. પાત્ર, વૃક્ષ અને

દેખાવની ચિત્રપ્રદેશમાં સરસ વ્યવસ્થા જામે અને પરસ્પર સંબંધ જળવાય એવી ચિત્રની યોજના થવી જોઇએ.

આ ઉપરાંત ધ્યાનમાં લેવા જેવા બીજા થોડા ફોટોગ્રાફો પણ છે. તે દરેકે ચિત્રનું રૂપ પામતાં જરાજરા માટે ગોથું ખાધું છે. ભાઇ જયન્ત મહેતા (કરાચી)ના ફોટો 'બાળરમત'માં મોટા ભાઇ પર ઘોડેસવાર થએલો બાળક કૅમેરા તરફ જોવાને બદલે ઘોડાને હાંકવાની ચેષ્ટામાં પડયો હોત અને બીજો ખાલી ઊભેલો બાળક તેની ક્રિયામાં રસ લેતો કે શામેલ થતો હોત તો બીજી રીતે ચિત્રનું સ્થાન બહુ જ ઉચિત ગણાત. આવાં ચિત્રો લંબગોળ ગાળામાં મૂકવાં ન જ જોઇએ. ભાઈ જમનાદાસ કાપડિયાએ વાદળાંવાળા એક દૃશ્યનાં બે પાસાંની બે છાપ મોકલી છે. આવા સુંદર વાદળસમૂહ માટે આગળનું દૃશ્ય તે બેમાંથી એકેમાં જરા યે રૂચિકર બનતું નથી. કોઈ ઊંચી અગાશી પર જઇ, મુંબાઇના માળા ન દેખાય એમ, એકાદ મિત્રને વિરહી યક્ષ જેવો આકાશ તરફ મીટ માંડી બેસાડયો હોત તો વાદળાંનો આડંબર સંદેશા આપતો દેખાત. ભાઈ તુલસીદાસ પરીખે સિદ્ધપુરથી 'પ્રવાસના પંથે' નામના ચિત્રમાં અગાઉ 'કુમાર'માં આવી ગએલા ભાઈ આબીદમિયાંના ચિત્રને મળતો જ વિષય ઉપાડયો છે; પણ ચિત્રપ્રદેશમાં પાત્રોનો મેળ તે રાખી શકયા નથી, તેમજ વસ્તુઓ જોઇએ તેટલી છૂટી પડતી નથી.

ભાઇ અહેમદમિયાં સૈયદે ચિત્ર માટે સ્થાન અને વસ્તુ સરસ પકડયાં છે; પણ પાડવાની જગ્યા જરા બદલી હોત તો સંપૂર્ણ ચિત્ર મેળવી શકત. દૃશ્યમાં દેખાતું સફેદ મકાન બધી સુંદરતા મારી નાખે છે. સુરતથી ભાઇ જયંત વખારિયાએ મોકલેલા સરોવરના ચિત્રમાં માણસ નામે ય ન હોત તો વધુ અસરકારક દેખાત; અથવા તે ભૂમિના સ્વરૂપમાં મળી જાય એવું યોગ્ય પાત્ર લાવી સંતોષ પામી સરસ ચિત્ર કરી શકાત. પોતાના પ્રવાસની નોંધના લોભે ઘણા માણસો દૃશ્યમાં પોતાની જાત અથવા પોતાના મિત્રોને ઉતારે છે, પણ તેથી એ સ્થાન વિરૂપ બને છે. પોતાની યાદી માટે છબી જુદી લેવી ઘટે. એકને જ મહત્ત્વનું હોય તે સૌને ન જ લાગે.



સ્વાસ્થ્ય · શક્તિ · સૌંદર્ય

ભાઇ નટવરલાલ પટેલ: ઉંમર વર્ષ ૧૮; ઊંચાઇ ૬' ૨"; વજન ૧૭૫ રતલ. અમદાવાદના રહીશ ને વ્યાયામના એકચિત્ત ઉપાસક આ ભાઇનું અપૂર્વ શરીરબંધારણ ઘડીભર તો આંખને ઝંખવી દે છે. ગયા માસનો પરિચિત યુવાન પ્રત્યેક અવયવના સુવિભક્ત સ્નાયુઓથી શોભે છે: ભાઇ નટવરલાલનું અંગસૌષ્ઠવ સરસરીતે ગંઠાયેલા એમના સ્નાયુવિકાસને લીધે મનોહર લાગે છે. એ ગરદન, એ ખભા, એ પ્રકોષ્ઠ, એ દંડ, એ કપાટભિન્ન વક્ષઃસ્થલ—અને આ બધાંની સાથે સરસરીતે સંકળાયેલી નીચેનાં અંગોની પરંપરા જોનારને એ અંગેઅંગમાંથી અદમ્ય વીરશ્રી ને શક્તિ નીતરતી લાગે છે. દેશી વ્યાયામપદ્ધતિ અને 'વેઇટ લિફ્ટિંગ'—વજન ઊંચકવા—થી સાધેલો આ શરીરવિકાસ પ્રત્યેક શરીરવિકાસપ્રેમીને આશ્વાસક ને ઉત્સાહપ્રેરક છે.—ઉ.

ઉચ્ચ શ્રેણીની ફોટો હરીફાઇ માટે જોઇએ તેટલા પ્રમાણમાં ચિત્રો મળતાં નહિ હોવાથી તેનું નિયમિત ત્રૈમાસિક પ્રકાશન હાલમાં બંધ રહેશે તોપણ યોગ્ય ચિત્રો મળતાં વખતોવખત તેનો ઘટતો સત્કાર કરીને પ્રકટ કરવા ચૂકીશું નહિ. **'કુમાર'ના શતાંક**ને છાજે તેવાં ચિત્રો એ અંકની હરીફાઇ માટે મોકલવા સૌ ભાઇઓ પ્રયત્ન કરે એવું અમે માગીએ છીએ.

બીજાઓને પ્રકાશ પહોંચાડો

'કુમાર' માસિક પર પ્રસન્ન થનારા અનેક શ્રીમંત અને સાધનસંપન્ન વાચકો હશે. તેમને એક વિનતિ કરવાની છે. કેટલીક રંક બહેનો અને અંત્યજ ભાઇઓ તથા નજીવાં સાધનવાળી સંસ્થાઓ 'કુમાર' માટે ઝંખે છે. કુમારના સંચાલકોમાં એટલી શક્તિ નથી કે એ સર્વની માગણીને પહોંચી શકે. ઉદારદિલ વાચકો એવાઓને 'કુમાર' પહોંચતું કરવા યત્કિંચિત ફાળો આપશે તો અમે પ્રમાણમાં એવાઓને માટે બનતું કરી તેનો હિસાબ રજુ કરીશું. આ રીતે કુમારનું એક લવાજમ મોકલવા ઇચ્છનારાઓને રૂા. ૫ માત્ર મોકલવા વિનતિ છે. આવી બારેક માગણીઓ પૂરી કરવા જેટલાં લવાજમ હાલ જોઇએ છે.

દાતરડીનો ડાઘ (અનુસંધાન પાન ૫૧થી)

હિમાલય જેવું રોકાણ હતું. ત્યાં સૂવર જઈ શકે એમ નહોતું. એને નીકળવાનો એક જ માર્ગ હતો અને તે અમે રોકી લીધો હતો. એક માણસને મેં ઉપરથી પથ્થર ફેંકવાને તથા કોલાહલ કરીને સૂવરને બહાર કાઢવાને મોકલ્યો. વાંધાની બંને બાજુએ ત્રણ ત્રણ માણસ કામઠાં લઈને ઊભા રહ્યા. બધાથી આગળ હું રાઈફલ લઈને ઊભો રહ્યો. સૂવર એ એક જ માર્ગેથી બહાર નીકળી શકે એમ હતો. જો મારી ગોળી ન વાગી તો છ કામઠાંવાળામાંથી એક બેનાં તીર તો અવશ્ય વાગશે, અને એટલી વારમાં તો તેને ઝબ્બે કરી શકાશે. હળાહળ પીને કોઈ તો બચી શકે તો કન્દરાના મુખ ઉપર આવો વ્યૂહ રચાયા પછી અંદરનું પ્રાણી બહાર નીકળી શકે એમ મેં ધાર્યું. પણ મનુષ્યની બુદ્ધિથી પર પણ કોઈ ચીજ છે. કદીકદી નહિ થવાનું જ થઈ જાય છે. ઘનઘોર વાદળ ઘેરાય છે અને એમ જણાય છે જાણે પૃથ્વી જલમગ્ન થઈ જશે, પણ એવી દશામાં કોઈ વાર એક ટીપું પાણી પણ પડતું નથી. સુખની પૂર્ણ આશામાં—ભવિષ્યની કોમલ કલ્પનાઓમાં—કોઈ વાર ઘોર સંકટ આવી પડે છે. અમે એવો નિશ્ચય કરી બેઠા હતા કે 'સૂવર બહાર નીકળતાં જ વીંધાઈ જશે. પહેલાં તો તે રાઈફલની ગોળીનું જ નિશાન બનશે. અમારા શરીરની એકએક નસ ઉત્તેજિત હતી. હું તો એટલો સચેત હતો કે મારું રોમેરોમ એકએક આંખ બની ગયું હતું. જો સૂવર પાછળથી આવત તો પણ હું તેને જોઈ લેત.

ટેકરી ઉપરથી પથ્થર પડ્યા. ઝાડીમાં કૈંક સંચાર થયો. અમારો એકેએક સ્નાયુ અધીરતાથી ખેંચાઈ રહ્યો. સૂવર નીકળ્યો. રાઈફલનો બાર થયો અને કુંભકર્ણ જેવા સૂવરની પીઠમાં ગોળી લાગી. તેણે ચીસ પાડી, અને પાછલા પગના જોર વડે એકદમ ભાગવાની ચેષ્ટામાં મારી ઉપર જ આવીને ઝપટાયો. બીજી ગોળી ચલાવવાની મને તક ન મળી. મારી ડાબી જાંઘમાં તેનાં દાતરડાં ભોંકાયાં. પીડાથી હું ચીસ પાડી ઊઠ્યો.

બે મિનિટની મૂર્છા પછી જોયું તો મારાથી ચાર પાંચ ગજ દૂર તીરકામઠાંથી વીંધાઈ ગએલો સૂવર પડ્યો હતો. તેની તીક્ષ્ણ દાતરડીઓ મારી તરફ હતી. મારું આખું શરીર લોહીથી ભીનું થઈ ગયું હતું. કાચા ઘડાને કોઈ ઉઠાવીને ફેંકી દે ને જેવી તેની દશા થાય તેવી મારા શરીરની દશા સૂવરે કરી હતી. પીડાથી મૂર્છા આવી ગઈ હતી. હું તો હજી માત્ર અડફટમાં જ આવી ગયો હતો; પણ સૂવરને જો બરાબર ઘા કરવાનો વખત મળ્યો હોત તો મારી દશા પણ પેલા કુતરાના જેવી થાત. મારા સાથીઓમાંના તો દરેકને ક્ષણભર એમ જ લાગ્યું હતું કે હું ખલાસ થઈ ગયો ! સૂવરે મારી ઉપર ઘા કર્યો અને હું પાછલી તરફ ગબડી પડ્યો. સૂવરનો ઘા નીચેથી ઉપરનો—નાસતી વખતે પાછલી બાજુનો હતો, એથી હું પાછળની તરફ ગબડ્યો. જો કદી આગળ પડ્યો હોત તો કોણ જાણે શું થાત? મારા ઉપર તેની ચોટ લાગી કે તરત જ છ યે ધનુષમાંથી છૂટેલાં તીર ભયોભય સૂવરના દેહમાં ભોંકાયાં. પહેલેથી ગોળી તો વાગી હતી જ એટલે તીરોએ તેનો પ્રાણ લીધો.

અરધો સૂઈ રહેલો હું વેદનાથી કણસતો હતો; અને જાંઘમાંથી નીકળતી ખૂનની પરનાળને રોકવા માટે કપડું બંધાવી રહ્યો હતો. સૂવરની દાતરડીનો ઘા હાડકાં સુધી નહોતો પહોંચ્યો, એટલે લોહી રોકાઈ ગયા પછી કંઈ ભય જેવું નહોતું. એ પીડા અને કષ્ટમાં એ સમયે ખ્યાલ આવ્યો કે અંતરિક્ષમાં બેઠેલી વિધાતા મારી આ ગતિ જોઈને હસી રહી છે.

સૂવરના શબની સાથે મને પણ ખટલામાં નાખીને પડાવમાં લાવ્યા. થોડા વખતમાં મને ઠીક થઈ ગયું, પણ છરા જેવી એ તીક્ષ્ણ દાતરડીનું ચિહ્ન હજી પણ ચન્દ્રાકારે મારી ડાબી જાંઘ ઉપર છે; અને જ્યાં સુધી આ કાયા આ રૂપમાં છે ત્યાં સુધી રહેશે.

હવે જ્યારે હું કોઈ મોટા સૂવરને જોઉં છું ત્યારે પેલા કુંભકર્ણનું સ્મરણ થાય છે અને તેની પ્રશંસામાં વરાહ અવતારનો આ શ્લોક બોલી જાઉં છું:

"वसति दशनशिखरे धरणी तव लग्ना ॥
शशिनकलङ्ककलेव निमग्ना ।
केशवधृतशूकररूप । जय जगदीश हरे ॥"

ભોગીલાલ જ. સાંડેસરા

('વિશાળ ભારત'માંના શ્રી શ્રીરામ શર્માના લેખ ઉપરથી)

છોકરો: બાપા, બાપા, દૂધના તપેલામાં ઉંદર પડ્યો'તો...
બાપ: (સફાળા) તે પછી, તેં કાઢ્યો કે નહિ?
છોકરો: ના રે; મેં તો આપણી બિલાડી અંદર નાખી છે.

चित्रं देवानामुदगादनीकं चक्षुर्मित्रस्य वरुणस्याग्नेः ।
आप्राद्यावा पृथिवी अन्तरिक्षं सूर्य आत्मा जगतस्तस्थुषश्च ॥ ऋग्वेद १-८-७.

"Gladly, yet with deep devotion, do we receive the first warm rays of sun-light, like tender seeds in the warm spring earth. Clean, fine humanity thrills in us like a holy thing when the warm sun kisses our naked limbs, when glad sun-light kindles the soul to wonder."



સૂર્યોપાસના

એ પુરાણકાળનો વહેમ કે અંધશ્રદ્ધાભર્યો કર્મકાંડ નથી; પણ આધુનિક વિજ્ઞાને કસોટીએ ચડાવી કબૂલેલો, આ સમસ્ત સૃષ્ટિનો ચેતનદાયી, રોગનાશક, આરોગ્યરક્ષક, શક્તિવર્ધક ને ઉત્સાહપ્રેરક કીમિયો છે.

સૂર્યપ્રકાશ એ નિસર્ગદેવતાની ચિતશક્તિ છે. સૂર્યકિરણના પ્રથમ સ્પર્શ સાથે જ નિસર્ગમાં અભિનવ ચૈતન્યનો સંચાર થયેલો જોવામાં આવે છે અને ઉત્સાહપૂર્ણ જીવનના બાહ્ય ચિહ્નરૂપ આનંદ નજરે પડે છે. સૂર્યપ્રકાશ એ જ સૃષ્ટિનું જીવન હોવાને લીધે અખિલ વિશ્વ–જીવનસૃષ્ટિ–એની અત્યંત ઉત્કંઠાથી સદૈવ પ્રતીક્ષા કરે છે. વૃક્ષો લીલાંછમ પાંદડાંવાળી પોતાની સૂર્યોન્મુખ ડાળીઓથી, પક્ષીઓ પોતાના સંગીત આકાશભ્રમણથી અને બીજાં પ્રાણીઓ નવરાશ મળે કે તડકામાં જાણીજોઇને સૂઇને, આ કુદરતી જીવનશક્તિનું આકંઠ પાન કરે છે. ફક્ત આપણે–માણસો–જ અતિ પરિચયને લીધે આ વગર મહેનતે પ્રાપ્ત થનારી દૈવી શક્તિને ભૂલી ગયા છીએ. એના પ્રાયશ્ચિત રૂપે આપણને અશક્તિ, દૌર્મનસ્ય અને ક્ષય જેવા અપરિહાર્ય રોગો સહેવા પડે છે.

વેદકાળમાં સૂર્યપ્રકાશની અમાપ શક્તિનું લોકોને ભાન હતું અને સૂર્ય એ સચેતન અને અચેતન સૃષ્ટિનો આત્મા છે એમ લોકો માનતા તેથી દરેક માણસ સૂર્યોપાસના અત્યંત આસ્થાપૂર્વક કરતો. દરેક બ્રહ્મચારીએ સૂર્યોપાસના તો કરવી જ જોઇએ એવો કડક ધાર્મિક નિર્બંધ હોવાને લીધે દરેકને નાનપણથી જ સૂર્યોપાસનાની ટેવ પડતી. પણ હાલ ધાર્મિક શ્રદ્ધા જોડે જ સૂર્યોપાસનાનો પણ લોપ થયો છે અને ફૅશન તથા ડીસેન્સીના નામ નીચે અનેક પ્રકારનાં કપડાંના ઢગલામાં પોતાના શરીરને હમેશ માટે ઢાંકી દઇ આ અમૂલ્ય નિસર્ગશક્તિનો આપણે સર્વકાળ અનાદર કરીએ છીએ. યુરોપમાં પણ કેટલાક સમય પહેલાં સૂર્યકિરણનું કાંઇપણ મહત્ત્વ છે એમ કોઇને લાગતું નહોતું, પણ હાલમાં ફિન્સેન, રોલીઅર, બર્નાર્ડ ઇત્યાદિ સંશોધકોએ સૂર્યપ્રકાશના ગુણધર્મની શોધો ચલાવીને તેની સહાયતાથી કેટલાક દુઃસાધ્ય રોગો સારા કરી બતાવ્યા ત્યારથી એ પ્રજાને જાણે સૂર્યપ્રકાશનું ગાંડુ જ વળગ્યું છે. રૂગ્ણાલયો, અખાડા, કલબ, શાળાઓ, કૉલેજો ઇત્યાદિ સર્વ સંસ્થાઓમાં ત્યાં સૂર્યસ્નાનની ખાસ સગવડ કરવામાં આવે છે અને હજારો સ્ત્રીપુરૂષો આરોગ્યની વૃદ્ધિ માટે નિત્ય એનો લાભ લઇ રહ્યાં છે. એટલે હવે આપણામાંથી દરેકે, ભલેને પારકી શિખામણે પણ આ નૈસર્ગિક શક્તિનું મહત્ત્વ જાણી તેની યોગ્ય ઉપાસના કરવી એ આપણું કર્તવ્ય છે.

સૂર્યપ્રકાશના ઘટક

સૂર્યપ્રકાશના વિવિધ ઘટકની કલ્પના પ્રથમ ઇંદ્રધનુષ ઉપરથી આવી; કારણકે સૂર્યકિરણો જ વર્ષાનાં જળબિંદુમાંથી નીચે આવતી વખતે તેમનું પૃથક્કરણ થઇને ચિત્રવિચિત્ર રંગનું ઇંદ્રધનુષ બતાવે છે. હવામાંથી પાણી કે કાચમાં જતી વખતે પ્રકાશકિરણો સહેજ વાંકાં વળીને પ્રવેશ કરે છે અને તેને પ્રકાશનું વક્રીભવન એવી સંજ્ઞા આપી છે. સૂર્યપ્રકાશના જુદા જુદા ઘટકોનું વક્રીભવન જુદાજુદા પ્રમાણમાં થાય છે, તેથી કાચના લોલકમાંથી અથવા પાણીમાંથી બહાર પડતી વખતે આ બધા ઘટક પૃથક્‌પૃથક્‌ બહાર પડે છે, અને તેથી આપણને લોલકની પેલી બાજુ અથવા પાણીની પેલી બાજુ જુદાજુદા રંગ દેખાય છે. એકાદ

ઓરડીમાં પૂર્ણ અંધારું કરી પછી બારણા અથવા બારીમાંના કાણાંમાંથી થોડાંક સૂર્યકિરણ એકાદ ધોળા પડદા ઉપર પડે એવી વ્યવસ્થા કરી, કિરણના માર્ગમાં એક લોલક પકડીએ તો અનુક્રમે પહેલાં ગુલાબી પડતો જાંબલી, (વાયોલેટ) પછી જાંબલી, વાદળી લીલો, પીળો, નારંગી અને લાલ એવા સાત રંગના પ્રકાશની પટ્ટી તે પડદા ઉપર દેખાશે. આ ઉપરથી સૂર્યપ્રકાશના સાત દૃશ્ય ઘટક છે એ સ્પષ્ટ છે. આ સાત રંગની પટ્ટીઓમાંના દરેક પ્રકાશ ઘટકનું ને થોડુંક એની બહારની બંને બાજુનું ઉષ્ણતામાન થર્મોમીટરથી તપાસી જોતાં, રાતી પટ્ટીની સહેજ આ બાજુ અંધારું હોવા છતાં ઉષ્ણતામાન સૌથી વધારે હોય છે એમ જણાયું છે. આથી સિદ્ધ થાય છે કે આ સાત દૃશ્ય ઘટકો સિવાય ઉષ્ણતા ઉત્પન્ન કરનારાં કેટલાંક અદૃશ્ય કિરણો પણ છે. અંગ્રેજીમાં એને ઇન્ફ્રા રેડ રેઇઝ (Infra Red Rays) કહે છે. વેદમાં એમનું 'विलोहित' કિરણને નામે વર્ણન આવે છે. દરેક ઘટકનું પરિણામ ફોટોગ્રાફની પ્લેટ ઉપર શું થાય છે એ જોવામાં આવે તો ખબર પડે છે કે રાતા કિરણનો પરિણામ પ્લેટ ઉપર કાંઈ જ આવતું નથી, જ્યારે બીજી તરફના છેડા પર આવેલાં ગુલાબી પડતાં જાંબલી રંગનાં કિરણોનું પ્લેટ પર સૌથી વધુ પરિણામ થાય છે અને અંધારામાં પણ આછા જાંબલી રંગની પટ્ટી સામે પ્લેટ ધરવામાં આવે તો તે રીતસર એક્સપોઝ (Expose) થાય છે. ફોટોગ્રાફીની પ્લેટ ઉપર થનારાં આ પરિણામ તે પ્રકાશથી તેના પર થતી રાસાયનિક ક્રિયાને લઇને થાય છે. આ ઉપરથી સૂર્યપ્રકાશમાં રાસાયનિક ક્રિયાને સહાય કરનારાં એવાં પણ કેટલાંક અદૃશ્ય કિરણો હોવાં જોઇએ. એને અંગ્રેજીમાં 'અલ્ટ્રા વ્હાયોલેટ' કિરણ કહેવામાં આવે છે. વેદમાં તેનું વર્ણન एतश અથવા 'नीलग्रीव' એ નામે કરવામાં આવ્યું છે. આ एतश કિરણ અત્યંત મહત્ત્વનાં છે, કારણકે આ કિરણોમાં જ રોગનિવારક અને શક્તિવર્ધક ગુણ હોવાથી જે ઠેકાણે સૂર્યપ્રકાશમાં તે વધારે પ્રમાણમાં હોય છે ત્યાંના સૂર્યપ્રકાશમાં વધારે ગુણ હોય છે એમ જોવામાં આવ્યું છે. સાધારણ કાચ તો આ કિરણોનું ભક્ષણ કરી જાય છે. ફક્ત ક્વાર્ઝ નામનો એક વિશિષ્ટ કાચ જ આ કિરણોને પોતાની પાર જવા દે છે. સાદા કાચમાંથી આવતો તડકો ઉપચારની દૃષ્ટિએ નકામો છે. તેથી જ પ્રકાશોપચારમાં બને ત્યાં સુધી ખુલ્લા તડકામાં જ રોગીને સુવાડવામાં આવે છે, અને કાચની જરૂર પડે ત્યાં જ ક્વાર્ઝ કાચ વપરાય છે.



હવામાન અને एतश કિરણ

કોઇ પણ સ્થળ સમુદ્રસપાટીથી જેટલું વધારે ઊંચું તેટલાં ત્યાંના સૂર્યકિરણમાં एतश કિરણ વધારે હોય છે. તેમજ જેટલું તે સ્થળ ઉષ્ણકટિબંધની પાસે તેટલું પણ તેમાં एतश કિરણનું પ્રમાણ વધારે. ઉનાળામાં एतश કિરણનું પ્રમાણ સૌથી વધારે હોય છે, અને શિયાળામાં સૌથી ઓછું હોય છે. હવામાંની ધૂળ અને ધુમાડો સૂર્યકિરણમાંના આ एतश કિરણોને ખાઇ જાય છે, તેથી જ મોટાંમોટાં કારખાનાં અને મીલ જ્યાં છે એવા ગીચ વસ્તીવાળા શહેરમાં સૂર્યપ્રકાશ एतश કિરણ રહિત હોય છે અને તેથી ઉપચારની દૃષ્ટિએ નિરૂપયોગી હોય છે.

સૂર્યસ્નાન માટે ઉત્તમ સ્થાન તો ગામ બહારની ટેકરી ઉપરની એકાદ નાનકડી ખુલ્લી જગ્યા અથવા આલ્હાદકારક એવું એકાદ લીલુંછમ ખેતર. પણ આ સાધ્ય ન હોય તો ઘર ઉપરની ખુલ્લી અગાશી પણ કાંઇ ખરાબ નહિ. આસપાસનું દૃશ્ય જેટલું નયનમનોહર હોય અને વાતાવરણ જેટલું આલ્હાદકારક હોય તેટલું સારું. સૂર્યસ્નાન માટે અત્યંત સરસ તો વસંત ઋતુ; કેમકે આ અરસામાં સૂર્યની ઉષ્ણતા ઓછી હોય છે ને સૂર્યપ્રકાશમાં एतश કિરણનું પ્રમાણ પણ સારીપેઠે હોય છે. ઉનાળામાં एतश કિરણ તો ઘણાં હોય છે પણ ઉષ્ણતા બહુ હોવાને લીધે તડકો બહુ વાર સહેવાતો નથી, અને સહેવાય તો સદતો નથી. સૂર્યસ્નાન માટે ઉત્તમ વખત સવારે સાતથી નવ સુધીનો. આ વખતે હવા ઠંડી હોવાથી કુમળા તડકામાં બેસવાનું ઠીક લાગે છે. શિયાળામાં દસ અગિયાર વાગ્યા સુધી તડકામાં બેસવામાં વાંધો નહિ.

પ્રકાશોપચાર માટે રુગ્ણાલયો (સૅનેટોરિયમ) પર્વત ઉપર બાંધવાનો રિવાજ છે કેમકે પર્વત ઉપરના સૂર્યપ્રકાશમાં एतश કિરણનું પ્રમાણ વધારે હોય છે.

વળી પર્વત ઉપરની હવા ઠંડી હોવાથી સૂર્યપ્રકાશ વધારે વખત અને આનંદથી લઈ શકાય છે. ઉપરાંત પર્વત ઉપરના બરફમાંથી एतश કિરણનું પરિવર્તન થવાને લીધે સૂર્યપ્રકાશનો બેવડો ફાયદો થાય છે. એ સિવાય પર્વત ઉપરની હૃદયંગમ વનશ્રી અત્યંત આલ્હાદકારક ને ઉત્સાહવર્ધક હોય છે, આથી યુરોપનાં ઘણાંખરાં રુગ્ણાલયો સ્વિટ્ઝર્લાંડમાં આલ્પ્સ પર્વતના પૃષ્ઠ ભાગ પર સ્થાપવામાં આવ્યાં છે. પ્રાચીનકાળ પણ 'गिरिशन्त' એટલે પર્વતસ્થ સૂર્યપ્રકાશને 'प्रथमो दैव्यो भिषक्' એટલે સર્વશ્રેષ્ઠ વૈદ્ય માનવામાં આવતો ને આયુરારોગ્ય માટે તેની ઉપાસના કરવામાં આવતી.

एतश કિરણના ગુણધર્મ

સૂર્યપ્રકાશના જુદાજુદા ઘટકના ગુણધર્મ શોધી કાઢવા ફિન્સેન નામના એક પ્રખ્યાત શાસ્ત્રજ્ઞે એક બહુ મજાનો પ્રયોગ કરેલો. તેણે એક પેટી તૈયાર કરી અને એના ઢાંકણામાં લાલ, પીળી, લીલી અને ભૂરી એમ ચાર કાચની પટીઓ લાઈનબંધ બેસાડી. આ પેટીમાં તે નિત્ય નવાંનવાં પ્રાણીઓ લાવીને પૂરી રાખતો અને પછી આ પેટી તડકામાં રાખી દરેક પ્રાણી સ્વેચ્છાથી કયા રંગના પ્રકાશ નીચે જઇ બેસે છે એ જોતો. આ જ પેટીમાં જુદાજુદા રંગના પ્રકાશમાં રોજ જંતુની growth કેવી રીતે થાય છે એ પણ તેણે જોયું. આ પ્રયોગ ઉપરથી એને એમ જણાઇ આવ્યું કે પ્રાણી માત્રના પ્રકાશપ્રિય અને અંધકારપ્રિય એવા મુખ્ય બે વર્ગ છે. વંદા, કૃમિકીટક; રોગજંતુ વગેરે માનવજાતના શત્રુઓ અંધારામાં વધનારા છે. એમની વૃદ્ધિને ઓછી કરે છે. અને કેટલાંક તો એને લીધે મરી પણ જાય છે. એથી ઉલટું પતંગિયા, પશુ-પક્ષી અને માણસો પ્રકાશનો આશ્રય કરે છે. આ અને બીજા અનેક પ્રયોગો પરથી एतश કિરણોમાં નીચેના ગુણધર્મ સિદ્ધ કરવામાં આવ્યા છેઃ (૧) રાસાયનિક પરિણામ: ઑક્સિડેશન અને રિડકશન આ બે મુખ્ય કાર્યો આ કિરણથી થાય છે. આ કિરણોથી ઓઝોન નામનો વાયુ હવામાં ઉત્પન્ન થાય છે અને આ વાયુનો ઘણા રોગોમાં ઠીક ઉપયોગ થાય છે.

(૨) રોગજંતુ અને કૃમિકીટક સૂર્યપ્રકાશથી મરી જાય છે તેથી જખમ ઉપર ઘણીવાર કૃત્રિમ સૂર્યપ્રકાશ પાડવામાં આવે છે. ક્ષયરોગના જંતુઓ તડકાથી તત્કાળ મરણ પામે છે. ઘણાખરા રોગજંતુઓની વૃદ્ધિ તડકાથી અટકી પડે છે. ગાદી, તકિયા, પલંગ વગેરે વારંવાર તડકે નાખવાનું તથા બારીબારણા ઉઘાડાં રાખી ઘરમાં પુષ્કળ તડકો આવવા દેવાનું મહત્ત્વ આ ઉપરથી ધ્યાનમાં આવી જશે.

(૩) સૂર્યપ્રકાશ શરીર ઉપર એક જ ઠેકાણે ઘણો વખત પડવાથી તે જગ્યા કેટલાક કલાકે લાલ બની જાય છે ને પછીથી ત્યાંની ત્વચાનો રંગ કાયમનો કાળાશ પડતો લાલ થઇ જાય છે. એમ થવાનું કારણ ત્યાં અધિક લોહી આવે છે ને તેને લીધે કેટલીકવાર તે વખત પૂરતો સોજો પણ ચડે છે. પણ આ સોજો થોડામાં જ ચાલ્યો જાય છે. ચામડીના રંગ બદલાવાનું કારણ એ કે ચામડીની પેશીઓમાં નવા રંગીત કણો નિર્માણ થાય છે. આ કણો સૂર્યકિરણોને ખાઇ જનારા હોવાથી પાછળથી તડકામાં પહેલાં જેટલું જ બેસીએ તો યે ચામડીને સોજો ચડતો નથી.

(૪) સૂર્યપ્રકાશનું તેજ ચામડીમાંની રક્તવાહિનીઓમાંના લોહીમાં વિલીન થાય છે પણ લોહીમાંથી ઇતર ઇંદ્રિયોને પહોંચે ત્યારે જ તે તેમના ઉપયોગમાં આવે છે. સૂર્યપ્રકાશથી રક્તગોલકો અને શ્વેત ગોલકો-(red corpaselcs and white corpuscles) ની સંખ્યા વધે છે અને લોહીમાંનું calcium (કૅલ્શયમ) નામનું દ્રવ્ય પણ વધે છે. તેથી રક્તક્ષય, રિકેટ્સ, ઑસ્ટિયોમૅલેશિયા અને ક્ષયરોગ વગેરે રોગોમાં સૂર્યપ્રકાશ બહુ ઉપયોગી થઇ પડે છે.

(૫) સૂર્યપ્રકાશથી સર્વ ગ્રંથીગત રસો વધે છે તેથી પાચન સારૂં થાય છે, શરીરમાં ઉત્સાહ અને ચેતન આવે છે અને શરીરમાંની જુદીજુદી ઇંદ્રિયોનાં કાર્યો વ્યવસ્થિત થાય છે. થાયરૉઇડ, થાયમસ, પૅરાથાયરૉઇડ પિટ્યુઇટરી વગેરે ગ્રંથીઓમાંનો અન્તશ્વર રસ (ઇંટર્ન સીક્રીશન) બહુ મહત્ત્વનો છે અને તેના અભાવે અનેક વિચિત્ર રોગો ઉત્પન થાય છે. આ રસ યોગ્ય પ્રમાણમાં ઉત્પન્ન થવામાં સૂર્યપ્રકાશ બહુ મદદરૂપ છે.

(૬) સૂર્યપ્રકાશથી મજ્જાતંતુઓની ક્ષોભનીયતા ઓછી થાય છે. તેથી વેદના ઓછી થાય છે અને નિદ્રા આવવામાં મદદ થાય છે.

(૭) સૂર્યપ્રકાશથી સોજો ઓછો થાય છે.

(૮) સૂર્યપ્રકાશથી જુદાજુદા વિટામિન શરીરમાં

ઉત્પન્ન થાય છે. ઘણા વખત સૂર્યપ્રકાશમાં રાખેલાં અન્ન અને પાણીમાં પણ એ ઉત્પન્ન થાય છે. વિટામિનના અભાવે ઉત્પન્ન થતા રિકેટ્સ, સ્કર્વી વગેરે જેવા રોગો સૂર્યપ્રકાશથી સારા થાય છે. શરીરની પેશીઓની વૃદ્ધિને પણ સૂર્યપ્રકાશ મદદ કરે છે.



સૂર્યપ્રકાશનો ઉપયોગ

આરંભમાં સૂર્યપ્રકાશનો ઉપયોગ મુખ્યત્વે ક્ષયરોગ માટે થતો. પણ પછી ઉપર વર્ણવેલા તેમના અનેક ગુણોની જેમજેમ શોધ થતી ગઇ તેમતેમ બીજા રોગો ઉપર પણ પ્રકાશોપચાર કરવાની શરૂઆત થઇ ગઇ. હવે તો ચામડીના અનેક રોગો (ત્વગ્રોગો), રક્તક્ષય, ક્ષય, રિકેટ્સ, ઑસ્ટિયોમૅલેશિયા, જખમો, અપચનના રોગો, એમ અનેક રોગો ઉપર પ્રકાશોપચારનો મોટા પ્રમાણમાં ઉપયોગ થાય છે. પણ આપણી (નીરોગી લોકોની) દૃષ્ટિએ સૂર્યપ્રકાશના સૌથી મહત્ત્વના ગુણો તો શક્તિવર્ધકતા ને આરોગ્યરક્ષણ છે. સૂર્યપ્રકાશથી બલવત્તર બીજું એકકેય ટૉનિક નથી એમ બધા શાસ્ત્રજ્ઞોનો અભિપ્રાય છે. સૂર્યપ્રકાશ સર્વ શક્તિઓ અને ઉત્સાહનો સમુદ્ર છે એમ વેદોએ એનું વર્ણન કર્યું છે. એટલે ઊગતી પ્રજાને આરોગ્યની અભિવૃદ્ધિ માટે સૂર્યોપાસનાનું મહત્ત્વ સમજાવી તેમની પાસેથી એ કરાવવી એ અત્યંત મહત્ત્વનું છે.

ઘણાની એવી સમજ છે કે આપણે તડકામાં ખૂબ ફરીએ છીએ એટલે આપણને તો જુદી સૂર્યોપાસનાની કાંઇ જ જરૂર નથી. પણ સૂર્યપ્રકાશ ઉઘાડા શરીર ઉપર પડ્યા વગર એનો કાંઇ ઉપયોગ નથી એ એમને ખબર નથી. ખુલ્લા શરીર ઉપર સૂર્યપ્રકાશ પડે તો જ તેનો કાંઇપણ ઉપયોગ થાય છે, નહિ તો બધા ઍતશ કિરણ કપડાં ખાઇ જાય છે અને ઉષ્ણતાનાં કિરણ ફક્ત અંદર જઇ શરીરને સારી પેઠે બફારો કરે છે. એટલે પહેલી વાત તો એ કે ઉઘાડે શરીરે જ સૂર્યોપાસના કરવી જોઇએ.

આપણામાં સૂર્યોપાસનાનો મુખ્ય વિધિ એ સૂર્યનમસ્કાર (એક પ્રકારના દંડ પીલવા તે) છે. સૂર્યનમસ્કાર તડકામાં કરીએ તો જ તે ખરી સૂર્યોપાસના છે. અંધારા મંદિરમાં ગમે તેટલા સૂર્યનમસ્કાર પીલો તોપણ તે સૂર્યોપાસના થતી નથી. એટલે સૂર્યનમસ્કાર તડકામાં કરવા જોઇએ એ બીજી વસ્તુ. રમ્ય નદીતીરે અથવા કૂવાકાંઠે પ્રથમ ખૂબ તરીને, સ્વચ્છ સ્નાન કરી પછી ખુલ્લામાં ઊગતા સૂર્ય તરફ મુખ કરી આસપાસના નિસર્ગસૌંદર્યનો આસ્વાદ લેતાંલેતાં પ્રસન્ન અને ભક્તિયુક્ત અંતઃકરણથી, કુમળા તડકામાં શ્વાસોચ્છવાસનું યોગ્ય નિયમન કરતાંકરતાં પોતાની શક્તિ પ્રમાણે સૂર્યનમસ્કાર કરવા. આમ કરવામાં આવે તો જ તે સૂર્યોપાસના ફલપ્રદ થાય છે. જ્યાં નદી ઉપર જવું શકય ન હોય ત્યાં અગાશીમાં અને એ પણ શકય ન હોય તો આંગણામાં તડકામાં સૂર્યનમસ્કાર કરવા. નમસ્કાર પછી લેવાનું તીર્થ પણ તડકામાં મૂકેલું જ લેવું. ઘણીખરી રમતો ખુલ્લા શરીરે ખુલ્લા મેદાનમાં તડકામાં જ રમવી. ફક્ત સૂર્ય ઊંચો ચડે પછી તડકામાં બેસવું હોય તો આંખે ભૂરા રંગનાં ચશ્માં પહેરવા અને માથે ચોવડી કરેલી ચાદરની ઘડી મૂકવી આવશ્યક છે. યુરોપમાં વિદ્યાર્થીઓના નિશાળના વર્ગો પણ હવે તો સવારની ખુલ્લી હવામાં તડકામાં જ લેવામાં આવે છે. એ જ પદ્ધતિ અહીં પણ શરૂ કરવામાં વાંધો નથી. સૂર્યોદયનો સમય સૂર્યોપાસના માટે સારો એમ વેદમાં પણ કહ્યું છે.

उद्यन्नद्यमित्रमह आरोहन्नुत्तरां दिवम् ।
हृद्रोगं मम सूर्य हरिमाणं च नाशय ॥

અર્થ: ઉદય પામીને આકાશના ઉપરના ભાગ તરફ આક્રમણ કરતી વખતે, હે સૂર્ય ! તું મારા હૃદ્રોગ હૃદયરોગ અને હરિમા (પાંડુરોગ)નો નાશ કર.

ઉપસંહાર

સૂર્યપ્રકાશનું મહત્ત્વ ઠંડા પ્રદેશમાં સહેજે ધ્યાનમાં આવે એ સ્વાભાવિક છે. ત્યાં સૂર્યપ્રકાશ અત્યંત હિતકારક અને શક્તિવર્ધક છે એ વાત લોકોનાં મન ઉપર ઠસાવવી એ તદ્દન સહેલી વસ્તુ હોય છે, કારણકે ઉનાળો એ ત્યાંના લોકોનો અત્યંત સુખકારક અને ઉત્સાહકારક કાળ હોય છે. ત્યાં શિયાળાની કડક ટાઢ અને પ્રકાશના અભાવને લીધે મૃતપ્રાય ભાસતી સૃષ્ટિ વસંતઋતુમાંના આછા તડકાના પ્રથમ સ્પર્શ સાથે તરત

જ પાછી અભિનવ ચેતન્યથી પ્રેરિત થાય છે, અને તેમાં એકાએક વિલક્ષણ ક્રાંતિ થએલી જોવામાં આવે છે. ટાઢથી ઠરી ગએલાં ને બરફથી આચ્છાદિત થવાને લીધે ભૂત જેવાં ભયંકર દીસતાં વૃક્ષ નવી કુંપળથી સુશોભિત દેખાવા લાગે છે. ધુમ્મસ અને અંધારાથી નિરાશાપૂર્ણ ભાસતું વાતાવરણ પાછું ઉજ્જ્વલ થઇ, દેશાન્તર ગએલાં પક્ષીઓના પુનરાગમનથી નિનાદિત થાય છે. હૂંફ માટે નિર્વાત ખૂણાઓમાં લપાઇ ગએલાં પ્રાણીઓ પાછાં ભક્ષ્યશોધન માટે અહીંતહીં સંચાર કરવા લાગે છે. માણસના અંતઃકરણમાં પણ આ સૃષ્ટિની ક્રાંતિ સાથે જ અવર્ણનીય ઉત્સાહ અને આનંદનો ઉદય થાય છે. તેથી જ ઠંડા પ્રદેશમાં સૂર્યપ્રકાશનું મહત્ત્વ અત્યંત સ્પષ્ટ અને સુરસ શબ્દમાં વર્ણવવામાં આવ્યું છે.

આ ઉપરથી આર્યોની વસ્તી વેદકાળમાં ઉત્તર ધ્રુવ તરફ હોવી જોઇએ એ લોકમાન્ય તિલક મહારાજની કલ્પના તદ્દન સાચી છે એ સિદ્ધ થાય છે. ઠંડા પ્રદેશમાં ન રહેતા હોત તો વેદમાં સૂર્યપ્રકાશ સંબંધે જે ઉદ્‌ગાર કાઢવામાં આવ્યા છે તે ન નીકળવા અસંભવિત છે, કારણકે ઉષ્ણ પ્રદેશમાં સૂર્યપ્રકાશનું મહત્ત્વ જલદી ધ્યાનમાં નથી આવતું. ત્યાં બારે માસ સૂર્યપ્રકાશ ભરપૂર મળતો હોવાથી સૂર્યપ્રકાશને અભાવે માણસની કેવી દીન સ્થિતિ થઇ જાય છે એની કલ્પના જ આવે નહિ. ઊલટું ત્યાં ઊનાળાની અતિશય ઉષ્ણતાથી સૂર્યપ્રકાશનો અનુભવ થાય છે.

સૂર્યપ્રકાશમાં ઉષ્ણતા–કિરણ બહુ હોય તો તે શરીર ઉપર લઇ શકાતો નથી. લઇએ તો તે અપાયકારક થાય છે. ઍબેસીનિયા ને મેસોપોટેમિયા જેવા ઉષ્ણપ્રદેશમાં સૂર્યપ્રકાશોપચાર કરવા એ ભૂલભરેલું છે. તેથી ઉષ્ણ પ્રદેશમાં સવારના ઠંડા વખતે મળનારો કુમળો તડકો એ જ ઉપચારની દૃષ્ટિએ અત્યંત મહત્ત્વનો છે. ઠંડા પ્રદેશમાં જેટલો વખત સૂર્યસ્નાન કરાય તેટલો વખત હિંદુસ્તાનમાં કરવું એ ભૂલ છે. પણ પ્રભાતકાળનાં કુમળા સૂર્યકિરણોમાં ભરેલા ઉત્સાહ, શક્તિ ને આરોગ્યને વેડફાઇ જવા ન દેવાં એ દરેકનું કર્તવ્ય છે. દેશકાળ ને ઋતુમાન પ્રમાણે સૂર્યોપાસનાનો વિધિ થોડોઘણો ફેરફારવાળો હોય તો યે યોગ્ય રીતે ઉપાસના કરનારને ફળ સર્વત્ર સરખું જ મળે છે. સૂર્યોપાસનાના ફળનું વર્ણન નીચેની ઋચામાં તદ્દન યથાર્થ શબ્દોમાં કર્યું છે:

विश्वाहा त्वा सुमनसः सुचक्षसः प्रजावन्तोऽनमीवा अनागसः।
उद्यन्तं त्वां मित्रमहो दिवेदिवे ज्योग्जीवाः प्रतिपश्येम सूर्य ॥

અર્થ: હે સૂર્ય ! તારી ઉપાસનાથી જેમનાં શરીર તેજ:પુજ (सुचक्षसः) થયાં છે, કોઇપણ રોગની જેમને બાધા થઇ નથી (अनमीवाः), ઉત્તમ સંતતિ જેમને લાધી છે (प्रजावन्तः), જેમનું અંતઃકરણ નિષ્પાપ અને નિર્મળ થયું છે (अनागसः), મન પ્રસન્ન અને બુદ્ધિ કુશાગ્ર થઈ છે (सुमनसः) અને જેમના દરેક રૂંવાટામાંથી અભિનવ ચૈતન્ય ફાટફાટ થાય છે (ज्योग्जीवाः), એવા અમે, આયુષ્ય વધારનારા તને (मित्रं) આકાશમાં નિત્ય ઊગતો અનેક વર્ષો જોઇએ."

કુદરતે બક્ષેલી, અનાયાસે પ્રાપ્ત થતી આ ચૈતન્યપ્રદ સૂર્યશક્તિનો યથાયોગ્ય ઉપયોગ કરવામાં આવે તો આ ઋચામાંનો દરેક શબ્દ નિઃસંશય સાચો પડે.

'भाऊ'

(મરાઠી માસિક 'સૃષ્ટિજ્ઞાન' માં આવેલા લેખને આધારે)

સિંધુ રુદન

· અંજનીગીત ·

છેક જ શાન્ત હતો આ સિંધુ,
મૌનગ્રહણવ્રત જાણે લીધું,
કે શમદમનું ઝરણું પીધું,
સ્વર્ગેથી સીધું.

એક દિવસ ચન્દ્રીએ આવી,
શ્વેત કિરણનું બાણ બનાવી,
નયન પણછથી ખેંચી ફેંક્યું,
ઉર વિષે વાગ્યું.

કાતિલ એ ઘાની ચોટેથી,
ખળભળી ઊઠયો છે તે દિ'થી,
શાન્ત નિશામાં ઘોર વ્યથાથી,
રડતો એ તેથી.

રતિલાલ શુકલ

શ્નાઈડર પારિતોષિકની સ્પર્ધા

જેઓ વિમાનોમાં ને વિમાનોની અવનવી પ્રગતિમાં કાંઈ પણ રસ લેતા હશે તેઓને આ Schneider Trophy Contest બરોબર માલૂમ હશે. આ વિમાની હરીફાઇમાં વર્ષોવર્ષ મોટાં મોટાં રાજ્યો ઊતરતાં તથા તેમાં જીતવાને માટે અથાગ શ્રમ, બુદ્ધિબળ, શોધખોળો ને દ્રવ્યનો ઉપયોગ થતો. સન ૧૯૧૩થી ૧૯૩૧ લગીનો એનો ઇતિહાસ વિમાની પ્રગતિ પ્રકટ કરનાર એક સ્પષ્ટ તવારીખ છે.

એક રીતે આ પારિતોષિક ન હતું, પણ એક કિંમતી વિજયચિહ્ન હતું, જે જીતનાર પોતાની પાસે એક જ વર્ષ રાખી શકે;—આપણી ક્રિકેટ, ટેનિસ, વક્તૃત્વ આદિમાં જેમ શીલ્ડ, કપ આદિ હોય છે તેમ. શ્નાઇડરે કેટલા પૈસા ખર્ચેલા તે તથા એ 'ટ્રૉફી' શું હતી, (ઘણું કરીને એ કપ હશે) તે મને બરોબર માલૂમ નથી. પણ વર્ષોવર્ષ મોટાં રાજ્યોને આકર્ષી શકવા તે સમર્થ થઈ છે એ ચોક્કસ છે.

એની એક શરત એ હતી કે જે કોઇ દેશ એને લાગલાગટ ત્રણ વર્ષ જીતી લે, તે એને હમેશને માટે જીતીને સદાને માટે રાખી લે. આ પ્રમાણે ત્રણ વર્ષ ગ્રેટબ્રિટન જીત્યું, એટલે હવે ગ્રેટબ્રિટન એનો માલિક થયું, અને શ્નાઇડર-સ્પર્ધા આ રીતે પૂરી થઇ છે.

૧૯૩૧ની હરીફાઈ છેલ્લી અને તેરમી હતી. જાણવા જેવું તો એ છે કે શરૂઆતમાં બ્રિટિશ સરકારે કરકસરની ખાતર એમાં પૈસા ખર્ચવાની ના કહી, પાર્લમેન્ટમાં એમ જાહેર થયું અને તે પ્રમાણે ગ્રેટબ્રિટન આ તેરમી હરીફાઇમાં ભાગ ન લે એવું થયું. પરંતુ એમાં રસ લેનારા તથા એનું મહત્ત્વ સમજનારા અંગ્રેજોએ એની વિરૂદ્ધ મોટો પોકાર ઉઠાવ્યો, અને સરકારે એટલું કબૂલ કર્યું કે જો પૈસા મળે તો અમે એનો પ્રબંધ છોડી નહિ દઇએ, અને બધું કામ સંભાળી લઇશું. દેશાભિમાની ને વિમાનપ્રેમી શ્રીમંતોએ સરકારના હાથમાં તરત પૈસા મૂકયા, અને બધું તંત્ર ખેદાનમેદાન થતું બચી ગયું. પરિણામે ગ્રેટબ્રિટન એક મોટો વૈમાનિક વિજય ખોતું બચી ગયું.

પછી એક નવો બનાવ બન્યો. એમ માલૂમ પડયું કે ફ્રેંચ, ઇટેલિઅન ને અમેરિકન એ ત્રણ મોટા હરીફોમાંથી કોઇ છેલ્લી ઘડી લગી તૈયાર થઇ શકે એમ નથી. એટલે ગ્રેટબ્રિટનને તો નામની જ હરીફાઇ રહેશે. રમતગમતોમાં ય ધર્મયુદ્ધના કાયદા ને આવેશ પ્રવર્તે છે. કેટલાકને લાગ્યું કે બીનહરીફાઇની શરતમાં જીતવું એમાં ખરી બહાદુરી નથી. માટે ગ્રેટબ્રિટને પણ અત્યારે શરતમાં ન ઊતરતાં, જ્યાં લગી કોઇ હરીફ તૈયાર થાય ત્યાં લગી થોભી જવું. એના ઉત્તરમાં બીજાઓએ કહ્યું કે આ હરીફાઇ તો વિમાનોની રચનાનાં યંત્રોની છે. છેલ્લી શરતમાં જે ઝડપ સૌથી વધારે થઇ હોય, એથી વધારે ઝડપથી સહીસલામતીથી ઊડી શકે એવું યંત્ર બનાવનારાઓ જ એમાં દાખલ થાય: બીજાઓ માટે તે વ્યર્થ છે. જ્યારે ફ્રેંચ ને ઇટેલિઅનોએ નામ નોંધાવ્યાં ત્યારે એમને આમ કરી શકવાનો વિશ્વાસ હોવો જ જોઇએ. તેઓએ નવાં વિમાનો બનાવ્યાં છે, માણસોને તાલીમ આપી છે વગેરે સુવિદિત છે. તેથી જો છેલ્લી ઘડીએ તેઓ પાછા હઠી જાય તો એનો એક જ અર્થ થઇ શકે કે એમની ગણત્રી કરતાં ને બ્રિટિશ વિમાનોના કરતાં તેઓ પાછા પડયા છે એમ તેઓ જાતે જ કબૂલ કરે છે.

પરિણામે ગ્રેટબ્રિટન એકલું હરીફાઇમાં ઊતર્યું. શરતો મુજબ એણે ઊડવાના ચક્રાવા પૂરા કર્યા ને ગયા વર્ષના કરતાં યે વધુ ઝડપ સરેરાશ બતાવી. સપ્ટેમ્બરની ૧૨મીએ બપોરે ૧૨-૩૯એ; વાઇટના બેટની નજીકમાં ૩૫૦ કિલોમીટર એટલે કે ૨૧૮.૫ માઇલનો એક ત્રિકોણમાર્ગ નિશ્ચિત થયો હતો. એક રીતે તો બ્રિટિશ વિમાન ગમે તે ગતિએ તે માર્ગે ઊડીને પાછું આવ્યું હોત તોપણ તે જીત્યું હોત. પરંતુ પોતાની શ્રેષ્ઠતા સારી રીતે સિદ્ધ કરે એ પ્રમાણે સરેરાશ

૩૪૦.૦૮ માઇલની ઝડપથી તે ઊડ્યું હતું. યાદ રાખવું જોઇએ કે ગયા વર્ષની શરતમાં જે બ્રિટિશ વિમાન જીત્યું હતું તેની સરેરાશ ઝડપ એથી કાંઇક ઓછી હતી, કલાકના ૩૨૮.૬૩ હતી.

આ શરતમાંથી આપણને ઘણું જાણવાનું ને વિચારવાનું મળી આવે છે. એક તો એ છે કે એક ખાનગી ગૃહસ્થે આ શરત સ્થાપીને વિમાનોના વિકાસમાં કેટલો ફાળો આપ્યો છે. જોકે હવે શ્નાઇડર-શરત પૂરી થઇ છે, તોપણ એવી જાતની બીજી કોઇ પાછી શરૂ થશે. કહેવાય છે કે છાપાંઓએ તો નવું ઇનામ કોણ આપશે એ વિષે ય સૂચનો પ્રકટ કરી દીધાં છે.

નીચેના કોઠો જોઇને આપણને વધુ સમજ પડશે:

વર્ષ	યંત્ર	જીતનાર દેશ	સરેરાશ કલાકે કેટલા માઇલ
૧૯૧૩	ડેપ ડચ્સીન	ફ્રાન્સ	૪૫.૭૫
૧૯૧૪	સૉપવિથ	ગ્રેટબ્રિટન	૮૬.૭૫
૧૯૨૦	સેવોયા	ઇટલી	૧૦૭.૧૨
૧૯૨૧	મેકાઈ	”	૧૧૦.૮૪
૧૯૨૨	શુપર-મેરીન	ગ્રેટબ્રિટન	૧૪૫.૬૨
૧૯૨૩	કર્ટિસ	યૂ.સ્ટે.અમેરિકા	૧૭૭.૩૮
૧૯૨૫	”	”	૨૩૨.૫૭
૧૯૨૬	મેકાઈ	ઇટલી	૨૪૬.૪૯
૧૯૨૭	સુપર-મેરીન	ગ્રેટબ્રિટન	૨૮૧.૬૫
૧૯૨૯	”	”	૩૨૮.૬૩
૧૯૩૧	”	”	૩૪૦.૦૭

ઝડપના માઇલના આંકડા સરેરાશના છે. એટલે આખી શરત દરમ્યાન એકસરખી ઝડપ ન સાચવી રહેવાય એનું એ પરિણામ છે.

૧૯૧૩ની સાલનો લગભગ ૪૫ માઇલનો આંકડો (આપણી રેલવે ટ્રેન ઝડપમાં જતી હોય, લગભગ તેટલી ઝડપનો) જરા ભ્રમજનક છે, કારણકે જીતનારે છેલ્લી હદ ઓળંગવામાં કાંઇક ભૂલ કરી એટલે એને વધારે ઊડવું પડ્યું હતું. એની ઝડપની ખરી સરેરાશ કલાકના ૭૦ માઇલની નજદીકમાં હતી. (એટલે આજની બ્રિટિશ એક્સપ્રેસ ટ્રેનોની ઝડપ: એ ઝડપથી ટ્રેન જતી હોય છે ત્યારે આપણને પસાર થતાં દશ્યો ને પદાર્થો-ખરૂં જોતાં આપણી ટ્રેન જેને પસાર કરતી હોય તે દશ્યો ને પદાર્થો-અસ્પષ્ટ રેખાવાળાં ને ઝાંખાં દેખાય છે.) તેથી ૧૯૧૩થી ૧૪ના ગાળામાં ખરૂં જોતાં સુધારો નજીવો હતો, અને તે થોડે ભાગે યાંત્રિક રચનાનો ને મોટે ભાગે આવી શરતોમા યંત્રો હાંકવાના અનુભવનો હતો.

૧૯૧૪-૨૦ના ગાળાના પ્રમાણમાં ૨૦ માઇલની ઝડપની વૃદ્ધિ અલ્પ જ કહેવાય. તેનું એક કારણ એ હતું કે આ શરત એવાં વિમાનોની વચ્ચેની હતી કે જે પાણી ઉપર પણ જઈ શકે. એને 'સી-પ્લેન' અથવા સમુદ્ર-વિમાન કહે છે. આ છ વર્ષનો ગાળો લડાઇનો હતો, તેમાં લડનારી પ્રજાઓ જમીનથી ઊડનારાં અને જુદી જાતની હાલતમાં કામ કરનારાં વિમાનોને ખીલવવામાં મગ્ન હતી. એટલે સમુદ્ર-વિમાન તરફ થોડું જ લક્ષ હતું.

૧૯૨૦-૨૧ના ગાળામાં ઝડપમાં જોકે પોણા ચાર માઇલનો જ વધારો હતો તોપણ રચનામાં એક મોટો વિકાસ થયો હતો. પહેલાંનાં વિમાનો ૫૫૦ હૉર્સ-પાવરનાં એન્જીનો ઊંચકી જતાં હતાં તેને બદલે યાંત્રિક સુધારાને લીધે હવે માત્ર ૨૦૦ હૉર્સ-પાવરનાં એટલે વધારે હલકાં એન્જીનો વપરાઇ શક્યાં.

૧૯૨૦ ને ૨૧માં ઇટલી જીત્યું, ને ૧૯૨૨માં યે તે જીત્યું હોત તો શ્નાઇડર પારિતોષિકનું માલિક તે થાત. પણ ગ્રેટબ્રિટને સુપર-મેરીન નામની 'ઊડતી બોટ' રજુ કરી અને એની ઝડપ લગભગ દોઢસો માઇલની થતાં, ઇટલીના મોંનો કોળિયો પડી ગયો. છતાં સુપર-મરીનની આટલી ઝડપ વધારે હતી, પણ એને પાછું ભારે એન્જીન, ૪૫૦ હૉ.પા.નું વાપરવું પડેલું.

પણ દરમ્યાન અમેરિકા ઊંઘતું ન હતું. ૧૯૨૩માં કર્ટિસ સમુદ્ર-વિમાને આ ક્ષેત્રમાં નવો યુગ પ્રવર્તાવ્યો, ઘણા યે જૂના જ્ઞાતાઓના વિચારો ખોટા ઠરાવ્યા અને વધારાની શક્તિના માત્ર ૧૫ જ હૉર્સ પાવર લીધા છતાં, રચનાના અન્ય અનેક સુધારાઓને લીધે પોણા બસોની ઉપર ઝડપ બતાવી દીધી.

મુખ્ય સુધારો એ સિદ્ધાન્ત ઉપર હતો કે આગળના ભાગને હવાનો પ્રતિરોધ ઓછામાં ઓછો થાય એમ કરવું. તેથી આ વિમાનોના બાહ્ય દેહનું સારી પેઠે રૂપાન્તર થયું; અને રૂપાન્તરની સફળતા સિદ્ધ થઇ એટલે હવે એ જ પ્રશ્ન રહ્યો કે આગળનો ભાગ નાનામાં નાનો રાખી તથા એન્જીન તેલ તથા અન્ય સાહિત્યનો ભાર ઓછામાં ઓછો રાખી વધારેમાં વધારે શક્તિ-'પાવર' આપે એવું એન્જીન કોણ બનાવી શકે છે. મતલબ કે ઇજનેરોની લડાઈ બાકી રહી.

૧૯૨૫માં પાછું યુનાઇટેડ સ્ટેટ્સ જીત્યું અને તેમાં અમેરિકન વિમાને ૬૦૦ હૉ.પા.ના એન્જીનનો ઉપયોગ કર્યો હતો. બે વાર લાગલાગટ જીતતાં, એ દેશને યે છેલ્લી જયશ્રીની આશા બંધાઇ હશે. કલાકના પોણા-બસો માઇલથી વધીને સવા બસોથી યે વિશેષ ઝડપ એણે મેળવી હતી, એ કાંઇ જેવું તેવું કૃત્ય નહોતું.

પણ ૧૯૨૬માં ઇટલી ફરી આગળ આવ્યું. અમેરિકા પાસેથી ધડો લઇ ૮૦૦ હૉ.પા.ના એન્જીનનો ઉપયોગ કરી, માત્ર ૧૪ માઇલની વધુ ઝડપ મેળવી; પણ આગળ એ આવ્યું, ને લગભગ ૨૫૦ માઇલની ઝડપની સ્થાપના એણે કરી.

પણ તે પછીથી અંગ્રેજોએ રૉલ્સ–રૉયસ એન્જીન-વાળાં સુપર–મેરીન બનાવીને પહેલાંના બધા યે આંકડાઓ તોડ્યા. ૧૯૨૭માં ૮૭૫ હૉ. પા. નું એન્જીન વાપરીને એકદમ ૨૮૧ માઇલ ઉપર ઝડપ લઇને એ જીત્યા. ૧૯૨૯માં એથી બમણા ૧૯૦૦ હૉ પા. નાં એન્જીન વાપરીને સવા ત્રણસો માઇલ ઉપર આંકડો પહોંચાડ્યો. અને આ છેલ્લી બીન–હરીફાઇની શરતમાં ૩૪૦ માઇલનો આંકડો પાડ્યો ત્યારે તો એન્જીન બે હજારથી યે વધુ હૉ. પા. નું હતું!

આ શરત જીત્યા પછી બીજા અંગ્રેજે (લેફ. સ્ટેઇનફૉર્થે પ્રદર્શનને ખાતર ત્રણ કિલોમીટરના માર્ગ ઉપર ચાર વાર આક્રમણ કર્યું. પહેલી વખતની ઝડપ કલાકે ૩૭૩.૮૫ માઇલની, બીજી વખતે ૩૮૮.૬૭ની, ત્રીજી વખતે ૩૬૯.૮૭ની અને ચોથી વખતે ૩૮૩.૮૧ માઇલની થઇ. એટલે સરેરાશે ૩૭૯.૫ માઇલની!

કલાકના સાડા ત્રણસોથી પોણા ચારસો માઇલની મુસાફરી! એ ઝડપનો વિચાર કરતાં યે વાર લાગે. એ ઝડપ જળવાઇ રહે તો મુંબાઇથી અમદાવાદ જતાં એક કલાક પણ ન થાય! આગ્રાથી મુંબાઇ જતાં બે કલાક બસ થાય! કલકત્તાથી દિલ્હી જતાં વાઇ-સરૉય આજે બે ઠેકાણે થોભે છે, બ્રેકફાસ્ટ તથા લંચને માટે. પણ પછી તો બે જ કલાકમાં પહોંચી જવાય. એક દિવસમાં માણસ મુંબાઇથી દિલ્હી જઈ ત્યાંનું કામ કરી પાછો મુંબાઇ આવી શકે!

પણ આ શરતોમાં જીતનાર વિમાન ખરૂં જોતાં બીજા કોઇ કામમાં આવી શકે એમ નથી. એક તો એ કે હવામાં હાલના આકારના વિમાનમાં કલાકના ૪૦૦ માઇલની ઝડપે સાધારણ રીતે જવું એ જરા યે સલામત નથી. વળી આવાં યંત્રોની ઝડપ ૧૦૦ માઇલથી ઓછી થાય છે કે તરત એ કાબુમાં રહેવાં મુશ્કેલ છે. અને એમને શાંત પાણીની સપાટી ઉપર જ ઉતારી શકાય. વધુમાં વધુ ઝડપ મેળવવાની સાથે ધીમાશથી જઇ શકવાની ઓછામાં ઓછી ઝડપ ઉપર, અને ઝડપ વધારવાનો કાળ જરૂર મુજબ લંબાવી શકાય, વધારીએ તેવા ધીરા ક્રમથી ઝડપ વધારી શકાય, એવો કાબુ મળવો જોઇએ.

તેમ આ વિમાનો બીજો ભાર ઉઠાવી શકે એવાં નથી. વળી એનાં એન્જીનોનું આયુષ્ય થોડા કલાકનું જ હોય એમ સંભવિત છે;—પછી ગમે તેવો કાબેલ ને કાળજીવાળો ઇજનેર ને પાઇલટ કેમ ન હોય.

અત્યારે જે વિમાનો મુસાફરો વગેરેને લઇ જવામાં વપરાય છે (અને અમેરિકામાં તો આવા વાયુ–માર્ગો બહુ સારી રીતે સ્થાપિત થયા છે) તેઓ પણ સરેરાશે કલાકના સો માઇલથી વધારે ઝડપે જતાં નથી.

બધો વિચાર કરતાં એટલું સ્પષ્ટ દેખાય છે કે જેકસ શ્નાઇડરના ઇનામને લીધે વિમાનોની રચનામાં ને ઝડપમાં બહુ સુધારા થયા. પણ શરત જીતવાની લગનીમાં અને ઝડપ વધારવાની ઝુંબેશમાં ઉપયોગિતા જે મુખ્ય હેતુ હતો તે ઉપર યોગ્ય લક્ષ અપાયું નથી. નવું ઈનામ કાઢતી વખતે એની હરીફાઇની શરતો વધારે વિચારપૂર્વક ગોઠવાવી જોઇએ, જેથી વિજયની નૈતિક હોંશ ઉપરાંત માનવજીવનને સ્પર્શ કરે એવી સફળતા પણ પ્રાપ્ત થાય.

કાન્તિલાલ છગનલાલ પંડ્યા

('નેચર' સપ્ટેંબર ૧૯,૧૯૩૧ના એક અગ્રલેખને આધારે)

એક મહેરબાન ક્યાંકથી ઘોડો ચોરીને લાવતા હતા. રસ્તામાં બેએક જણે ખરીદવાની ઇચ્છા બતાવી, પણ સોદો પત્યો નહિ ભોગજોગે બીજા એવા જ એક મહેરબાન એમને સામા મળ્યા. એમણે પૂછ્યું, 'ઘોડાની શી કિંમત છે?' જવાબ મળ્યો: 'પાંચસો રૂપિયા.' પેલાએ કહ્યું, 'વારુ; જરા હું ચડીને જોઇ લઉં. આ મારા જોડા અહીં ઉતારૂં છું; જરા ધ્યાન રાખજો.'

એ તો ઘોડાપર સવાર થઇને છપાંચ ગણી ગયો. ગાંડો હોય તે પાછો આવે? અહીં આ મહેરબાનને ઉદાસ ચહેરે જોડા પાસે ઊભેલા જોઈ કોઇએ પૂછ્યું, 'કેમ ભાઇ, ઘોડો કેટલે વેચ્યો?' તેને જવાબ આપ્યો, 'જેટલાનો ખરીદ્યો હતો તેટલાનો વેચ્યો; નફામાં આ જોડા મળ્યા છે!'

દેવોનું કાવ્ય

સાબરમતી જેલમાં દક્ષિણોત્તર સૂઇ જઇને આકાશ જોવાની કેટલી મજા આવે છે! જાણે હોઝમાં તરતા પડ્યા છીએ. જેલની દીવાલો એ હોઝનો કિનારો છે. પગના અંગૂઠા ઉપર નજર સામે અચળ ધ્રુવ વિરાજમાન છે; ત્યાંથી જમણી બાજુએ શીંગડાના ખડિયા જેવો ધ્રુવમત્સ્ય ઊભો છે; અને સપ્તર્ષિ તો પોતાના ચક્કરમાં ઉપર સુધી પહોંચી નીચે ભૂસકવાની તૈયારીમાં છે.

પણ રહો! સપ્તર્ષિ હજી ઘણો વખત સુધી ત્યાં જ રહેશે; પણ પેલા ગુરુ શુક્ર આથમે છે એમને પ્રથમ પ્રણામ કરીએ. કેવી સુંદર જોડી! જાણે મોતીને મળવા હીરો આવ્યો છે. અથવા નહિ; સુરગુરુ અને અસુરગુરુ દૂરદૂરના પવિત્રા છોડી દઈ છેલ્લી કુસ્તીમાં બાથ ભીડવા તૈયાર થાય છે. અંતે વિજય કોનો થશે એ વિષે હવે શંકા રહી નથી. કાલે કે પરમ દિવસે એમની યુતિ થવી જોઇએ. યુતિ વખતે શુક્રાચાર્ય ગુરુ કરતાં ઊંચા આવેલા દેખાશે. પણ એનું વેર ક્ષત્રિક છે. ગુરુ પોતાનું સ્થાન છોડે એમ નથી. ભીમ અને જરાસંધના મલ્લયુદ્ધ જેવું આ યુદ્ધ જોવા એક તરફ બ્રહ્મહૃદય ચિત્ત દઇને ઊભું છે અને બીજી તરફ અસ્ત થએલા મૃગને છોડી દઇને આર્દ્રા નામધારી રુદ્ર લાલ આંખે નિહાળી રહ્યો છે.

બ્રહ્મમંડળ આખું દેખાવું જોઇએ, પણ અઢાર લીમડાનાં પાંદડાં આડે આવ્યાં છે એટલે એ 'કૅપેલા' ને પડખેનાં ઘેટાંનાં બે બચ્ચાં જ દેખાય છે.

બ્રહ્મમંડળ એ મારે મન તો હમેશાં ખીચડીનું વાસણ જ છે. આથમે છે ત્યારે અંદર કડછી નાખીને અંદરની બધી જ ખીચડી જાણે બહાર કઢાય છે.

આથમ્યા; એ બધા જ આથમ્યા રુદ્ર, ગુરુ, શુક્ર, કોઇ રહ્યું નથી. હવે પશ્ચિમ આકાશમાં પુનર્વસુની એકલી હોડી તરે છે. પુનર્વસુના ચાર તારાનો પલંગ બનાવવા કરતાં હું તો પ્રશ્વનથી છ તારાને હોડી જેવી કમાન છે તેને જ વધારે સુંદર ગણું છું. અને 'કેસ્ટર' ને 'પોલોક્સ' ને એ હોડીનું પાછળનું સુકાન કલ્પું છું. એ હોડી દક્ષિણ તરફ આશ્રમ બાજુ પ્રયાણ કરે છે. હોડીમાં ચડવાની વ્યાધની ઉમેદવારી નિષ્ફળ જવાની છે. મૃગની પાછળ દોડવું ને પુનર્વસુની હોડીમાં ચડવાની આશા રાખવી આ બે લોભ રાખવાથી બીચારો ત્યાં ને ત્યાં જ રહ્યો છે એકેમાં સફળ થયો નથી.

એનું સાચું નામ કયું? પુષ્ય કે તિષ્ય? મહાવંશ વાંચું છું ત્યારે તિષ્ય નામ ગમે છે; પણ આકાશમાં જોઉં છું ત્યારે લાગે છે કે એ તિષ્ય તો નથી જ. પણ પુષ્યને બદલે પુષ્પ હોવું જોઇએ. પુનર્વસુની નૌકા-માં બેઠેલી કોઇ અપ્સરાએ ઉપર ઉછાળેલું અને ત્યાગને લીધે ખંડિત થએલું એ મ્લાન પુષ્પ છે.

હવે આપણે આશ્લેષાને વટાવીને મઘા તરફ આવીએ. મઘા એટલે સિંહ રાશિ. આકાશમાં તો કેમે કરીને એ સિંહની આકૃતિ બનતી નથી, પણ વેદનું વચન યાદ આવે છે. સંસ્કૃતમાં ત્યારે શું એ સિંહનું પરાક્રમ હશે? આપણા સપ્તર્ષિઓએ હમેશને માટે મઘા નક્ષત્રમાં રહેવાનું કેમ પસંદ કર્યું હશે? મઘાના પાણીમાં નહાવાની સગવડ જોઇને?

પણ આટલી વારમાં સપ્તર્ષિ ઊતરવા માંડ્યા અને એ જેલનો નવનો ટકોરો થયો. કહે છે કે મઘાનો યોગતારો ખલાસીઓને માટે બહુ મહત્ત્વનો છે. આકા-શના ચાર રાજામાંનો તે એક છે. મઘા એટલે દાતરડું એ તો હવે મગજમાં ઠસી જ ગયું છે. એના હાથાને છેડે બે દોરીઓ બાંધી છે. બંનેને છેડે એકએક ફૂમતું છે. એક પશ્ચિમ તરફ ઊડે છે અને બીજું જાણે દક્ષિણ-પશ્ચિમ તરફ ઊડે છે. અને એ બે ફૂમતાં વચ્ચે બરાબર સીધી લીટીમાં એક ઝાંખો તારો પોતાનું અસ્તિત્વ પ્રગટ કરવું કે ન કરવું એની શંકામાં ઊભો છે.

ચાલો હવે આપણે બંને ફાલ્ગુનીઓનો પરામર્ષ લઇએ. એ ચોરસ તો નથી જ. ઉત્તરા ફાલ્ગુનીની તલ-કતી તારા રૂપગર્વિતા થઈ જો સ્થાન પરથી ખસી ન હોત તો એ ખાસ્સો ચતુષ્કોણ થયો હોત. ને જાણે પોતે બરાબર સ્થાન પર છે ને પોતાની સખીનો જ વાંક છે એમ ટગરટગર તે આપણા તરફ જુએ છે. સ્ત્રીઓ સાથે દલીલ હોય નહિ એટલે આપણે આગળ ચાલીએ.

હસ્તને જોવા માટે માથાને તાણ આપવા કરતાં ક્રમભંગનો દોષ વહોરી લઇને આપણે પ્રથમ સ્વાતિનોજ

જોઈ લઇએ. તેને પહેલવહેલી નવસારીમાં જોઇ હતી. પ્રદર્શન આગળના મેદાનમાં ચળકતી હતી. તે દિવસથી એણે મારી સાથે કેટલીયે મુસાફરી કરી છે. એ કાશ્મીરમાં આવી હતી; લંકામાં એણે મને દર્શન દીધું હતું.

ચિત્રા તો મારૂં જન્મનક્ષત્ર. ચિત્રામાં ક્ષણેક્ષણે રંગ બદલવાની સ્વાતિની કળા નથી. એને તો એક જ તેજ હમેશને માટે ધારણ કરવું છે.

જ્યાં સુધી જ્યોતિષના ગણિતનો ખ્યાલ ન આવે ત્યાં સુધી આ કોયડાનો ઉકેલ આવતો જ નથી: ચિત્રા ને સ્વાતિ સાથે જ ઊગતાં છતાં ચિત્રા જલદી આથમી કેમ જતી હશે? ખરૂં જોતાં ધ્રુવથી ચિત્રા વધુ દૂર હોવાથી એને જ આકાશનો વધુ માર્ગ કાપવો પડે.

પણ સ્વાતિ નીચે લટકતા આ કિરીટનું શું કરીશું? એના સાત તારામાં કોહીનૂર જરાક આગળ બેસાડ્યો છે એ ઘડનારની કુશળતા બતાવે છે. છેક માથા પર રહે એના કરતાં સહેજ કપાળ તરફ ઝુકે એ વધારે ઉઠાવદાર દેખાય જ. આ કિરીટને કોને માથે મૂકી દઇશું? જેને માથે મૂકાએ તે આકાશની રાણી થાય. અત્યારે ઉમેદવાર તો બે જ છે: ચિત્રા અને સ્વાતિ. સ્વાતિ કહેશે કે તેજ તો મારૂં જ કહેવાય. હું નમ્રતાથી એને કહીશ. માટે જ મુકુટ વિના તારૂં ચાલી શકે એમ છે. હું તો એ મુકુટ મારી ચિત્રાને જ આપું.

પણ હવે દિશા ફેરવીને ઉત્તર તરફ માથું કરીને ચિત્રાનું સીધું દર્શન કરીએ એ જ બરાબર છે. હસ્તની આટલી સુંદર અને સ્પષ્ટ આકૃતિ હોવા છતાં પેલા બંગાળીએ ભૂગોળચિત્રમાં કેવી ભમરાળી આકૃતિ ચીતરી છે? પેલો નીચે અંગૂઠો છે: ઉપર તર્જની, મધ્યમા અને અનામિકા છે; અને કનિષ્ઠિકાએ જેમતેમ સ્થાન મેળવ્યું છે. ચિત્રલેખાએ તેજોરસમાં પોતાની પાંચે આંગળીઓ બોળીને આકાશના ફલક ઉપર પોતાનો પંજો મુદ્રિત કર્યો અને તે હસ્ત થયો. હસ્ત ઉપરથી એ હાથિયા તરીકે ઓળખાય એમાં આશ્ચર્ય નથી થતું; પણ પશ્ચિમના લોકોએ એને કાગડો શી રીતે બનાવ્યો એ તો કલ્પનાની બહારની વાત છે.

સાવ દક્ષિણમાં ત્રિશંકુ સ્વર્ગે ચડવાની મથામણ કરે છે; પણ એનાં ભાગ્ય જ ઓછાં. એને તો દૂરથી જ સ્વર્ગની ઝાંખી કરી નીચે ઊતરવું પડે છે. સ્વર્ગના દ્વારપાળ જયવિજય એમને દિલાસો આપે છે. પણ અત્યારે તો તાજેતર જુવાન થએલો પીપળો એ બંનેની આડે આવે છે એટલે આપણે એમને છોડીને વિશાખાને બારણે પહોંચી જઇએ.

વિશાખાનું જો જૂનું નામ રાધા જ હોય તો એ કોણે ફેરવ્યું, શા માટે ફેરવ્યું? કયા વૃક્ષની એ બે શાખાઓ છે? એ બધું કોણ કહી શકે?

થોભો, થોભો! આ દીવાલ પરથી વૃશ્ચિક ઉપર આવે છે. અનુરાધા તો પૂરી ઉપર આવી. વૃશ્ચિકના પેટમાંથી પ્રવાલ જેવો ચળકતો પારિજાત પણ ડોકિયું કરે છે. પણ ઊગતા વૃશ્ચિકનું દર્શન કોણ કરે? એને તો સવારે દસ ખોલી ઉપર આડો પડેલો જ જોવાની મજા. એટલે અત્યારે તો આ દેવોનું વિસ્તરેલું સુંદર કાવ્ય અહીં જ સમાપ્ત કરી કાવ્યાનંદમાં નિમગ્ન થઈશું અને નિદ્રાદેવીને કહીશું કે પોતાના સ્વભાવની પેઠે એ ચૂપચાપ ગમે ત્યારે ધેરો ઘાલે. નિદ્રાદેવીને છડેચોક આવતાં આટલી શરમ શાની? એનું સામ્રાજ્ય તો હક્કનું છે. પણ નહિ; ઉઘાડી રીતે એ નહિ જ આવે. એનો બધો આનંદ આપણને છેતરવામાં જ છે!

ત્યારે શું આ બધા તારાઓ આકાશના દેવો હશે? મને લાગે છે કે એ દેવોનાં આસન છે. કોઈનાં મોટાં તો કોઈનાં નાનાં. દેવો કોઇ કાળે સૂએ નહિ એટલે એમને પથારીની શી જરૂર? આસન ઉપર બેઠાંબેઠાં પરમાત્માના વૈભવનું ગાન કરતા હશે અને અનંત કાળની ગણના કરવાનો પ્રયત્ન કરતા હશે.

રાત શી રીતે વીતી ગઇ તેની ખબરે ન પડી. અને અત્યારે તો વૃશ્ચિક દસ ખોલી પર આથમવા આવ્યો છે. એનું માથું હળ જમીન ખોદતું હોય એવું ત્રાંસું છે અને એનું પેટ જ્યેષ્ઠાનું બનેલું છે.

ત્રણત્રણ તારાની શોભા આપણને ત્રણ ઠેકાણે મળે છે: મૃગના પેટમાં ઇશુત્રિકાંડવાળા બાણની; વૃશ્ચિકના પેટમાં જ્યેષ્ઠાની; અને આ માથે આવેલી આકાશગંગાને કિનારે માબાપની કાવડ લઇને ઊભેલા શ્રવણની. શ્રવણ કેવો નાક સામે આકાશમાં લટકે છે! અને ઉપર જરા ઉત્તર તરફ નજર ફેંકીએ એટલે અભિજિત તૈયાર છે જ. અભિજિત એ જ દશરથ એમ મને કેમ થાય છે? શ્રવણ નક્ષત્ર એનું બાણ છે એવા ખ્યાલથી? પરંતુ અહીં એ કલ્પનાને જવા દઇએ. એને માટે તો રામાયણમાં પુરાવો ખોળવો પડશે. પણ

પેલો પારિજાત, પેલી આથમતી સ્વાતિ અને આ અભિજિત ત્રણનો કેવો સુંદર અને વિશાળ ત્રિકોણ થાય છે! આ અભિજિતની જમણી બાજુ શૌરી— હર્ક્યુલિસ પથરાયો છે, જ્યારે ડાબી બાજુ, આકાશ-ગંગામાં ચાંચ બોળતો હંસ જાણે 'કેસિયો પિયા' તરફ દોડે છે. હંસ પક્ષી જેવો તો તે સ્પષ્ટ દેખાય છે. એ એની ચળકતી ચાંચવાળો યોગતારા, વચમાં આવેલું એ પેટ અને બે બાજુ ફેલાએલી પાંખો. પીંછાંની પૂંછડી આટલી અસ્પષ્ટ કેમ? ગંગાના નીરમાં ભીંજાઈ ગઈ એથી?

પણ એને ઊડવા દઈ આપણે ફક્ત સત્તાવીશ કે ઓગણત્રીસ દિવસમાં આકાશની પ્રદક્ષિણા કરનાર ચંદ્રનું ને છેક ઓગણત્રીસ વર્ષે પોતાની પ્રદક્ષિણા પૂરી કરનાર શનિશ્ચરનું દર્શન કરીએ. શનિની કાળાશ કૃષ્ણ-પક્ષમાં ચંદ્ર સાથે કેટલી ભળી જાય છે!

હવે તો વૃશ્ચિકનો ફક્ત ડંખ જ દેખાય છે. પણ એનો ડોળ તો જુઓ! એ બે તારા જ્યાં ભોંકાયા ત્યાં તો વેદના જ વ્યાપી રહેવાની. આ પૂર્વાષાઢા અને ઉત્તરાષાઢા એ ડંખનો માર બચાવવા જુઓ કેવી પોતાની જાતને બચાવે છે.

આ પેલો આગ્નેય દિશામાં અટૂલો ઊગ્યો. એનું એકાકી-પણું એ જ એની ખૂબી છે. પૂર્વાભાદ્રપદાની લીટીમાં દૂર દક્ષિણમાં જઇને બેઠો છે. એ રીસાયો છે કે તપ કરે છે એ કોણ કહી શકે? એ તો ધ્રુવને જ પૂછવું પડશે.

પૂર્વાભાદ્રપદાને માથે ઉપર ચડાવેલા બે હાથ જેવા બે તારા દેખાય છે એ તો આથમતી વખતે જ મજાના લાગે છે. અત્યારે એનો આકાર ગળણી જેવો પણ નહિ કહી શકાય. પૂર્વાભાદ્રપદા મળીને સુંદર ચોરસ થાય છે. એને 'સ્ક્વેર ઑફ પૅગૅસસ' કહે છે એટલું જાણતા છતાં એ પૅગૅસસની વાર્તા મને યાદ નથી એ કેટલી દુઃખની વાત? પણ આ ચારમાંથી ત્રણને જ લઇને પાંખ-વાળા ઘોડાનું બનેલું ચિત્ર તો હજી યાદ છે.

અટૂલાથી પણ દૂર દેખાતો પેલો દક્ષિણ તરફનો તારો કોણ છે? યમુના કે વામમત્સ્ય? અત્યારે એનો નિર્ણય કરવા નહિ બેસીએ. અગસ્ત્યની હારમાં એ ઊભો થશે ત્યારે એની વાત.

હવે પહેલાંની પેઠે દક્ષિણ તરફ માથું કરીને વિષ્ણુનું ધ્યાન ધરતા ધ્રુવને ફરી નમસ્કાર કરીએ.

હીરાલાલભાઇ કહે છે કે ધ્રુવ તે જ વિષ્ણુ અને 'કેસિયોપિયા' તે લક્ષ્મી. એમની વાત સાચી હશે; પણ મેં કેસિયોપિયાને દેવયાની બનાવી છે એનું શું? દેવો જેના ઉપર બેસીને ફરે છે એવી એ આરામખુરશી દેવયાનીને નામે જ પ્રસિદ્ધ થવી જોઇએ.

સપ્તર્ષિના તો હવે ફક્ત ત્રણ જ તારા દેખાય છે. એ ચિત્ર શિખંડીનો પિચ્છભાર છે. સપ્તર્ષિને મોર બનાવનારની કલ્પના ભારે છે.

સ્વાતિ હમણાં લીમડાનાં પાંદડાંમાં અલોપ થશે. જ્યાં સુધી 'એન્ડ્રોમીડા' ઉપર આવે નહિ ત્યાં સુધી 'શૌરીનું ધ્યાન ધરીને જ બેસવું જોઇએ. આ શૌરી–'હર્ક્યુલસ'–મોટો કે 'ઓરાયન' મોટો? આ શૌરીનું એમ તો કશું મહત્ત્વ નથી. પણ આપણો સૂરજ દોડતો દોડતો એ શૌરી તરફ જાય છે એવું જ્યોતિર્ધરોએ નક્કી કર્યું છે ત્યારથી એનું મહત્ત્વ વધ્યું છે. ચંદ્ર પૃથ્વીની આસપાસ ફરે, પૃથ્વી સૂરજની આસપાસ ફરે, સૂરજ શૌરી ઉપરથી નક્કી થાય એવા કોઇ અજ્ઞાત તારાની આસપાસ ફરે! આમ ક્યાં સુધી ચાલવાનું? પેલી સંસ્કૃત કહેવત યાદ આવે છે. तिमिंगिल गिलोऽप्यस्ति तद्गिलगिलोऽप्यस्ति राघवः ॥ ભગવાને ટૂંકામાં કહી દીધું છે કે: नास्त्यंतो विस्तरस्य मे ॥

દત્તાત્રેય બાલકૃષ્ણ કાલેલકર

પાયાના પથ્થર

[દ્રુતવિલંબિત]

સહી રહ્યા મુખ મૂક કરી શિરે,
સહવું એ જ ગણી નિજ ધર્મને;
અતુલ આપ્યું તમે બલિદાનને
હૃદયઆશ કરી દૂર સૌ ધિરે.

તપ તણાં ફળમાં રુચિ ના ધરી;
જનમીને બહુ વર્ષ થયાં નહિ,
જીવનની તદીં તૃપ્તિ શમી રહી,
અવગણી વય શિર દીધાં ધરી.

હૃદયઆંખથી સ્તંભ દીઠો થતો,
નિજ મુખે તમ અશ્રુનદી વહી;
કુમળી આશ બધી કચડી રહી
ગગનને ચૂમવા હજી યે જતો.

નટવરલાલ મગનલાલ પટેલ

ઇતિહાસદર્શન

શિવાજી મહારાજ નાસી છૂટે છે

ગયા અંકને અનુસંધાને પૂરૂં

આવી સ્થિતિમાં શિવાજીએ ત્રણ મહિના ગાળ્યા. નવ વર્ષના સંભાજીને ખોળામાં બેસાડી શિવાજી રાયગઢને, જીજાબાઇને અને દક્ષિણને સ્વપ્નોમાં નિહાળે છે. દૂરદૂર સહ્યાદ્રિના ડુંગરા તેને બોલાવી રહ્યા છે. જાણે પોતે સાંભળે છે કે 'શિવાજી, ઊઠ! આળસ ખંખેરી નાખ. અરજી છોડી દે. આજીજી તજી દે. એક વખત તારૂં પર્વતના બચ્ચાનું હૃદય મેળવી લે; અને એક ઘડીમાં તું બંધનમુક્ત થશે.'

શિવાજી નજરકેદ બન્યો એટલે રાજા જયસિંહની સ્થિતિ કફોડી થઇ. શિવાજીને દક્ષિણમાંથી ખસેડવાની જરુરિયાત એણે જોઇ હતી, પણ રજપૂત તરીકે અને રાજા તરીકે એણે ગંગાજળ લઇને પ્રતિજ્ઞા કરી હતી કે બાદશાહ સાથેની મુલાકાતમાં શિવાજીને સૂબેદારી મળે કે ન મળે, પણ તે મહારાષ્ટ્રમાં સહીસલામત પાછો તો આવશે જ. એટલે એણે ઔરંગઝેબને લખ્યું કે શિવાજીને કેદ કરવાથી અથવા મારી નાખવાથી દક્ષિણની રાજદ્વારી સ્થિતિમાં બીલકુલ ફેર નહિ પડે. શિવાજી એવો વિચક્ષણ છે કે તેનું રાજ્યતંત્ર તેની ગેરહાજરીમાં એકધારૂં ચાલ્યા કરે એવી એણે વ્યવસ્થા કરી છે. એટલે શિવાજીને મેળવી લેવાથી વધુ ફાયદો છે. રાજદ્વારી કુનેહ પણ એ જ બતાવે છે. જયસિંહ આ વાત ઔરંગઝેબને ગળે ઉતારવા મથતો હતો તે દરમ્યાન તેણે પોતાના પુત્ર રામસિંહને પણ લખ્યું હતું કે શિવાજીની જિંદગી જોખમમાં ન આવે એ તારે જોતા રહેવું. અને કોઇપણ સંજોગોમાં આપણે આપેલું વચન રહેવું જ જોઇએ; શિવાજી મહારાષ્ટ્રમાં એક વખત સહીસલામત પાછો ફરવો જ જોઇએ. પછી બાદશાહ સલામતનો હુકમ હશે તો આપણે જ એને ઉખેડી નાખીશું. પણ રજપૂતનું વચન ફરે ને આપણી રજપૂતાઇને કલંક ન ચોંટે એ પહેલું જોવાનું છે.

પણ જયસિંહ પ્રતિજ્ઞા પાળવા ગમે તેટલો મથે છતાં એ હજાર માઇલ દૂર હતો. ઔરંગઝેબે દક્ષિણની પરિસ્થિતિ તપાસીને પછી એ પ્રમાણે શિવાજી સાથેની પોતાની રાજનીતિ નક્કી કરવાનો વિચાર કર્યો હતો. એટલે જેમજેમ વિજાપુર-ગોવળકોંડાની લડાઇ લંબાતી ગઇ તેમતેમ શિવાજીની નજરકેદ પણ લંબાતી ગઇ. પહેલાં તો રામસિંહને કહેવામાં આવ્યું કે શિવાજી આગ્રામાં જ રહે એની જવાબદારી તારા ઉપર છે. રામસિંહે પિતાની આજ્ઞા પ્રમાણે આવી જવાબદારી લેવાની ચોખ્ખી ના પાડી. શિવાજી આગ્રામાં છે, એને સાચવવાનું કામ અમારૂં નહિ. અમારી તો એટલી જ માગણી કે અમે વચન આપ્યું છે માટે જ્યારે બાદશાહ સલામતની ઇચ્છા થાય ત્યારે, શિવાજી મહારાષ્ટ્રમાં જીવતો પાછો ફરવો જોઇએ. તે પછી સામ્રાજ્યના સઘળા બળથી એને કચરી નાખવાનો હુકમ થશે તો એ હુકમ પ્રમાણે કરવાની અમારી ફરજ છે.

બાદશાહે હવે વિચાર ફેરવ્યો. પહેલો તો એવો વિચાર આવ્યો કે શિવાજીને અફઘાનિસ્તાનમાં મોકલી દેવો. પછી એ વિચાર પડતો મૂક્યો. બાદશાહી લશ્કર વિજાપુરમાં હારે છે એ જોઇને બાદશાહે પોતે દક્ષિણમાં જવાનો નિશ્ચય કર્યો, ને કુમાર રામસિંહને આગ્રાનો કિલ્લેદાર બનાવી શિવાજીને તેના હાથમાં સોંપવાનો વિચાર કર્યો. પણ રાજા જયસિંહે પોતાના કુમારને લખ્યું હતું કે 'જોજે, ભૂલેચૂકે પણ શિવાજીને સાચવવાની જવાબદારી લેતો! એમાં કાળી ટીલી ચોંટશે. જો પવનને પૂરી રાખી શકાય તો શિવાજીને રોકી શકાય. બાકી બાદશાહ સલામત શિવાજીને ત્યાં રોકી રાખે એ બહુ જ જરૂરી તો છે જ. દક્ષિણમાં મોગલાઈ લશ્કર હારે છે માટે શિવાજીને ત્યાં રોકવો જ જોઇએ. પણ એ કુનેહથી થાય તો જ પાર પડે. જબરદસ્તીથી શિવાજીને રોકાએલો જોશે તો અહીંનું મરાઠી દળ વિજાપુરને મળી જશે.

પણ ઔરંગઝેબે કુનેહથી શિવાજીને રોકી રાખીને દક્ષિણની લડાઇનો અંત આણવાને બદલે શિવાજીને વધારે સખ્ત જાપ્તામાં રાખવાની નીતિ ગ્રહણ કરી. શિવાજીના રહેઠાણ પર ભરી બંદુકની ચોકી મૂકાઇ ગઇ, અને શહેર કોટવાળ ફુલાદખાન હમેશાં આવીને બાદશાહને શિવાજીના સમાચાર આપે એવો સખ્ત

ખંદોબસ્ત થઇ ગયો. જ્યારે શિવાજીને લાગ્યું કે રાજા જયસિંહ, વજીર કે બાદશાહ કોઈ ખપમાં નહિ આવે ને પોતાની મુક્તિનો આધાર પોતા ઉપર જ છે, ત્યારે તેણે પોતાના અંતરમાંથી બંધનમુક્ત થવાનો સાદ સાંભળ્યો. એણે બાદશાહને કહેવડાવ્યું કે મારું લશ્કર મહારાષ્ટ્ર પાછું ફરવું જોઇએ. અહીંનાં હવાપાણી એને માફક નહિ પડે. બાદશાહે લશ્કર જવા દીધું. જયસિંહે લખેલું કે શિવાજી ઘણો હોશિયાર છે; પણ જેણે હાથે કરીને પોતાનાં માણસ ઓછાં કરી દુશ્મનના કિલ્લામાં એકલા રહેવાનું પસંદ કર્યું તેની કુનેહબાજીને વિષે બાદશાહે કદાચ ઘણો હલકો અભિપ્રાય બાંધ્યો હશે.

પોતાના લશ્કરને હવાપાણી માફક ન આવ્યાં તો પોતાને તો ક્યાંથી જ માફક આવે? થોડા જ વખતમાં રાજા શિવાજી માંદા છે એવી વાત ચાલી. દર સાંજે કંડિયા ભરીભરીને મીઠાઇ બ્રાહ્મણ, ફકીર, સાધુ ને અમલદારોને મોકલાતી. આમ થોડા દિવસ ચાલ્યું. પહેલાં તો પહેરેગીર કરંડિયા તપાસતા પણ પછી ધીમેધીમે એ રીત બંધ જેવી થઈ ગઇ. ૧૯મી ઑગસ્ટ ઈ.સ. ૧૬૬૬ને દિવસે બપોર પછી શિવાજીની તબિયત વધારે બગડી. તેણે પહેરેગીરોને કહેવડાવી દીધું કે મારી તબિયત બહુ ખરાબ છે. હું સૂઈ જાઉં છું. મને ઉઠાડતા નહિ. ત્યાર પછી તેનો દૂધભાઇ હીરાજી ફરજંદ લાંબી સોડ તાણીને શિવાજીના ખાટલા પર સૂઇ ગયો. તેણે પોતાના જમણા હાથમાં શિવાજી મહારાજનું સોનાનું કડું પહેર્યું હતું અને એ હાથ ખાસ કરીને સોડ બહાર લટકતો રાખ્યો હતો. દૂરથી પહેરેગીર એ હાથ અને સોનાનું કડું હમેશાં નિહાળતા હતા. આજે પણ એ હાથ જોઇ રહ્યા હતા. શિવાજી સૂતા છે એમ ધારીને સૌ ગપ્પાં મારતા બેઠા હતા.

એટલામાં મીઠાઇના કરંડિયા બહાર જવા લાગ્યા. એકાદ કરંડિયો જમાદારે તપાસી જોયો. પેંડા પતાસાનાં બેચાર બટકાં પણ લઈ જોયાં. મીઠાઇ સારી હતી. કરંડિયો પસાર થઇ ગયો. એવા એક પછી એક મીઠાઇના કરંડિયા પસાર થવા લાગ્યા; અને એવા બે જુદાજુદા કરંડિયામાં બેસીને બાપ–દીકરો બંને જેલમાંથી મુક્ત થઇ ગયા. શહેર બહાર તદ્દન એકાંત જગ્યામાં આ કરંડિયા ઉતારીને મજૂરો રવાના થઇ ગયા.

આગ્રાથી છ માઈલ દૂર એક ગામડા પાસે જંગલમાં નીરાજી રાઓજી ઘોડાં તૈયાર રાખીને એ પિતાપુત્રની રાહ જોઇ રહ્યા હતા. બાપદીકરો ત્યાં પહોંચ્યા. ને તત્કાલ શું કરવું તેના નિશ્ચય પર આવી ગયા. બીજી જ ક્ષણે શરીરે ભસ્મ લગાવેલા પાંચ સાધુ જંગલમાંથી નીકળ્યા. શિવાજી, સંભાજી, નીરાજી, દત્ત ત્ર્યંબક ને રઘુમિત્ર, પાંચે સાધુ ગોકુળ મથુરાની જાત્રાએ નીકળ્યા હતા, જ્યારે બીજા માણસો સીધે રસ્તે ઘરને પંથે પડ્યા હતા.

આ દરમ્યાન આગ્રાની જેલમાં તો હજી શિવાજી મહારાજ પોતાનો હાથ બહાર લટકતો રાખીને સૂઇ જ રહ્યા હતા. એ તો આખી રાત સૂતા રહ્યા. બીજે દિવસે જાગ્યા પણ લગભગ બપોરે. લાંબો મંદવાડ એટલે એમ જ થાય ને? સવારના પહોરમાં તો પહેરેગીરોએ જેલમાં નજર નાખી લીધેલી. મહારાજ હજી સૂતા હતા. હાથ બહાર લટકતો હતો. હાથમાં સોનાનું કડું પણ આબાદ એ જ હતું. એક નોકર બેઠોબેઠો પગ પણ તળાંસતો હતો. અવેજીના શિવાજી મહારાજને ઊંઘ પણ ભારે આવી ગઈ! બપોરે ત્રણ વાગ્યે હીરાજી શાંતિથી જાણે કાંઇ ન બન્યું હોય તેમ નોકરને સાથે લઇ બહાર નીકળ્યો. પહેરેગીરોને કહ્યું કે બહુ અવાજ ન કરતા. મહારાજની તબિયત વધારે બગડી છે. હું કોઇ સારા વૈદ્યની તપાસ કરી લાવું. અને હીરાજી—અવેજી શિવાજી મહારાજ પણ ઊપડી ગયા.

પણ જેલ ખાલી થઇ એટલે બધું સૂનકાર લાગવા માંડ્યું. પહેરેગીરોએ તપાસ કરી તો પાંજરામાંથી પંખી ઊડી ગયાં હતાં. ગભરાટ ફેલાયો. દોડાદોડ થઇ. તપાસ થવા લાગી. શહેર કોટવાળ ફુલદખાનને ખબર પડતાં તે બીચારો ધ્રૂજતોધ્રૂજતો બાદશાહ સલામતને સમાચાર આપી આવ્યો. ‘સવારે તો જેલમાં જ હતો. બપોરે જેલમાં હતો. નિયમ પ્રમાણે સવારસાંજ હાજરી પણ લેવાય છે. ખુદાવંદ, આ માણસ જાદુગર લાગે છે!’

પણ ખુદાવંદ કાંઇ કોટવાળથી છેતરાય તેવા ન હતાં. તે તો તરત સમજી ગયા કે રાજા શિવાજી મહારાષ્ટ્રને રસ્તે પડ્યા છે અને અત્યારે ઝપાટાબંધ રસ્તો કાપી રહ્યા હશે. સાંઢણીસવારો અને ઘોડેસવારો ચારે દિશામાં દોડી વળ્યા. ઠેકાણેઠેકાણે સંદેશા મોકલાયા. રસ્તે રસ્તો ચોકીદારોથી સુરક્ષિત બની ગયો. જેટલા મરાઠા રસ્તામાં મળ્યા તે બધાને આગ્રામાં પાછા લાવ્યા. પણ શિવાજી સંભાજીનો પત્તો મળ્યો નહિ.

કુમાર રામસિંહની પણ કમબખ્તી બેઠી. સૌને શંકા પડી કે શિવાજીને નસાડનાર તે જ છે. તેને દરબારમાં આવવાની મના થઇ. તેની મનસબદારી પણ ગઇ ને જાગીર પણ જપ્ત થઈ.

હવે આ તરફ પેલું ગોકુળ મથુરાં જનારૂં બાવા-મંડળ નિરાંતે ચાલ્યું જાય છે. આગ્રા છોડયા પછી તેઓ છ કલાકમાં મથુરા પહોંચી ગયા.* ત્યાં જઇને પહેલું કામ નદીકાંઠે બેસીને હજામત કરાવી નાખવાનું કર્યું દાઢીમૂછ નીકળી ગઇ એટલે શંકરના બાવા મટીને સંન્યાસી બની ગયા. કેટલાક વૈરાગી બન્યા, કેટલાક ઉદાસી થયા, કેટલાક ગોસ્વામી થઇ ગયા. એવી રીતે મથુરામાંથી ત્રણ તડમાં વહેંચાઇને ૪૦–૫૦ માણસો ફરવા લાગ્યાં. શિવાજીએ સંન્યાસીનો પોલો દંડ માણેક, મોતી ને સોનામહોરથી ભર્યો. કેટલાંક રત્ન લૂગડામાં પણ શીવી લીધાં. જુદાજુદા તડમાં વહેંચાઇને સૌ મુસાફરીને રસ્તે પડયા. વારંવાર વેશ બદલાતા જાય છે. સાધુ હોય તે વળી વેપારી થઈ જાય છે; વેપારી વળી સોદાગર બને છે; અને જવાનું છે મહારાષ્ટ્ર તરફ છતાં ચાલે છે અલ્લાહાબાદ ગયા તરફ. જાણે જાત્રા કરવા નીકળ્યા હોય.

ક્યારેક બેપાંચ ભેગા થાય છે, ક્યારેક છુટા પડે છે; પણ સૌનો સંકેત દક્ષિણ તરફ જવાનો છે. આટલી સાવચેતી છતાં એક વખત સપડાયા ખબર દરેક સ્થળમાં આવી ગઇ હતી કે મરાઠાનો રાજા શિવાજી, આટલો ઊંચો ને આવા દેખાવનો, જ્યાં હોય ત્યાંથી પકડવો. એક ગામમાં ફોજદારે શંકા ઉપર પકડયા. સાંજ પડી ગઇ હતી એટલે કેદીઓને કાચી કેદમાં રખાવીને તપાસ બીજા દિવસ ઉપર મુલતવી રાખી ફોજદાર પોતાનું ઘર પાસે હતું ત્યાં સૂવા ગયા. અરધી રાત્રે ફોજદારને જગાડીને શિવાજી પોતે તેને મળવા ગયો.

'કેમ મહારાજ, અત્યારે શું છે?' કહીને આંખો ચોળતોચોળતો ફોજદાર અલીકુલી બહાર આવ્યો.

અલીકુલી સંન્યાસી સામે જોઈ રહ્યો. દીવાનું ઝાંખું તેજ સંન્યાસીના મોં ઉપર પડતું હતું. કદ, દેખાવ સઘળું વર્ણન પ્રમાણે હતું. મુખમુદ્રા સંન્યાસીની ન હતી. આ કોણ હશે? શિવાજી હોય તો મારો બેડો પાર થઇ જાય.' તે મનમાં વિચારી રહ્યો.

એટલામાં શિવાજી બોલ્યો, 'હું તમને મળવા આવ્યો છું. પણ મારી વાત ખાનગી છે.'

ફોજદારે ઇશારતથી પહેરગીરને જતા રહેવા ફરમાવ્યું.

'તમે કોને કેદમાં પૂર્યા છે તે તમને ખબર છે?'

'ના.'

'ત્યારે હું પોતે જ શિવાજી છું.' શિવાજીએ હિંમતથી કહ્યું. ફોજદારની નજર આગળ અફઝલખાન ને શાહિસ્તખાનનો ઇતિહાસ તરી આવ્યો. તેણે ગભરાટમાં બે પગલાં પાછાં ભર્યાં.

'પણ ગભરાતા નહિ. હું તમને નજીવી ભેટ ધરવા આવ્યો છું.' એમ કહી શિવાજી મહારાજે મૂઠી ઉઘાડી ફોજદાર તરફ હાથ લંબાવ્યો. એક લાખેક રૂપિયાની કિંમતનો તેજસ્વી હીરો દીવાના ઝાંખા પ્રકાશમાં ઝગારા કરી રહ્યો હતો. 'લ્યો આ તમને આપ્યું.'

ફોજદારનું મન ગળી ગયું. નોકરીમાં એક લાખ રૂપિયા તો આખી જિંદગીમાં પણ ભેગા થવાના નહિ. તેણે તરત શિવાજીને જવા દીધો.

સવારના ભળભાંખળામાં સૌ બનારસ પહોંચ્યા ને નદીકિનારે બેઠેલા એક સુરતી બ્રાહ્મણને બોલાવી તેની મૂઠીમાં નાનાંનાનાં મોતી, રત્ન ને સોનામહોર મૂક્યાં. 'મૂઠી વાળી જાઓ. હમણાં ઉઘાડશો મા. પણ આ તમારી દક્ષિણા છે. મને ગંગાસ્નાન કરાવો.' એટલું બોલી શિવાજી ઉતાવળેઉતાવળે સ્નાન પતાવી રહ્યો હતો, એટલામાં નદીના પટમાં બૂમાબૂમ થઇ ને શિવાજી નાઠો છે તેની તપાસમાં સિપાઇઓ આવે છે એવી ખબર ફેલાઇ. બ્રાહ્મણે આ ખબર સાંભળી કુતૂહલથી પાછળ જોયું ને થોડીવાર પછી પોતાના યજમાન તરફ જોવા નજર ફેરવે છે ત્યાં સામે યજમાન જ મળે નહિ! બ્રાહ્મણ તો સ્તબ્ધ થઇ ગયો. મૂઠી ઉઘાડી જુએ ત્યાં નવ અશરફી. નવ રત્ન ને નવ હન નીકળી પડયાં! તેનો બેડો પાર થઇ ગયો.

---

* મથુરામાં પહોંચ્યા ત્યાં તો જેમ ધૂળ કરમાય તેમ સંભાજી કરમાઈ ગયો. નવદસ વર્ષનો છોકરો આવી મુસાફરીમાં સાથે રહેશે તો મુસાફરોના જાન જોખમમાં આવી પડશે એમ ધારીને સંભાજીને તેમણે મથુરામાં મૂકી દીધો. કૃષ્ણાજી કાશી ને વીસાજી નામના બે દક્ષિણી બ્રાહ્મણો ત્યાં રહેતા હતા. નીરાજીએ તેમને વાત કરી અને કહ્યું કે 'મહારાષ્ટ્રનું નસીબ તાજવામાં છે. અત્યારે તમારી સગવડ અગવડ કે બાદશાહી ક્રોધ તરફ જોશો નહિ.' બંને ભાઇઓએ સંભાજીને પોતાને ત્યાં રાખી લીધો ને કૃષ્ણાજી તો સૌને બનારસ સુધી પહોંચાડી પણ આવ્યો.

શું શિવાજી મહારાજ જ હતા! પણ બ્રાહ્મણને પૈસા મળી ગયા હતા. તેણે ગુરુને ઘેર રજા લેવા જવાનું પણ પડતું મૂક્યું ને પરભાર્યો સુરતનો રસ્તો લીધો.

એકાદ નમાલું ઘોડું હોય તો જરાક બેસવા થાય એવો વિચાર કરીને એક વખત મુસાફરીમાં શિવાજી મહારાજ ટારકું ખરીદતા હતા. પણ પાસે છૂટક પૈસા મળે નહિ, એટલે સોદાગરને પૈસા સોનામહોરોમાં ચૂકવ્યા. સોદાગર ચતુર માણસ હતો તે બોલી ઊઠ્યો: 'આવા નાના ટારકાની કિંમત સોનામહોરોથી કરો છો, એટલે તમારી જરૂરિયાત જોતાં તમે શિવાજી લાગો છો!'

'એમ!' શિવાજી મહારાજ બોલ્યા ને વધારે કાંઇ કહ્યા વિના સોનામહોરની આખી કોથળી તેના હાથમાં મૂકી દઈ બીજી જ ક્ષણે ત્યાંથી રવાના થઇ ગયા.

એક વખત ગોદાવરીને કાંઠે આવેલા નાના ગામડામાં એક ખેડુતને ત્યાં શિવાજીનું સંન્યાસીમંડળ આરામ લેવા આવી પહોંચ્યું. રાત્રે ખેડુતના કુટુંબનાં ડોશીમા સંન્યાસીમંડળ પાસે વાતો કરવા આવી ચડ્યાં.

'માફ કરજો જોગીમહારાજ!' ડોશીમાએ કહ્યું: 'અમ ગરીબથી તમારી ચાકરી જોઇએ તેવી થઇ નથી. હમણાં હમણાંમાં આ મારા પીટયા શિવાજીના માણસોએ બહુ ઉપાડો લીધો છે.' અને પછી ડોશીએ તો પોતા પર જેટલું વીત્યું હતું તે બધું ય શિવાજીના નામને પાંચ-પંદર ગાળો દઇને કહી બતાવ્યું! તે વખતે શિવાજી તો કાંઇ બોલ્યો નહિ. પણ ગામનું ને ખેડુતનું નામ યાદ રાખી લીધાં. ઘેર પહોંચ્યા પછી ખેડુતને સહકુટુંબ પોતાને ત્યાં તેડાવી તેના નુકસાનનો બદલો વાળી આપ્યો.

એક સાંજે રાયગઢના ચોકીદારે જીજાબાઇને આવી કહ્યું કે બેચાર સંન્યાસીઓ આવ્યા છે તે તમને મળવા ઇચ્છે છે. બાઇએ હા પાડી એટલે સંન્યાસીઓને ગઢમાં લાવ્યા. વીરાજી પંતે વૈરાગી સાધુની પેઠે જીજાબાઇને આશીર્વાદ દીધો. ઝાંખા બળતા દીવાના અજવાળામાં જીજાબાઇ નજર માંડીને એ વિચિત્ર સંન્યાસીઓ તરફ નિહાળી રહ્યાં: 'બોલો, શું કામ છે મારું?'

જવાબ તો કોઇએ આપ્યો નહિ; પણ એક જરાક ઠીંગણો, તેજસ્વી સંન્યાસી આગળ આવ્યો ને તેણે જીજાબાઇના ચરણ પાસે સાષ્ટાંગ દંડવત્ પ્રણામ કર્યા.

સંન્યાસીને પ્રણામ કરતો જોઇ જીજાબાઇ જરા ગભરાઇને તેને બેઠો થવાનું કહે છે તે પહેલાં તો સંન્યાસીએ જમીન પરથી ઊઠી, માતાના ખોળામાં માથું મૂકી ફરી પ્રણામ કર્યા અને તરત જીજાબાઈ પોતાના પુત્રની આકૃતિ કળી ગયાં. શત્રુના ઘરમાં સિંહ જેવો ને પોતાની પાસે આજ્ઞાંકિત રહેવા ટેવાએલો પોતાનો પુત્ર શિવાજી જ સંન્યાસીના વેષમાં ઊભો હતો! તેનાથી ગદ્‌ગદ કંઠે બોલી જવાયું: 'શિવાજી!' 'ધૂમકેતુ'

('ધૂમકેતુ'ની 'યુગદર્શન' ગ્રંથમાળામાં પ્રકટ થનારા 'ઇતિહાસદર્શન' નામના ગ્રંથમાંથી.)

અથાણું

શિક્ષક: જોખમદારી સમજાવતો એક દાખલો આપો.

વિદ્યાર્થી: ધારો કે તમારા પાટલૂનને બે જ બટન છે, અને તેમાંનું એક તૂટી ગયું છે. ત્યારે બાકી રહેલા એકને માથે તમારા આખા પાટલૂનની જોખમદારી આવી પડે છે.

ૐ

એક: તારો કોણ સગો ગુજરી ગયો છે? કોઇ નજીકનો હતો કે દૂરનો?

બીજો: અરે, યાર, ઘણો દૂરનો; ચારસો ગાઉ છેટે રહેતો હતો.

ૐ

રમેશ: તને ખબર છે કે?

મણિલાલ: શું? શું?

રમેશ: મારા બાપા, એના દાદા, દાદાના બાપા, દાદાના દાદા, તેમના બાપ, તેમના દાદા,—કોઇ અમારા કુટુંબમાં કુંવારા હતા જ નહિ. તે લોકો બધા જ પરણેલા! કેવું અજબ!

ૐ

'નરેન્દ્ર હવે કંઈક ડાહ્યો થયો જણાય છે ખરો?'

'ના જરા યે નહિ; પણ તે પોતે તો એમ માને છે જ.'

'એ કેવી રીતે?'

'જુઓને, પોતે પહેલાં કેવો મૂરખ હતો તેની જ વાત એ હમણાં કર્યા કરે છે.'

ૐ

રામજી: એક ચિતારાએ છતમાંના ચિત્રમાં કરોળિયાનું જાળું એવું આબાદ ચીતર્યું હતું કે ઘરના નોકરે તે દૂર કરવા એક કલાક સુધી માથાફોડ કરેલી.

દામજી: એ વાત મનાય એવી નથી.

રામજી: કેમ નહિ? ચિતારાઓ તો એવું ચમત્કારિક ચીતરી જ શકે.

દામજી: એ ખરું; પણ નોકર એવી મહેનત ન કરે.

ૐ

વાંચીને

'પેલી પેટંટ દવાથી તારી કાકીને કંઇ સારું થયું કે?'

'અરે બાપ! નહિ રે. એ બાટલી ઉપરનો કાગળ વાંચીને તો તેને બીજા બે વ્યાધિ છે એમ જણાયું!'

થોડાંક ગધેડાં (નંબર ત્રીજો)



એક ગધેડો હતો. કુંભારના ફળિયામાં તે રહેતો હતો. એ કુંભારના છાપરા ઉપર રોજ એક વાંદરું આવે. છોકરાઓ વાંદરું જોવા નીકળે. ખજૂર અને દાળીઆ નાખે. વાંદરો કૂદાકૂદ કરે. ધાણી દાળીઆ ઝીલે ને કરડ કરડ ખાય ને ગમ્મત કરે. છોકરાઓ તાળીઓ પાડે ને વાંદરો દાંતીઆં કરે. છોકરાઓ પથરા ફેંકે ને વાંદરો સામેથી ફેંકે. છોકરાઓ ખીખિયારા કરે ને વાંદરો સામેથી કરે. છોકરાઓને ગમ્મત પડે ને વાંદરાને પણ ગમ્મત પડે. રોજ વાંદરો આવે ને રોજ મઝા જામે.

ગધેડો રોજ આ જુએ ને મનસૂબો કરે, 'એક વાર આપણે પણ આ વાંદરાની પેઠે કરીએ તો કેમ? છોકરાઓને પણ ગમ્મત થશે ને આપણને પણ ગમ્મત થશે. છોકરાઓ ધાણી દાળીઆ નાખશે ને આપણે ખાઇશું. છોકરાઓ હુકહુક કરશે ને આપણે ભોંભોં કરીશું. વાંદરાની જેમ ચાર પગે આપણે પણ કૂદીશું. બધાં આપણને જોઇને ખૂબ ખુશી થશે.

એક દહાડો સવારે વહેલો ઊઠીને ગધેડો ખોરડા પર ચડી ગયો. છાપરાનાં નળિયાં તૂટતાં સાંભળીને છોકરાં બહાર આવ્યાં ને બૂમેબૂમ પાડવા લાગ્યાં, 'ભાઇ, છાપરા ઉપર ગધેડો.. ગધેડો..' ગધેડો સામેથી 'ભોં ભોં' કરવા લાગ્યો. ત્યાં તો કુંભાર, કુંભારણ ને આડોશી-પાડોશી આવ્યાં. ગધેડો તો કૂદતો જાય, વાંદરાની જેમ ડાચિયાં કરતો જાય ને ભૂંકતો જાય. છોકરાઓ પથરા મારવા મંડ્યા. ગધેડો સામેથી લાત વડે નળિયાં ઉછાળવા લાગ્યો! ગધેડો વાંદરાની પેઠે ચાલતો જાય ને છોકરાઓને સમજાવતો જાય, 'હું વાંદરો છું, ગધેડો નથી. મને ધાણી ને દાળીઆ આપો; મને ખજૂર ને રેવડી આપો; હું વાંદરો બન્યો છું.'

શેરી આખી ગધેડાને જોવા ભેગી થઇ. ગધેડે વિચાર કર્યો, 'હવે વાંદરાની જેમ એક ખોરડેથી બીજે ખોરડે ઠેકું.'

નજીકના ખોરડા ઉપર ગધેડો ઠેક્યો અને બીજા ખોરડાનાં ય નળિયાં કડકડ તૂટવા લાગ્યાં.

નીચે હોહો થઇ: 'ખોરડા ઉપર ગધેડો.. ગધેડો..'

ગધેડાએ ઊંચું જોયું: 'પે . . . લા ઊંચા ઘરની અટારી ઉપર કૂદું. વાંદરો કેમ કૂદે છે?'

ભોં—કરીને ગધેડે તો છલંગ મારી અને અટારી ઉપર નિશાન તાક્યું. પણ ત્યાં તો ગધેડાભાઇ હવામાં ઊછળ્યા ને ધબ્બાંગ કરતાં જમીન ઉપર પછડાયા.

બિચારો ગધેડો બોલી પણ ન શક્યો કે, 'હું તો વાંદરો થયો હતો. તમે કોઇ મારી વાત સમજ્યા યે નહિ?'

કુંભારે આવી ગધેડા સામે જોઇ નિસાસો નાખ્યો: 'અરેરે! મારો ગધેડો બિચારો મરી ગયો. અરે ભાઈ, શું કામ ખોરડે ચડ્યો'તો '

કુંભારણે આવી ગધેડા પર હાથ ફેરવ્યો અને નિસાસો નાખ્યો કે, 'ભાઈ ગધેડા, ખોરડે શું કામ ચડ્યો'તો? ત્યાં તો વાંદરાં ચડે. તું તો ગધેડો!'

ગિજુભાઈ

બાનો બાળક

બા ધાર કે પરી આવીને મને રાતમાં સુંદર પાંખો આપી ગઇ છે. મારા આનંદનો તો પાર રહ્યો નથી; ને તું પણ રાજી જ થવાની એમ હું ધારૂં છું. તેથી પથારીમાંથી ઊઠતાંવેંત જ હું તારી પાસે દોડી આવીને કહું છું કે 'જો જો બા, મારી પાંખો!'

પણ બા, તું યે કેવી ગાંડી છે! તું તો મને ઓળખતી જ નથી. ઘડીક વાર મારા સામું ટીકી ટીકીને જોઇ રહે છે ને પછી કહે છે કે 'ના, ના,

આ મારો મનુ ન હોય. આમાં તો કોઇક જાદુગરનું જ કપટ લાગે છે. તે દુષ્ટ મારા મનુને ઉપાડી આ કોઈક પરીના બાળકને મૂકી ગયો લાગે છે.' આટલું બોલતાં તો તારો સાદ પણ ગળગળો થઇ જાય છે ને તું આવડી મોટી થઇને સાચ્ચે જ રડી પડે છે!

હું તને ઘણું યે સમજાવું છું કે 'બા, હું તારો જ બાળક છું. મારૂં નામ મનુ. આ તો એક રૂપાળી પરી રાતમાં આવી મને ઊડવા માટે પાંખો આપી ગઇ છે.' પણ તું તો મારૂં કહ્યું સાંભળતી જ નથી ને!

એટલામાં મારા બાપુ આવે છે. પહેલાં તો એ ય જરા વહેમાય છે; પણ પછી તરત જ એ મારી પરીક્ષા કરવા માંડે છે: 'બોલ અલ્યા બાલુડા, મારૂં નામ શું છે?'

'કેમ વળી? હર્ષદરાય.' હું તરત જ બોલી ઊઠું છું.

'બરાબર. કાલે આપણે કયાં ગયા હતા?'

'વનભોજન કરવા.'

'ઠીક. તારી બાએ કેટલા લાડુ ખાધા હતા?' ત્યાં તો બા, તને પણ રડતાં રડતાં થોડુંક હસવું આવી જાય છે! 'બે ઉપર એક બટકું.' હું કહી દઉં છું.

'બસ ત્યારે, તું અમારો મનુ ખરો.' એમ કહી મારા બાપુ મને ખોળામાં બેસાડે છે.

પણ બા, તું યે કેવી હઠીલી! હજુ પણ તું મને તારો બાળક માનવાની ના પાડે છે ને કહે છે કે 'એમાં શું? પરીના બાળકને તો બધી વાતની ખબર હોય. એટલે કાંઇ એ મારો મનુ થઇ ગયો?' તે આખો દિવસ તું રડીરડીને ખૂટાડે છે.

પાછી રાત પડે છે. હું પથારીમાં પડ્યો પડ્યો જાગું જ છું. ત્યાં તો તેજનો ઝબકારો થાય છે ને પરી પધારે છે.

'પરીમાતા! પરીમાતા!' હું એકદમ બોલી ઊઠું છું: 'મહેરબાની કરી આ તમારી પાંખો પાછી લઇ લ્યો. મારે પરીનો બાળક નથી થવું. મારે ઊડવું પણ નથી ને તમારા જેવી શોભા પણ કરવી નથી. મારે માત્ર બાનો બાળક જ થવું છે.'

આ સાંભળી પરી એક ફૂંક મારે છે ત્યાં તો મારી પાંખો ઊડી જાય છે ને પરી પણ અલોપ થઈ જાય છે!

રાજ થતો તરત હું તારી પાસે દોડી આવું છું. દીવાના ઝાંખા ઉજાસમાં તારાં આંસુ મોતી જેવાં ઝળકે છે.

'આ મારો મનુ આવ્યો!' કહી તું મને તેડી લે છે ને છાતી સરસો દબાવી મીઠી બચીઓથી નવડાવી દે છે. જાણે તારી પ્રાર્થનાથી હું જાદુગરની ભયંકર જાળમાંથી ઉગર્યો હોઉં એમ તું હર્ષઘેલી થઇ જાય છે!

હજુ પણ તું ખરી હકીકત માનતી નથી ને કહે છે કે 'ના, ભાઇ ના, એ પાંખવાળો બાળક મારો નહોતો.'

ઠીક; પણ બા, હવે તો હું તારો બાળક ખરો ને?

વ્રજલાલ શાહ

વેરણ મીંદડી

આદમ તને મીંદડી રે
મધરાતે વેરણ થઈ.

પીંજવા આવ્યું બે મણ રૂ ને, કપાસિયા મહીં ખૂબ,
ઊંદરભાઇ તે ખાવા કાજે રાતરે આવ્યા ખૂબ;
ત્યાં ઘરમાં દોટંદોટા થઇ:
આદમ તને મીંદડી વેરણ થઈ.

છાપરામાંથી કાણું કરી ત્યાં, આવ્યાં બિલ્લીબાઇ,
જાળવી માર્યો ભૂસકો તો યે, પડી પથારી માંહી;
પીંજારણ કૂદવા લાગી રે: આદમ૦

દીવાસળીનું ઠેકાણું ન મળે, દીવામાં દીવેટ નહિ,
આદમ બાપડો આંધળો ને પીંજારણ તો રઘવાઈ;
નાનો ત્યારે અલિયો ઊઠ્યો રે: આદમ૦

અલિયે ઊઠી લાકડી લીધી, દોડ્યો રસોડા મેર,
ચાર પૈસાની હાંડલી આણી મેલી'તી ચૂલાની બેડ;
અલિયાએ લાકડી ફેરવી રે: આદમ૦

ઊંદર નાઠા, બિલ્લી નાઠી, સમકારો જ્યાં કીધો,
બેડ ઉપરની હાંડલી ઉપર, અલિયે ફટકો દીધો;
બિચારી હાંડલી ભાંગી ગઈ: આદમ૦

હાંડલી ભાંગી, ઘર તો ભાંગ્યું, વાસણ ન રહ્યું કોઇ;
નાનું વાસણ રાંધવા મૂકયું, ખીચડી કાચી રહી;
આદમને પેટમાં ચૂંક તે થઇ:
આદમ તને મીંદડી રે મધરાતે વેરણ થઇ.

સુન્દરમ



માધુકરી

હરિ ગોવિંદ ગોવિલ

હિંદનો સંદેશો જગતને પહોંચાડવાના અને હિંદની સ્વતંત્રતા પ્રત્યે જગતની સહાનુભૂતિ જગાડવાના ઊંચા આદર્શથી ને સ્વદેશભક્તિથી પ્રેરાઇને હિંદના ઘણા યુવાનો પરદેશ ખેડે છે.

અમેરિકાના ન્યૂ યોર્ક શહેરમાંથી પ્રકટ થતા 'ઓરીએન્ટ' મૅગૅઝિનના ચાલક અને તંત્રી શ્રી હરિ ગોવિંદ ગોવિલ હિંદની ઉચ્ચ સંસ્કૃતિમાં ઊછરેલા ને પાશ્ચાત્ય સંસ્કૃતિથી રંગાએલા છે. તેમની મહત્ત્વાકાંક્ષા પૂર્વના ઉચ્ચ આધ્યાત્મિક આદર્શો અને પશ્ચિમ આધુનિક વિજ્ઞાનનો સંયોગ સાધવાની છે.

એમનો જન્મ બિકાનેરમાં ગરીબ માબાપને ત્યાં થયો હતો. તેમને પ્રાથમિક શિક્ષણ આપવા માટે તેમની માતાને પોતાનાં ઘરેણાં વેચી નાખવાં પડેલાં. સ્કૉલરશિપ મળતી હોવાથી તેઓ બનારસ હિંદુ યૂનિવર્સિટીમાં દાખલ થઇ શકયા.

બાળપણથી જ તેઓ વિદ્યાભ્યાસ માટે અમેરિકા જવા સ્વપ્નાં સેવી રહ્યા હતા. મહાયુદ્ધ પૂરૂં થાય કે તરત હિંદ છોડવાનો તેમણે નિશ્ચય કર્યો હતો. અંતે સ્વપ્નાં સાચાં પાડવાનો અવસર મળ્યો. તેમણે પોતા તરફ સહાનુભૂતિ દર્શાવતા થોડા મારવાડી દાનેશ્રી તરફથી કેટલીક આર્થિક મદદ મેળવી ને તત્કાળ મુંબાઇ ટિકિટ કઢાવવા માટે ઊપડયા. સેકંડ કલાસની ટિકિટ નહિ મળવાથી તેઓએ લાચારીથી મુંબાઇથી માર્સેલ્સ સુધીની ફર્સ્ટ કલાસની ટિકિટ કઢાવી અને બાકી રહેલા ફક્ત ચાર રૂપિયાના જોર પર વિદેશયાત્રાએ ઊપડયા.

તેમની કૅબિનમાં મુંબાઇના એક વેપારી હતા. એમને છેક માર્સેલ્સમાં ખબર પડી કે ગોવિલ પાસે ફક્ત ચાર જ રૂપિયા છે. તેમણે ગોવિલને પોતાને ઉતારે બોલાવ્યા અને તેમની સાચી મહત્ત્વાકાંક્ષા જાણી લંડન સુધીની ટિકિટ કઢાવી આપી અને ખીસાખર્ચ માટે બે પાઉંડ આપી તેમને વિદાય કર્યા.

લંડન પહોંચ્યા પછી તેમને કેટલાક હિંદી વિદ્યાર્થીઓનો ભેટો થયો. આ વિદ્યાર્થીઓ ગોવિલની ગરીબાઇ તથા મજૂરી કરી અભ્યાસ કરવાની તેની અભિલાષા પર હસ્યા અને તેને નાહિંમત કરવા લાગ્યા. પણ ગોવિલ આમ નાહિંમત થાય તેમ નહોતા. તે તો અમેરિકામાં વિદ્યાભ્યાસ કરવાનો નિશ્ચય કરીને જ ઘરની બહાર નીકળ્યા હતા.

તેમને લંડનમાં નોકરી મળી નહિ ને ગાંઠમાં પૈસા ખૂટયા હતા. એવામાં તેમને ખબર પડી કે અમદાવાદના ધનાઢય મીલમાલિક શેઠ અંબાલાલ સારાભાઇ લંડનમાં છે તેઓ તરત જ તેમને મળવા માટે ગયા. શેઠની ઉદારતાનો ઘણા હિંદી વિદ્યાર્થીઓ ગેરલાભ લેતા તેથી તેમણે ગોવિલ પાસે વિશ્વાસપાત્ર પ્રમાણપત્ર માગ્યું. ગોવિલ પાસે આચાર્યશ્રી આનંદશંકર ધ્રુવનું અને એક અંગ્રેજ બાઇનું એમ બે વિશ્વસનીય પ્રમાણપત્રો જોવાથી શેઠે તેમને યુનાઇટેડ સ્ટેટ્સ માટેની ત્રીજા વર્ગની ટિકિટ કઢાવી આપી ગોવિલના આનંદનો પાર ન રહ્યો.

અમેરિકા જતી પહેલી જ સ્ટીમરમાં તેઓ ચડી બેઠા. આ સ્ટીમરમાં તેમને બે સારી સ્થિતિના હિંદુ વિદ્યાર્થીઓ સાથે મુલાકાત થઇ. તેમ ગોવિલની

જ્યારે આ આયખું ખૂટે

જ્યારે આ દેહ ગહીં દેવે
ધીરેલું આયખું ખૂટે;
જીવનનો તાંતણો તૂટે.

જેવી રીત માત નીંદરતું બાળ
ધીમેથી અંકમાં લીયે,

માસે માસે અગાસને દિન
દેવો મયંકને પીએ:
તેવી રીત ગોદમાં લેજે,
તારામાં શમાવી દેજે;
જ્યારે આ આયખું ખૂટે,
જીવનનો તાંતણો તૂટે.

જેવી રીત માળી ખરેલાં પાન
કયારામાં વાળી લીયે,

નવાં અંકુર પાંગરવા કાજ
એ પાનને બાળી દીયે;

તેમ મુજ જીવનના સૌ શેષનું
કોઇને ખાતર કરજે,
કોમાં નવજીવન ભરજે;
મારો કોને લોપ ન નડશો,
મારો કોઈ શોક ન કરશો;
જ્યારે આ આયખું ખૂટે,
જીવનનો તાંતણો તૂટે.

જ્યારે આ દેહગહીં દેવે
ધીરેલું આયખું ખૂટે,
જીવનનો તાંતણો તૂટે.

(કારસ્થાન) —'શેષ'

નિર્ધનતાની ખબર પડી ત્યારે તેઓએ ગોવિલને કહ્યું કે ઓછામાં ઓછા પચાસ ડૉલર હશે તો જ તમે અમેરિકાની ભૂમિ પર પગ મૂકી શકશો. ગોવિલના ગભરાટનો પાર ન રહ્યો. આખરે પેલા હિંદી વિદ્યાર્થીઓની સહાનુભૂતિ ને પોતાની આત્મશ્રદ્ધાથી પાંચ ડૉલર ને બે સેન્ટ સાથે તે અમેરિકા પહોંચ્યા.

અમેરિકા પહોંચતાં જ અઠવાડિક પંદર ડૉલરના પગારે ફિલ્મ ડેવલેપ કરવાનું કામ શોધી કાઢી મૅસેચુસેટની કૉલેજમાં ઇલેક્ટ્રિક એન્જીનિયરના અભ્યાસ માટે તેઓ દાખલ થયા.

થોડા મહિના બાદ તે કોઇ ચિત્રકારના મદદનીશ તરીકે એક સંસ્થાના પ્રકાશન વિભાગમાં કામે રહ્યા. હિંદમાં હતા ત્યારે તેઓ 'આશ્રમ' નામનું એક હસ્તલિખિત માસિક ચલાવતા. તે વખતનો અનુભવ તેમને અહીં ઘણો કામ લાગ્યો.

કૉલેજમાં થોડો વખત ગાળ્યા પછી આ સ્વતંત્ર વિચારના યુવાનને કૉલેજનું ભણતર અને ડિગ્રી તુચ્છ લાગ્યાં. તેમણે તો કોઇ ઉદ્યોગ કે કલા હાથ કરી લેવાનું ઉચિત ધાર્યું.

તેમને મુદ્રણ ને પ્રકાશનનું કામ શીખવાની તાલાવેલી લાગી. તેમને વિશ્વાસ હતો કે તે કામ કરવાથી તેની શક્તિ ને યોગ્યતાનો પૂરેપૂરો વિકાસ થશે. વળી તેમને ત્યાંની અદ્વિતીય ને આકર્ષક મુદ્રણકળાનો હિંદમાં પ્રચાર કરવાની હોંશ હતી.

કૉલેજને તિલાંજલિ આપી તેઓ ત્યાંના એક સર્વોત્તમ છાપખાનામાં ઉમેદવાર તરીકે રહીને બીબાં ગોઠવવાનું કામ શીખ્યા અને સાંપ્રત મુદ્રણકળાના પ્રત્યેક ભાગનું જ્ઞાન મેળવ્યું. પરંતુ આમાં તેઓ પેટ પૂરતું કમાઇ શકતા નહિ. આથી કંઈક આવક વધારવા સારૂ તેમણે સાંજને વખતે નાનીનાની ગલીઓના ખૂણે વ્યાખ્યાન આપવાનો અને હિંદ સંબંધી સાહિત્ય વેચવાનો વ્યવસાય આરંભ્યો. આ વિચિત્ર જેવા લાગતા યુવકનું છટાદાર ભાષણ સાંભળવા અનેક લોકો ભેગા થતા ને તેઓમાંથી અનેક સારા માણસો જોડે તેમને મિત્રાચારી થઇ. હવે તેનું ભાગ્ય પણ પલટાયું. તેના વ્યક્તિત્વથી આકર્ષાઇ મિ. આલ્બર્ટ સ્ટર્નાર નામના પ્રખ્યાત ચિત્રકારે તેમને પોતાને ત્યાં 'પોઝ' આપવા આમંત્રણ આપ્યું. આલ્બર્ટે ચીતરેલી તેમની છબીને ન્યૂ યૉર્ક, વૉશિંગ્ટન વગેરે શહેરોના સંગ્રહાલયમાં મૂકવામાં આવેલી.

આ સંબંધથી શ્રી ગોવિલને અનેક અમેરિકન મિત્રો મળ્યા. આ મિત્રો હિંદના આધ્યાત્મિક સંબંધમાં ભાગ લેતા. તેઓએ શ્રી ગોવિલના માનમાં કેટલાક જલસા ગોઠવ્યા અને ઉપજેલી રકમ શ્રી ગોવિલને સોંપવામાં આવી. તેઓમાંના કેટલાકે શ્રી ગોવિલને હિંદના આધ્યાત્મિક આદર્શોનો પ્રચાર કરવા એક પત્ર કાઢવાનો આગ્રહ કરવા લાગ્યા.

જલસાની મળેલી રકમમાંથી શ્રી ગોવિલે એક જૂનું છાપખાનું ત્રીસ ડૉલરની કિંમતે ખરીદ્યું, પોતાની જાતે તે સમાર્યું. ને છાપવાના પ્રયત્નો આદર્યા. આ રીતે વિખ્યાત ઓરીએન્ટ મૅગૅઝીનનો જન્મ થયો. કલામય મુદ્રણ, સુંદર વિષયદર્શન અને આદર્શમય લેખોથી આકર્ષાઈ પ્રજા તેમ જ અન્ય પત્રકારોએ તેનો સારો સત્કાર કર્યો. એ પત્રે આખી દુનિયાના લેખકોનું ધ્યાન ખેંચ્યું છે. આમ પોતાના ઉચ્ચ આદર્શો અને દેશભક્તિ વડે આ ગરીબ માબાપના છોકરાએ પૂર્વની–ખાસ કરીને હિંદની–ઉચ્ચ સંસ્કૃતિનો સંદેશો દુનિયાભરમાં ફેલાવીને હિંદનું ગૌરવ વધાર્યું છે. એ સર્વ કામ ગોવિલે એકલે હાથે કર્યું છે. રેવરન્ડ હોમ્સે તેની પ્રશસ્તિ આ શબ્દોમાં કરી છે: 'હરિ ગોવિલ અમેરિકામાં એક અજાણ્યા યુવક તરીકે આવેલા. તેઓ હિંદમાં પાછા ફરતી વેળાએ અમેરિકામાં અનેક મિત્રો મૂકી ગયા છે. તેઓ પોતાની સાથે પૂર્વની બક્ષિસ લઇ અમેરિકા આવેલા અને હવે તેઓ પોતાની સાથે પશ્ચિમનો પ્રેમ લઇ હિંદ આવ્યા છે.'

બદામ

આપણા દેશમાં બદામનાં થોડાંઘણાં ઝાડ થાય છે; પણ આપણને જોઇતી બધી બદામ તો બહારથી જ આવે છે. બદામ મસકત, આરાકાન, ઇરાન, મક્કા, મદીના, શિરાઝ વગેરે દેશોમાં તે પુષ્કળ થાય છે. બદામનું ઝાડ ઠીકઠીક મોટું થાય છે. તેનાં પાંદડાં લાલ અને વડલાનાં પાનથી મોટાં થાય છે. ખાખરાના પાનની પેઠે બદામના પાનની પણ પતરાવળી થઇ શકે. બદામ કાચી હોય છે ત્યારે ઉપરનાં છોડાં તુરાં અને ખાટાં હોય છે. છોકરાં બદામનું ઝાડ હલાવી તેને નીચે પાડી ખાય છે. બદામ ખાવામાં મીઠી લાગે છે. ને સાકર સાથે ખાવામાં મજા પડે છે. ખીસામાં પૈસા હોય તો બદામ જાતજાતની રીતે ખવાય: બદામની ખીર થાય, બદામનો હલવો થાય, બદામની પુરી થાય. બદામ પૌષ્ટિક બહુ છે પણ પચવામાં બહુ ભારે છે. ગરમ પાણીમાં બદામનાં બીજ ઉકાળીને તેની છાલ ઉતારી નાખી ઝીણાં વાટીને દૂધમાં કાલવી તે દૂધને ઉકાળી ઘાટી ખીર જેવું તૈયાર થવા આવે એટલે તેમાં સાકર ને ઘી નાખવું ને ઉતારી ઠંડું થયા પછી ખાવું. આ ખીર બહુ પૌષ્ટિક અને તાકાત આપનારી ગણાય છે. મસ્તકશૂળ ઉપર ત્રણ દિવસ સવારમાં પ્રાતઃકાળમાં આ ખીર લેવાથી તદ્દન આરામ થાય છે. બદામ તથા કપુર દૂધમાં ઘસી માથે તેનો લેપ કરવાથી પણ મસ્તકશૂળ મટે છે.

બદામ ખાનારા જાણે છે કે ખાતાં વચમાં એકાદ બદામ કડવી આવે છે ત્યારે મોં કેવું થઈ જાય છે! કડવી બદામનું તેલ કાઢવામાં આવે છે. એ તેલ દવામાં બહુ ઉપયોગી છે. કાનના રોગો ઉપર તે તેલનાં ટીપાં ઘણો ફાયદો કરે છે. કાનખજુરાના કાંટા વાગ્યા હોય તેના ઉપર બદામનું તેલ ઘસવાથી થોડા વખતમાં આરામ થાય છે. માથે તે તેલ ચોળવાથી મગજ ઠંડું ને હલકું થાય છે.

અને બદામનાં છોડાં (ફોતરાં) પણ નકામાં નથી. તેને બાળીને મીઠા સાથે ઝીણાં વાટીને બનાવેલા દંતમંજનમાં દાંતને બહુ જ મજબૂત બનાવવાનો ગુણ રહેલો છે.

—રતિલાલ વિઠ્ઠલદાસ દલાલ

સોનું

પૃથ્વીના લગભગ દરેક દેશના પર્વતોના ખડકોમાં, મોટાં મેદાનોનાં ઊંડાણમાં, નદીના પટની રેતીમાં અને દરિયાને તળિયે કુદરતે આ અમૂલ્ય ધાતુ આપણે માટે સંગ્રહી રાખી છે.

આ ધાતુ બહુ મોંઘી મળે છે, એટલો બીજી ધાતુ કરતાં તેમાં ફેર છે. આ પદાર્થ કેવી રીતે બન્યો હશે અને જમીન તથા ખડકમાં કેવી રીતે મિશ્ર થઈ ગયો હશે, તેની હજુ સુધી કોઇને ખબર પડી નથી. સોંઘી ધાતુઓ પર રસાયણની દવાઓ વાપરી સોનું બનાવી દેવાનો કીમિયો કરવાના ઘણા પ્રયત્નો થાય છે. પણ હજુ સુધી તો એ સફળ નીવડયા નથી. ઘણી વખત સોનું જમીનના ઊંડાણમાં ખડકો સાથે મિશ્ર થયેલું હોય છે. કોઈક વાર નદીના પટની રેતીમાંથી તેમ ઊના પાણીના કુંડવાળા પ્રદેશમાંથી પણ મળી આવે છે.

સોનાની શોધ કરતી વખતે સાથેસાથે પૃથ્વીની ઉત્પત્તિ વિષે પણ થોડુંઘણું જ્ઞાન મળે છે. પર્વતો પર પડેલાં સોનાનાં રજકણો, વરસાદના પાણીના વહેણ સાથે લાંબે ઘસડાઇ આવી, નદીના પટમાં કોઈક સ્થળે અટકી જઇ, ત્યાં વર્ષો સુધી પડી રહે છે. જે ખડકો સાથે સોનું મિશ્ર થએલું હોય છે તે ખડકના પદાર્થ કરતાં સોનું સાત ગણું ભારે હોય છે. નદીના વહેણના વેગને લીધે સોનાના ગઠ્ઠા ઉપર લાગેલા ખડક ધોવાઇ જાય છે ને સોનું તળીએ જઈ પડી રહે છે. પછી સૈંકડો વર્ષ વીત્યા બાદ મનુષ્યજાતને આ સોનું હાથ લાગે છે.

ત્રાંબું, કલાઇ અને સીસા કરતાં સોનું ઓછું નીકળે છે તેથી મોંઘું મળે છે એમ નથી. પ્લૅટિનમ, નિકલ અને કોબૅલ્ટ જેવી ધાતુઓ કરતાં તો સોનાનો જથ્થો પૃથ્વી પર વધારે છે. સોનું મોંઘું મળવાનું કારણ એની અછત નહિ પણ એના ગુણ છે. સોનું સીસા જેવી નરમ ધાતુ છે. છતાં તેમાં ઘણું બળ છે. તેને ટીપીને ઘણું જ પાતળું કરી શકાય છે. એક ગ્રેન વજન જેટલા સોનામાંથી ૫૬ ચોરસ ઇંચ જેટલા કદના સોનાના વરખ થઇ શકે! સોનાનો વરખ એટલો પાતળો થઇ શકે છે કે ૨૮૦,૦૦૦ પડ ઉપરાઉપરી ગોઠવીએ ત્યારે એની જાડાઇ ઇંચ જેટલી થાય! એક ગ્રેન સોનામાંથી ૫૦૦ ફીટ લાંબો તાર કરી શકાય છે, અને એવા ૬૫,૦૦૦ તાર સાથે સાથે ગોઠવીએ તો એક ઇંચ જાડો તાર બને! સોનું નરમ હોવા છતાં એટલા પાતળા એક તાર પર ૧૫૦ રતલ વજન મૂકીએ તોપણ તાર તૂટી ન જાય એટલું તે ચીકણું ને મજબૂત હોય છે. આથી દાગીના બનાવવામાં તેમ જ ચલણી સિક્કા બનાવવામાં સોનું વપરાય છે. વળી શરીરને શક્તિ તેમજ જીવતર આપનાર તરીકે સોનાનો ઉપયોગ દવામાં પણ ઘણો થાય છે. આ બધાં કારણોને લીધે સોનું અમૂલ્ય ગણાય છે.

પૃથ્વી પર સૌથી પહેલાં પશ્ચિમ એશિયા અને ઉત્તર આફ્રિકામાં વસતી પ્રજામાંથી સંસ્કૃતિ પ્રસરી. આ સંસ્કૃતિ પામેલી પ્રજામાંથી ઇજિપ્ત, ઇરાન અને બૅબીલોનની પ્રજાએ સોનાની ખાણો ખોદવાની પહેલ કરી. ઈ.સ. પૂર્વે બે હજાર વરસ પહેલાં થઇ ગએલાં ઇજિપ્તનાં રાજારાણીઓનાં સોનાનાં ઘરેણાં એમની કબરોમાંથી જડી આવ્યાં છે. આ પછી સ્પેન જેવા બીજા દેશની પ્રજાઓએ ખાણો ખોદવા માંડી. તે પછી રોમના રાજ્યનો વિસ્તાર વધવાથી એમની પાસે સોનાની ખાણવાળો પ્રદેશ આવ્યો, એટલે ઈટલી પણ બહુ ધનવાન થયું.


પંદરમા સૈકામાં અમેરિકાની શોધ થયા પછી યુરોપમાં સોનાની ખૂબ ભરતી થઇ ને ત્યાં લગભગ બસો વરસ સુધી સોનાની રેલમછેલ થઇ રહી. આ પછી જૂની ખાણોમાંથી સોનું ખૂટ્યું, પણ એટલામાં રશિયાના સાઇબીરિયાના પ્રદેશમાંથી થોડું સોનું નીકળવાથી યુરોપની જાહોજલાલી ટકી

૧૯મી સદીના અંતમાં અમેરિકાના કેલિફોર્નિયા પ્રાંતમાં અને ઑસ્ટ્રેલિયામાં પુષ્કળ સોનું જડયું. આથી નવી ખાણો શોધવા પાછળ લોકવૃત્તિ જાગૃત થઇ, અને પરિણામે મેક્સિકો તથા નેવાડામાંથી સોનું હાથ લાગ્યું પણ ખરું. જે સ્થિતિ ઉત્તર અમેરિકામાં થઈ તે જ સ્થિતિ ઑસ્ટ્રેલિયામાં થઇ. ઇ.સ. ૧૮૫૧માં ત્યાં એટલા પરદેશીઓ જવા લાગ્યા કે વસ્તી વગરના ને ઉજ્જડ એ રાની પ્રદેશમાં જ્યાં પહેલાં માત્ર કાંગારૂ ને જંગલી કુતરાઓ જ વસતા હતા ત્યાં સોનાની શોધાર્થે આવેલા લોકોથી શહેરો વસી ગયાં.

ગયા સૈકામાં આખી દુનિયામાં વપરાતું સોનું ઑસ્ટ્રેલિયા, ઉત્તર અમેરિકા તથા રશિયા એ ત્રણ દેશમાંથી જ નીકળતું હતું પણ ૧૮૯૬માં અમેરિકા અને કૅનેડાની વચ્ચેના યુકાન પરગણામાં કલનડાઇક નામનો સોનાની રજકણવાળો કાંકરીવાળો પ્રદેશ જડયો. આ પ્રદેશમાં જવાની ઘણી મુશ્કેલીઓ નડતી. છતાં લોકોની ત્યાં જવા સારૂ એટલી પડાપડી થઇ રહી કે ચાર વરસની અંદર તો દુનિયાના જુદાજુદા ભાગમાંથી ત્યાં લગભગ ૩૦૦૦ ખાણના માલિકો આવી પહોંચ્યા, અને તેમણે આ કિંમતી કાંકરી એટલી ઝડપથી કાઢી કે ઇ.સ. ૧૯૧૦ સુધીમાં તો ત્યાંનું સોનું ખલાસ થઇ ગયું!

ઓગણીસમી સદી સુધી આફ્રિકાના ખનીજ પદાર્થની તપાસ લક્ષપૂર્વક થઇ નહોતી, પણ આ તપાસ થવાની સાથે જ ત્યાં સોનાની ભાળ લાગી. પછી તો વરસોથી સીદી રાજાઓને સોનું આપવા સારૂ પંકાતા ગોલ્ડ કોસ્ટ નામના પ્રદેશની પણ તપાસ થઇ અને તે પછી દક્ષિણ આફ્રિકાના ટ્રાન્સવાલ પ્રદેશમાંથી સોનું કાઢવાના પ્રયત્ન થયા. ઇ.સ. ૧૮૮૭માં વિટવૉટર સ્ટૅંડ નામનો ૩૧ માઇલ લાંબો પ્રદેશ હાથ લાગ્યો. અહીંથી દર વરસે દુનિયાભરમાં મોટામાં મોટો સોનાનો જથ્થો નીકળે છે. આ જ સમયે પશ્ચિમ ઑસ્ટ્રેલિયામાં પણ કુલગારડી નામના પ્રદેશમાંથી સોનું મળવાની આશા બંધાઇ. અને આજે તો આખા ઑસ્ટ્રેલિયાના સોનાનો અરધો જથો એ જગ્યાએથી નીકળે છે.

એવી ગણત્રી થઈ છે કે ઇ.સ. ૧૫૦૦ની સાલથી આજ



દુનિયાના સોનું ઉત્પન્ન કરનાર મુખ્ય દેશો, અને ૧૯૨૯ના વર્ષ દરમ્યાન તેમણે કાઢેલા સોનાનો જથ્થો બતાવનારો આ નકશો જોવાથી જણાશે કે દક્ષિણ આફ્રિકા આખી દુનિયામાં સૌથી વધુ સોનું આપનાર દેશ છે, અને છતાં હજી તેનું સોનું અખૂટ ગણાય છે. ઉપરના નકશામાં કાળાં ચોસલાં દેશ દીઠ સોનાની ઉપજ બતાવે છે; અને લીટાવાળી આકૃતિ ખંડ દીઠ બતાવે છે, જેનો સરવાળો કરીને ડાબી બાજુએ આખી દુનિયાની ૧૯૨૯ની સોનાની પેદાશનો જથ્થો બતાવ્યો છે. તેની કિંમત ૪૦ કરોડ ૩૩ લાખ ૩૬ હજાર ડૉલર-એટલે અત્યારને ભાવે લગભગ એક અબજ ને સવા એકસઠ કરોડ રૂપિયા થવા જાય.

સુધીમાં પૃથ્વીમાંથી ૧૮,૨૦૯ ટન જેટલું સોનું કાઢવામાં આવ્યું છે. પૃથ્વીના પડના ઉપલા ભાગ પરથી આપણી ખાણો ખોદાય છે. પૃથ્વીના પડના વધારે ઊંડાણમાં જવાથી વધારે સોનું મળી શકે કે કેમ તે હજી શંકાની વાત છે. હવામાં તો વધારે ને વધારે ઊંચા જવાના પ્રયત્ન મનુષ્યજાત કરી રહી છે, પણ પૃથ્વીના ભીતરમાં જવાનું એથી વધારે મુશ્કેલ છે. પણ જ્યાં સુધી માનવીમાં સાહસિક વૃત્તિ જીવંત છે ત્યાં સુધી જગતમાં કશું અશક્ય નથી રહેવાનું.

આ રીતે પૃથ્વી પરના દરેકેદરેક ભાગમાંથી સોનું નીકળે છે. એમ મનાય છે કે છેલ્લા ચાર સૈકા દરમિયાન પૃથ્વીમાંથી ત્રણ પરાર્ધ રૂપિયાની કિંમતનું સોનું નીકળ્યું છે. આમાંનું કેટલુંક સોનું ખાણો ખોદવાથી મળ્યું છે, ત્યારે કેટલુંક સપાટ પ્રદેશોની માટી ભરી લઇ, ધોઇને જુદું પાડવાથી મળ્યું છે. માટી ધોઇને સોનું કાઢવામાં ઘણી મહેનત પડતી નથી. એક મોટા પેણામાં સોનાવાળી માટી ભરી, એમાં પાણી ભરે છે. સોનાવાળો ભાગ ભારે હોવાથી તળીએ બેસે છે, ત્યારે માટી પાણી સાથે ઓગળી જઇ નીકળી જાય છે. આથી ઉલટું ખાણોમાંથી સોનું કાઢવામાં ઘણી મહેનત પડે છે. પહેલા તો માટી સાથે મળેલી સોનાની કાચી ધાતુ ખાણોમાંથી ખોદીને ઉપર આણવામાં આવે છે.

આ કઠણ ખડકોનો ભૂકો કરવા સ્ટૅમ્પ નામનું એક જોરાવર યંત્ર વપરાય છે. સોનું ભળેલા આ ખડકો એટલા કઠણ હોય છે કે એનો ભૂકો કરવામાં વપરાતા ઘણ અરધાઅરધા ટન વજનના હોય છે. આ ભારે ઘણના મિનિટ દીઠ નેવું ઘા પાડી શકે એટલું જોર પેલા સ્ટૅમ્પ યંત્રમાં હોય છે. તે પછી આ ભૂકાને પાણીથી ધોઈ એમાંથી સોનું છૂટું પાડવામાં આવે છે. સોનાની ખાણોમાં પાણીનો વપરાશ પુષ્કળ હોય છે. ખાણોમાંથી કાંઇ સોનાની લગડીઓ જ મળતી નથી. ત્યાંથી તો સોનું આટલી મહેનત કરી છૂટું પાડે ત્યારે જ મળે છે. માત્ર ઇ.સ. ૧૮૫૮માં ઑસ્ટ્રેલિયાના બૅલેરેટ નામના પ્રદેશમાંથી ૨૨૧૭ ઔંસના વજનની એક લગડી જડી હતી, અને એના ૫૨,૦૦૦ પૌંડ ઉપજ્યા હતા. પણ આવી મોટી લગડી હજુ સુધી બીજી જડી નથી.

કેટલીક વાર કાચા ખનીજ સાથે બહુ ઓછું સોનું ભળેલું હોય છે. તેમાંથી સોનું છૂટું પાડવા માટે રાસાયણિક પદ્ધતિ વપરાય છે. સોનાની કાચી ધાતુનો બારીક ભૂકો કર્યા પછી મોટાં પીપોમાં ભરે છે. આ ટાંકીઓ કે પીપોમાં ફોટોગ્રાફીમાં વપરાતી 'પોટાશ્યમ સાઇનેડ' નામની ઝેરી રાસાયણિક દવા ભરે છે. આ રાસાયણિક દવાની અસર પેલા ભૂકા પર થાય છે, અને એમાં રહેલું સોનું છૂટું પડી જાય છે. આમ સોનાની કાચી ધાતુને રસાયણિક દવાઓ વડે છૂટી પાડ્યા પછી, બીજી કેટલીક ક્રિયા કરવામાં આવે તે પછી જ એ વાપરવા લાયક બને છે.

દક્ષિણ આફ્રિકા આખી દુનિયામાં વધારેમાં વધારે સોનું ઉત્પન્ન કરે છે: અને હજી પણ વર્ષો સુધી ત્યાં સોનું ખૂટે

તેમ નથી. એવું મનાય છે કે ત્યાંથી આજ સુધી નીકળેલા અને હવે પછી ભવિષ્યમાં નીકળનાર સોનાની કિંમત ગણીએ તો લગભગ ૩૦૦૦૦૦૦૦૦૦૦૦૦લાખ રૂપિયાની થવા જાય! ત્યાંની કેટલીક ખાણો તો એક માઇલ કરતાં પણ વધારે ઊંડી છે.

હિંદુસ્તાનમાં પણ સોનાની ખાણો છે. તેમાં દક્ષિણ હિંદુસ્તાનની કોલરની ખાણો મશહૂર છે; પણ બીજા દેશોના પ્રમાણમાં હિંદમાંથી સોનાનો જથો ઘણો જ ઓછો નીકળે છે. છેલ્લા વરસ દરમ્યાન આખી પૃથ્વીમાંથી નીકળેલા સોનાનો જથો બતાવતો નકશો આ લેખ સાથે આપ્યો છે.

[બાળકોને સહેલી ભાષામાં વિજ્ઞાનની માહિતી આપી શકે તેવાં બે સચિત્ર પુસ્તકો—બાળવિજ્ઞાન ભાગ ૧-૨ વડોદરાના પુસ્તકાલય સ.સ. મંડળ લિમિટેડે બહાર પાડ્યાં છે. તેમાંના બીજા ભાગમાંથી થોડા ફેરફાર સાથે ઉપરનો લેખ ઉતાર્યો છે.]

ઇંગ્લંડે સોનાનું ધોરણ કેમ છોડયું

અર્થશાસ્ત્રનો આ એક સુપ્રસિદ્ધ સિદ્ધાન્ત છે કે વસ્તુની કિંમત વસ્તુમાં પોતામાં સ્વતંત્રપણે રહેતી નથી, પણ એનાં ખપ અને પૂરત ઉપર એનો આધાર છે; છતાં, એક ધાતુ એવી છે કે મનુષ્યમાત્ર એનો ખપ કરે છે; અને તે લોઢા જેટલી પુષ્કળ મળતી નથી, એટલે બીજી ધાતુઓના પ્રમાણમાં એની કિંમત પણ વધારે થાય છે. આ ધાતુ. સુવર્ણ—સોનું. એને માટે એક સંસ્કૃત શબ્દ 'हिरण्य' છે. જેનું નિર્વચન નિરુક્તકારે રમૂજી કલ્પનાથી हि=જરૂર, रण्य=रमणीय=સૌના મનને ગમે એવું, એવો કર્યો છે. આ કારણથી જ જુદીજુદી પ્રજાઓ એકબીજાનાં નાણાંની પરસ્પર કિંમત સ્થિર રાખવા માટે સોનાને કિંમતના ધોરણ તરીકે સ્વીકારી શકે છે.

ગયા મહાયુદ્ધ પછી યુરોપની બીજી પ્રજાઓએ પોતાની આર્થિક સ્થિતિ ઠેકાણે લાવવા, દ્રવ્ય ઉત્પાદન માટે વિવિધ ઉદ્યોગ વધારવાના પ્રયત્ન કર્યા, ત્યારે ઇંગ્લંડે દ્રવ્ય ઉપાર્જન માટે સંપત્તિનું બીજું સાધન વેપાર જે એને ફરી હાથ કરવા પ્રયત્ન આદર્યો. વેપાર માટે એક મોટી જરૂર સ્થિર હુંડીઆમણની છે. વેચનાર ન જાણે કે મારા માલની પરદેશમાં ચોક્કસ કેટલી કિંમત ઊપજશે ત્યાં સુધી એને વેપાર કરવો કેમ ફાવે? આ માટે ઇંગ્લંડે 'Gold standard' યાને પાઉંડ માટે સોનાનું ધોરણ બાંધ્યું; અર્થાત્ એક પાઉંડનું આટલું સોનું એમ, પાઉંડની સોનારૂપે ચોક્કસ કિંમત ઠરાવી. (૧ પાઉંડ= ૧૧૩ (ઉપર સહેજ) ગ્રેન સોનું) અને તે શબ્દ માત્રમાં જ નહિ પણ વાસ્તવિક; એટલેકે તમે બેંક ઑફ ઇંગ્લંડમાં પાઉંડ (વા એની નોટ) આપીને સોનું માગો તો બેંકે ૧૧૩ ગ્રેન સોનું આપવું જ જોઇએ. તે જ પ્રમાણે અમેરિકાના યુનાઇટેડ સ્ટેટ્સે પણ ડૉલરની સોના રૂપે કિંમત બાંધી; ૧ ડૉલર=૨૩·૨૨ ગ્રેન સોનું આથી ડૉલર અને પાઉંડ બંનેની પરસ્પર કિંમત સ્થિર રહી. કારણ કે પાઉંડના અમુક કરતાં વધારે ડૉલર અંગ્રેજ વેચનાર માગે તો અમેરિકન ખરીદનાર ડૉલરનું સોનું કરી, સોનું ઇંગ્લંડ ચડાવી, એના જ પાઉંડ કરી અંગ્રેજને શા માટે ન આપી દે? જરા ખુલાસો કરીએ: ડૉલર અને પાઉંડની પરસ્પર કિંમતનો આધાર, સામાન્ય રીતે વેચનાર-ખરીદનારની સામસામી માગણી ઉપર આધાર રાખે છે. ધારો કે એક અમેરિકને લંડનમાં અમુક માલ વેચ્યો છે અને એના પાઉંડ આવ્યા છે એ વેચી એના ડૉલર કરવા છે, કારણ કે પોતે અમેરિકન હોઇ એને ડૉલરનું જ કામ છે; તે જ પ્રમાણે બીજા એક અમેરિકને લંડનમાં અમુક માલ ખરીદ્યો છે એના પાઉંડ ત્યાંના બજારમાં આપવાના છે. તો એ શું કરશે કે જે પહેલો અમેરિકન પાઉંડ વેચવા માગે છે તેની પાસેથી એ ખરીદશે અને અમેરિકામાં એને બદલે ડૉલર આપવાનું કબૂલ કરશે. આથી બંનેનું કામ થઇ ગયું.

આવી જ રીતે રૂપિયા અને પાઉંડ વચ્ચે પણ હુંડીઆમણનો ભાવ હિંદુસ્તાન સરકારે નક્કી ઠરાવ્યો છે, પણ પ્રજાપક્ષની માગણી ૧ રૂ=૧શિ. ૪ પેન્સની હતી તેને બદલે ૧ રૂ=૧ શિ. ૬ પેન્સ કરી છે એનું પરિણામ એ આવે છે કે સરકારને અંગ્રેજ અમલદારોના પેન્શન વગેરે ખર્ચ ખાતે રૂપિયા ઓછા ઉધારવા પડે છે, પરંતુ હિંદુસ્તાનના નિકાસી વેપારને નુકસાન થાય છે અને આયાતમાં પરદેશી વેપારીઓને ફાયદો થાય છે, કારણકે પાઉંડના રૂપિયા ઓછા મળે છે અને રૂપિયાના પાઉંડ વધારે મળે છે.

હવે ધારો કે બજારમાં પાઉંડનું વેચાણ વધારે છે અને માગણી થોડી છે, તો પાઉંડ સસ્તા થવાના અને ડૉલર મોંઘા થવાના; જેમ ઘઉં વેચનાર વધારે હોય અને ખરીદનાર થોડા હોય અને તેથી ઘઉં સસ્તા થાય તે જ રીતે. પરંતુ ઘઉંમાં અને આપણે જે સોનાના ધોરણવાળા પાઉંડ અને ડૉલરના વિનિમયનો વિચાર કરી રહ્યા છીએ એ વચ્ચે ભેદ તપાસો. સોનાનું ધોરણ હોવાથી થાય છે એ કે પાઉંડ સસ્તા થઇ ગયા હોય (અર્થાત્ એના ડૉલર ઓછા મળતા હોય તો) પહેલો એવી ખોટ શું કરવા ખાય? પાઉંડનું લંડનની બેંકમાં સોનું કરી લઇ એ સોનું અમેરિકા ચડાવે અને ન્યૂ યૉર્કમાં એ સોનાના કાયદેસર ભાવે ડૉલર મેળવી લે. તેથી જ્યાં સુધી ઇંગ્લંડ સોનાનું ધોરણ રાખે, એટલે કે એની બેંક પાઉંડને બદલે અમુક તોલા સોનું આપ્યે જ જાય ત્યાં સુધી તો ઉપર બતાવ્યું તે રીતે પાઉંડ અને ડૉલર વચ્ચે હુંડીઆમણનો ભાવ એની મેળે—લોકના વિશ્વાસથી—સ્થિર રહે. પણ એ સોનું કયાં સુધી આપ્યે જાય? એના ખજાનામાં હોય ત્યાં સુધી જ. પણ ખજાનામાં ખૂટે તો એને સોનાનું ધોરણ બંધ કર્યા વગર શો ઇલાજ? અમુક રાજકીય પરિસ્થિતિ વગેરેને કારણે ઇંગ્લંડની બેંકમાં તંગી જણાઇ અને તેથી ઇંગ્લંડે સોનાનું ધોરણ છોડયું. (વસંત)

ઁ૦।।।જ

વેપારીઓના ચોપડામાં શરૂઆતમાં લખાતી આ સંજ્ઞાથી

સૌકોઈ જાણીતા હશે. એ સંજ્ઞા ૦।।।જ, એ શ્રી, ૧। અને જ. નું અપભ્રંશ લેખન છે. શ્રી ૧। જ શ્રી ૧। જણસે, શ્રી ૧। પોતે જણસે, શ્રી ૧। પ્રાંત જણસે, શ્રી ૧। પ્રાંત જણસ એમ ઉત્તરોત્તર જૂનું રૂપ આવતાં, શ્રી ૧। પ્રાંત જણસનું અત્યારનું ટૂંકું રૂપ ૦।।।જ થયું છે. ઉતાવળથી કે તરતમાં લખવા સારૂ આ રૂપ રૂઢ થઇ ગયું જણાય છે.

તેમાંનો શ્રી એ લક્ષ્મીસૂચક, શુભસૂચક કે માનવાચક શબ્દ છે, અને આ સ્થળે તો લક્ષ્મીસૂચક કે શુભસૂચક છે. ૦એ ^ (શ્રી) કે ^ (શ્ર)નું ટૂંકું રૂપ છે તેની પાસેની પહેલી પાણ એ દીર્ઘ ઈ (ી)ની ઉપરનો ^ ચાલ્યું જતાં ટૂંકે રૂપે થઇ ગઇ છે. બીજી પાણ ૧નું ઉપરનું ૦ ચાલ્યું જતાં ટૂંકે રૂપે થઇ ગઇ છે; અને છેલ્લી પાણ ૦ને બદલે હજી પણ લખાય છે. જ એ જણસનું ટૂંકું રૂપ—જણસ શબ્દનો પહેલો અક્ષર છે.

સવા એ અનુકૂળ પવન અથવા અનુકૂળના અર્થમાં (સપાદ–એક અને પા–ઉપરથી થએલું) વપરાય છે. તેનો ભાવાર્થ 'હોય અથવા કરવું જોઇએ તેના કરતાં યે વધારે' એવો થાય છે. વધારે સારા અથવા અમૂલ્યના અર્થમાં સવા શબ્દ ભાષામાં ૧ને બદલે વપરાય છે, એ તો જાણીતું છે. જેમકે સવાયું કામ કર્યું, વીસ આના કામ કર્યું, વીસ વાલ કામ થયું, સવાઇ થઇ વગેરે. વેપારીઓ ભરવા તોળવામાં મોઢેથી આંક બોલે છે ત્યારે પણ ૧ને બદલે લામ કહી લાભ સવાયા કે લાભ સવાયો કહે છે. પ્રાંતમાં કે સિલકમાં કાંઇ પણ ન હોય, ત્યારે ૦ અપશુકન ગણી ન માંડતાં તેને બદલે વેપારીઓ ૦)૧। દોકડો માંડે છે. (પણ તે હિસાબમાં ન ગણતાં સરવાળામાં ૦ તરીકે જ ગણાય છે.)

'જ' એ પ્રાંત જણસનું ટૂંકું રૂપ છે. એ 'જણસ', 'પ્રાંત', 'રકમ', 'સિલક', 'બાકી પ્રાંત', વગેરેને બદલે વપરાતું ટૂંકામાં ટૂંકું રૂપ છે. હજી પણ એ 'પ્રાંત જણસ' એ બે શબ્દોમાંથી એક જ શબ્દરૂપે વપરાતો 'પ્રાંત' કે 'પુરાંત' અથવા 'જણસ' શબ્દ બોલવા તથા લખવામાં વપરાય છે. એ પુરાંત અથવા પ્રાંતનો અર્થ છેડાનું, અંતનું, સીમાનું વગેરે થાય છે; અને તેથી હિસાબને આખરે રહેતી 'બાકી સિલક' તે 'પ્રાંત જણસ' લખાય છે. અને આગલા દિવસના આખરની પ્રાંત જણસ બીજા દિવસના મેળના પ્રારંભમાં પણ લખાતી હોઇ ત્યાં જેનો તે આંકડો પ્રાંત જણસ તરીકે લખાય છે.

૦૭૪।।જ

કેટલેક સ્થળે ૦।।।જ ને બદલે ૦૭૪।।જ લખાય છે, જેમાંના ૦ તથા જ સંબંધની હકીકત તો ઉપર આવી ગઇ છે. તેને માટે એક બીજી કલ્પના એવી પણ છે કે ૦ એ બ્રહ્મા, વિષ્ણુ અને મહેશનું ટૂંકું રૂપ છે.

ચોપડા, કાગળો, હૂંડીઓ, ખાતાં વગેરે પર ૭૪।। લખવાનો રિવાજ મૂળ મેવાડ-મારવાડનો છે. તે વેપારીઓ ગુજરાતમાં વસ્યા એટલે તેમનો રિવાજ ગુજરાતી વેપારીઓમાં પણ દેખાદેખીથી દાખલ થયો. હલદીઘાટનું જે યુદ્ધ થયું, તેમાં માર્યા ગએલા રજપૂતોનો અંદાજ કાઢવા તેમના શરીર પરથી જનોઇ ઉતારી તેનું વજન કર્યું તો ૭૪।। મણ થયું હતું. એટલે કે ૭૪।।ની સંજ્ઞા એ આ ઐતિહાસિક બનાવનું સ્મરણચિહ્ન છે. એ આંકડો લખનાર એ પ્રમાણે લખી એમ પ્રતિજ્ઞા કરે છે કે જો મારૂં લખ્યું ન પાળું તો એ યુદ્ધમાં કામ આવેલા અસંખ્ય શૂરવીરોની હત્યા જેટલું મને પાપ છે.

૭૪।।=

૭૪।।=નો બીજો એક અર્થ દોહરા પ્રમાણે ગણાય છે:

(૭) સમ મિત્ર નવ છોડીએ, (૪) લક્ષ ચોગણી હોય,
(।।) સુખ દુઃખ રેખા કર્મની, (=) રામ કરે સો હોય.

આ દોહરામાં આપેલો ૭૪।।=ના સંકેતનો અર્થ એ છે કે દયા દાન રૂપી ગુણો, છોડવા નહિ, ભલેને તેથી લક્ષ્મી ૪ ગણી વધતી હોય સુખદુઃખ રૂપી ।। બે રેખા કર્મ પ્રમાણે આવ્યે જાય છે અને તે = બે આના-રામ કરે તેમ થાય છે.

(ઇતર વાચન પત્રિકા) —વિહારી

ટપાલની ટિકિટો

ટપાલની ટિકિટોનો સંગ્રહ કરનારાઓમાં નીચે બતાવેલી સ્કાઉટના ચિત્ર વાળી ટિકિટો ખૂબ લોકપ્રિય હોય એ બનવાજોગ છે. યુ એસ. એસ. આર., એટલેકે યુનાઇટેડ સ્ટેટ્સ ઑફ સોવીએટ રશિયામાં ઇ.સ ૧૯૨૯માં ભરાએલા પહેલા ઑલ રશિયા સ્કાઉટ્સ ગેધરિંગના પ્રસંગ વખતે, તેની યાદગીરી માટે રશિયન ટપાલખાતાએ જુદીજુદી કિંમતની નીચલી બે ટિકિટોનો સેટ કાઢ્યો હતો. ન્યૂ દિલ્હીની યાદગીરીની ટિકિટોની માફક તે પણ થોડા વખત સુધી જ ચાલુ રહી હતી.



ટપાલની ટિકિટ ઉપર સ્કાઉટનું ચિત્ર પણ હોઇ શકે એ બીના પરતંત્ર પ્રજામાં તો કદાચ નવાઇ રૂપ ગણાય. રશિયામાં પણ અગાઉ તેની પરતંત્રતાના વખતમાં ત્યાંના ઝારોનાં બસ્ટ તથા રશિયન રાજ્યચિહ્નો વગેરેનાં જ ચિત્રો છાપવામાં આવતાં, પણ હવે ત્યાં લોકસત્તા થયા પછી ત્યાંની ટિકિટો ઉપર મજૂર, ખેડુત, સિપાઈ, ખેતર કે કારખાનામાં કામ કરતી કન્યા વગેરે કામગાર લોકોનાં, તેમજ જુદાજુદા રાષ્ટ્રીય પ્રસંગોનાં ચિત્રો આલેખવામાં આવે છે. જેના થોડા નમૂના સાથે બતાવ્યા છે.



લેનિનના અવસાન પછી રશિયન પ્રજા તરફથી તેનો શોક પ્રદર્શિત કરવા માટે રશિયન ટપાલખાતાએ કાળી બોર્ડર સાથે-ની લેનિનના ચિત્ર વાળી ટિકિટો કાઢી હતી. —સી. તેજપાલ

અંધારે છબી લેતા કૅમેરા

વિજ્ઞાનની છેલ્લી શોધ એ છે કે ઘોર અંધકારમાં યે ચિત્ર ઝડપે એવો કૅમેરા બન્યો છે આવાં ચિત્રો લેવામાં ઇન્ફ્રા રેઝ નામે જાણીતાં અદૃશ્ય પ્રકાશકિરણોનો ઉપયોગ થાય છે.

ન્યૂયૉર્કમાં ઇસ્ટમૅન કોડાકની પ્રયોગશાળામાં લગભગ પચાસ સુપ્રસિદ્ધ વિજ્ઞાનપ્રયોગના ખાં મળ્યા હતા. તેમની સમક્ષ આ અજબ હિકમતનો પ્રયોગ બતાવવામાં આવ્યો હતો.

એકબીજાનાં મોં પણ ન સૂઝે એવા અંધારાગાં આખી મંડળી બેઠી હતી. એટલામાં ચાંપ દબાયાનો કચકારો થયો. કૅમેરાનો લૅન્સ ઊઘડયાની તે નિશાની હતી એક સેકંડ વીતી અને બીજો અવાજ. બીજો ફોટોગ્રાફ પડયો. પંદર મિનિટ બાદ પ્લેટ ધોવાઇ અને તે પરથી છાપ ઉતારી રાહ જોતી મંડળી આગળ ખાત્રી માટે રજુ કરવામાં આવી. કાળા મેશ અંધારે છબી લેવાએલી, છતાં છાપમાં આખી મંડળીના દરેકેદરેક જણના ચહેરા આબાદ સ્પષ્ટ પડયા હતા આ રહી તે છબી:



આવી છબીનો ભેદ માત્ર પ્રકાશ કે હવા સામે બખ્તર સજાવેલી એક ઓરડીમાં હતો. એમાં જ અલ્ટ્રા વાયોલેટ કીરણો કબ્જ હતાં; અને છબી પાડવાને વખતે આ અદૃશ્ય કિરણો છોડવામાં આવતાં આખો ઓરડો અને છત એક અદૃશ્ય પ્રકાશથી છવાઈ રહેતાં કૅમેરાને પૂરતી તક મળી રહી હતી.

સિંહશય્યા

પેગુમાં ખાસ જોવા લાયક તો બુદ્ધ ભગવાનની સિંહશય્યા છે. યોગી જમણા પડખા ઉપર પગ તાણીને સૂઈ જાય અને કોણી જમીન પર રાખી જમણી હથેળી પર માથાનો ભાર રાખે તથા ડાબો હાથ ડાબા પડખા અને સાથળ પર છોડેલો હોય ત્યારે એ આસનને સિંહશય્યા કહે છે. સિંહશય્યા વીર્ય-રક્ષણ અને અલ્પનિદ્રાને માટે વિશેષ અનુકૂળ છે. અરધી રાત એક પડખુ અને બાકીની રાત બીજું પડખું. માત્ર ડોક પરની તાણ સહન કરવાની તાકાત હોવી જોઇએ.

પેગુ શહેરની બહાર ખંડેરો વચ્ચે આ ભવ્યમનોહર મૂર્તિ સૂતેલી છે. આને લેટ્રાફાયા કહે છે. લગભગ સાડા ત્રણસો ફૂટ લાંબા અને આઠેક ફૂટ પહોળા ઓટલા પર એટલી જ લાંબી બુદ્ધ ભગવાનની મૂર્તિ વિરાજેલી છે. આવડી મોટી મૂર્તિ દુનિયામાં બીજી હશે કે નહિ તે આપણે જાણતા નથી; પણ એની વિશાળતા એ જ એની વિશેષતા નથી. પ્રચંડ મૂર્તિઓ ઘણીવાર કઢંગી હોય છે. આ મૂર્તિમાં તો એનું અંગસૌષ્ઠવ અને મુખમુદ્રા પરનું માર્દવયુક્ત સ્મિત એ જ વિશેષ ધ્યાન ખેંચે છે. મૂર્તિના પગનાં તળિયાં નાના બાળકના જેવા પાટલ રંગનાં છે. —દ. બા. કાલેલકર

કૌમારસંસ્કારના બે પ્રકાર

આપણે અહીં જેમ બ્રાહ્મણનો દીકરો અમુક ઉંમરનો થયો એટલે જનોઇ લઇને દ્વિજ બને છે તેમ બ્રહ્મદેશનો બૌદ્ધ બાળક સંસ્કાર લઇ પ્રથમ પુંગી—એટલે સંન્યાસી—થાય છે. આપણે ત્યાં જેમ છોકરાને પરણાવી દેવાની પોતાની ફરજ છે એમ માબાપ સમજે છે, તેમ બાદ્ધ સામાજિક આદર્શ નક્કી કરે છે કે દીકરાને નિર્વાણનો એટલેકે ત્યાગવૈરાગ્યનો રસ્તો બતાવવો એ માબાપની મુખ્ય ફરજ છે. છોકરો પુંગી થઇને વિદ્યાધ્યયન કરે છે પછી એને મોક્ષધર્મ પર શ્રદ્ધા દૃઢ થાય તો એ કાયમનો પુંગી થઇ જાય છે, નહિતો સ્વેચ્છાથી ગૃહસ્થ-ધર્મ સ્વીકારે છે. પરણાવવાની જવાબદારી માબાપની નથી. માબાપે તો ધર્મનો ઉત્કૃષ્ટ માર્ગ દીકરાને બતાવી દીધો.

આપણે ત્યાંનો સામાજિક આદર્શ જુદો છે ગતાનુગતિક ગૃહસ્થધર્મમાં દીકરાઓને દાખલ કરવાની ફરજ માબાપની ગણાય છે. એનો ઇનકાર કરી નૈષ્ઠિક બ્રહ્મચર્ય લેવું અથવા ગૃહસ્થધર્મમાંથી બહાર નીકળી સંન્યાસ લેવો એ તે તે વ્યક્તિ-ના સંકલ્પ અને પુરુષાર્થ પર છોડવામાં આવે છે. आश्रमादाश्रमं गच्छेत्। જેવો અધિકાર તેવું સ્થાન માણસ લેશે. અધિકાર વગર સંન્યાસની દીક્ષા આપવી એ તો અધઃપાતને નોતરવા જેવું છે. એકવાર પગલું ભર્યા પછી પાછા ફરાય જ નહિ એમાં ચારિત્ર્યહાનિ છે, ભલે ધીમે ચાલો, પણ પાછી પાની ન કરો.

અસંખ્ય લોકો જે રસ્તે નથી જઈ શકતા તે રસ્તાની દીક્ષા આપવી એમાં યથાર્થતા કેટલી? બંને દૃષ્ટિનો અંતિમ ઉદ્દેશ એક જ છે; બંનેમાં વજૂદ છે; છતાં કેટલો મોટો ભેદ! (શ્રી દ.બા. કાલેલકરના 'બ્રહ્મદેશનો પ્રવાસ' નામના પુસ્તકમાંથી)

ડ્યુપ્રીન

ઘણી બનાવટો ને ધંધામાં રબરનો ઉપયોગ વધી પડ્યો ત્યારથી રસાયણીઓ કોઇ મિશ્રણથી રબર ઉત્પન્ન કરવા મથી રહ્યા હતા. ટૉમસ એડીસને ગોલ્ડન રૉડ નામનો રોપ રબર મેળવવાને એક બહુ મહત્ત્વનું સાધન માન્યું હતું. પણ ડ્યુપ્રીન તો કોલસો, કળીચૂનો, મીઠું અને પાણીમાંથી બનાવેલ નવું રસાયણી રબર જ છે. તેની બનાવટ મોંઘી પડતી નથી અને ખરેખરા કુદરતી રબર જેવું જ તે લાગે છે; એટલું જ નહિ પણ એકસ કિરણમાંથી તપાસતાં તેનાં રજકણો વધારે ઘટ્ટ છે એવું જણાયું છે. પાણીની હવા, ભેજ અને બીજાં રસાયણો સામે તે વધારે ટકાવ કરે છે. વળી ગંધક વગર તે માત્ર ગરમીથી જ પાકું થઈ શકે છે અને ધીમેધીમે સખત બને છે. તેના ટકાઉપણાના ગુણથી રબર કરતાં યે તેના ઉપયોગમાં તે વધી જશે.

વાંચી બતાવનારૂં યંત્ર

અમેરિકાની રેડીઓ કૉરપોરેશને આ યંત્ર ચાલુ કર્યું છે. કોઇપણ એક પૂર્ણ નવલકથાનું પુસ્તક ત્રીસ ફીટની બોલતી ફિલ્મ ઉપર ઉતારી લેવામાં આવે છે. નાટક ૧૫ ફૂટની ફિલ્મ ઉપર સમાઇ જાય છે અને ગાયન માત્ર ત્રણ ફીટ ઉપર જ લઇ શકાય છે. ફિલ્મ ચડાવી બટન દાબો એટલે યંત્રનું વાચન શરૂ થાય છે. એકબે પ્રકરણો સાંભળી બીજા દિવસ પર મુલતવી રાખવું હોય તો બંધ રાખી શકાય છે અને બીજે દિવસે મૂકતું હોય ત્યાંથી ફરી સાંધી શકાય છે. વાંચનાર યંત્ર તમારી ઇચ્છા પ્રમાણે ધીમે અથવા ઝડપે ચાલે છે. હિંદના કથાભટ્ટો માણભટ્ટો અને કીર્તનકારો! તમારા ધંધા સંભાળજો!

ચાર હાથ લાંબો ઉંદરડો

દક્ષિણ અમેરિકાની ઓરીનોકો અને એમેઝોન નદી કાંઠાનાં ખામણાં (Swamps)માં કૅપીબારા નામની ઉંદરડાની એક જાત થાય છે. તે ચાર ફૂટ લંબાઈ અને ત્રણ ફીટ જાડાઇ સુધી વધી શકે છે. તે પાણીમાં જ નિવાસ રાખે છે. તેના પગને બતક જેવી પહોળી ફેણા હોય છે અને નખ ડાબલાના આકારના હોય છે. આથી તે તરી પણ શકે અને કીચડમાં પણ ફરી શકે છે. તે પૂંછડી વિનાનું, અણીદાર જાડા વાળવાળું પણ નરમ સ્વભાવનું છાલાંછોતરાં અને નાના રોપા પર જીવન ગુજારતું વિચિત્ર પ્રાણી છે. ઘણી વાર બગીચાઓમાં પણ તે દરોડો પાડી આવે છે. તે નાનાંનાનાં ટોળાંમાં ઝીણો ઘરેરાટ કરતાં ફરે છે. કોઇ ભૂખ્યો ગૅંગર કે જગુઆર (અમેરિકાનો દીપડો) તેનો ભક્ષ શોધ્યા જ કરતો હોય છે. દીપડાથી નાસીને તે પાણીમાં ધસે છે. આવે વખતે ઘણીવાર માદાઓ પોતાનાં બચ્ચાંઓને પીઠ પર ચડાવી તરી જાય છે. જંગલી વતનીઓ કૅપીબારાનું ભોજન બહુ માણે છે.

નવું કુમાર વાચન

પચાસ વર્ષ પછી લે. રામનારાયણ નાગરદાસ પાઠક; પ્રકાશક: પ્રસ્થાન કાર્યાલય અમદાવાદ; અહિંસાનો વિજય આલેખતી અરધી સદી પછીના સમયની રસમય વાર્તા: કિં. ૧-૦-૦. **ગુફાનું કમળ** જેલમાં લખાએલા મહાત્માજી વિષેના પ્રશસ્તિલેખો; સંપાદક: જીવણલાલ ક. ચાંપાનેરિયા; પ્રકાશક: પ્રસ્થાન કાર્યાલય અમદાવાદ ૦-૩-૦. **દર્શનિકા** કવિ અરદેશર ફ. ખબરદારનું તત્ત્વચિંતન અને જીવનદર્શનનું મોટું ખંડકાવ્ય; પ્રકાશક: કવિ પોતે, એગમોર મદ્રાસ ૩-૦-૦. **સંસારલીલા** 'સાહિત્ય' માસિકના તંત્રીશ્રી મટુભાઇ કાંટાવાળાએ 'નારદ'ના ઉપનામથી લખેલી ટૂંકી વાર્તાઓનો સંગ્રહ; પ્રકાશક: પૂંજાલાલ ભગવાન પારેખ, વઢવાણ સીટી; ૩-૦-૦. **કુંતી-ગાંધારી અને દ્રોણ-અશ્વત્થામા** નાનાભાઈનાં લખેલાં, જાણીતાં મહાભારતનાં પાત્રોની માળાના મણકા ૭-૮ પ્રકાશક; શ્રી દક્ષિણામૂર્તિ પ્રકાશનમંદિર ભાવનગર; દરેકના ૦-૫-૦. **ચિતાના અંગારા** સોરાષ્ટ્રમાં આવતી ઝવેરચંદ મેઘાણીની લોકપ્રિય ટૂંકી વાર્તાઓનો સંગ્રહ; પ્રકાશક: સોરાષ્ટ્ર સાહિત્ય મંદિર રાણપુર; ૦-૪-૦. **ગ્રંથ અને ગ્રંથકાર** પુસ્તક બીજું ૧૯૩૧ના વર્ષ દરમ્યાન પ્રકાશિત ગ્રંથો અને લેખોના પરિચય તથા સિંહાવલોકન સાથે વિદ્યમાન ગ્રંથકારોની ચરિતાવલિ અને ગ્રંથપ્રકાશનને લગતી ઉપયોગી માહિતીઓ સંઘરેલું પુસ્તક; પ્રકાશક: ગુજરાત વર્નાક્યુલર સોસાયટી અમદાવાદ; ૧-૦-૦. **આપણી કવિતાસમૃદ્ધિ** પહેલેથી આજ સુધીના ગુજરાતી કવિઓની શૈલિ પર વિવેચન સાથે નમૂનાની કૃતિઓનું શ્રી બલવંતરાય ક. ઠાકોરે કરેલું સંકલન. પ્રકાશક ઉપર પ્રમાણે; કિં. ૧-૦-૦. **આરોગ્યના પ્રદેશ** 'મધ્યયુગીન રાજદરબારના લેબાસમાં સજેલી વૈદકીય સ્વરાજની વાર્તા; પ્રકાશક ઉપર પ્રમાણે; ૦-૮-૦. **ગૃહદીપિકા** પુસ્તક ૧ તથા ૨ લેખકો:વિદ્યાબ્હેન રમણભાઇ નીલકંઠ તથા સૌ.પ્રેમલીલા મહેતા; પ્રકાશક: ઠા. બેચર મેઘજી ઍન્ડ સન્સ રાજકોટ; ગૃહનાં વિજ્ઞાન ને વ્યવસ્થા ઉપર કન્યાઓ માટે લખાએલાં પુસ્તકો. **છુટાં ફૂલ** નાની ૧૧ બાળવાર્તાઓનો સંગ્રહ. લેખક તથા પ્રકાશક: હીરાલાલ લલ્લુરામ દવે, ધીકાંટા નાની હગામ, અમદાવાદ ૦-૩-૦. **દિવ્યચક્ષુ** સ્વાતંત્ર્ય યુગને ઉષઃકાળે ઘડાતા આવતા નવા ગુજરાતની નવલકથા. લેખક રમણલાલ વસંતલાલ દેસાઈ, એમ.એ.; પ્રકાશક: મૂળશંકર સોમનાથ ભટ્ટ, નંદભુવન, રાવપુરા, વડોદરા; રૂા. ૨-૮-૦. **પરિમલ** ઉદાત્ત મનોભાવ પ્રકટાવતા બાલસાહિત્યનો સંગ્રહ કરનાર ઇન્દુપ્રસાદ ભટ્ટ અને મણિલાલ ઠાકર; પ્રકાશક: નટવરલાલ દવે, કૃપા પ્રકાશન મંદિર, આણંદ; વેચનાર: પુસ્તકાલય સ. સ. મંડળ લિ. વડોદરા; ૦-૫-૦. **આકાશદર્શન** માસેમાસના આકાશના નકશાઓ સાથે સરળ ભાષામાં આકાશી સૃષ્ટિનું ગણિતબંધી દર્શન કરાવનાર ઉપયોગી પુસ્તક; લેખક: ભોગીલાલ કેશવલાલ પટવા; પ્રકાશક: એસ. બી. શાહની કં. પાનકોર નાકા, અમદાવાદ; ૦-૮-૦.

સહે જનની ડંખ દુઃખકર ક્યાં લગી આ હવે?

મૂ નામના એક ધનવાન આરબે મરતી વેળા પોતાના મિત્ર અબ્બાસને ભલામણ કરેલી કે મારી બધી દોલત આ પટારામાં ભરી છે તે આખા દેશમાં સૌથી સંતોષી ને સુખી માણસ હોય તેને શોધીને આપજો તે મુજબ અબ્બાસે ગામેગામ ખબર મોકલવાથી એટલાં સંખ્યાબંધ માણસો એ વારસો લેવા આવવા માંડયાં કે તેમાંથી મહામુસીબતે બાર મહિને એક માણસ પસંદ થયો. તેને વારસો સોંપવા, એક મોટા મેદાનમાં કુતૂહલભર્યા લોકોનાં ટોળાંની વચ્ચે પેલો પટારો ઉઘાડતાં અંદર મોટા પથરા ભરેલા નીકળ્યા; અને પટારાના ઢાંકણાની અંદરની બાજુ મોટા અક્ષરે લખ્યું હતું: 'તું જો ખરેખરો સંતોષી ને સુખી હોત તો મારા વારસાની ઇચ્છા ન કરત.'


હજામત કરતાં શીખતા હો તો શરૂઆતથી સવળોઅવળો બંને રીતે અસ્ત્રો ફેરવવાની ટેવ પાડશો નહિ; એથી મોં સુંવાળુ થશે, પણ ચામડી ખરાબ થશે અને વાળની ઊગવાની શક્તિ વધશે, જે પરિણામે નુકસાનકારક છે.

જાંબુડીનાં પાન, પાકાં કેળાં અથવા ડુંગળી વાટીને તેની લુગદી વીંછીના ડંખ પર બાંધવાથી વીંછીનું ઝેર ઉતરે છે.

કોઇ પણ રકમને એની એ રકમ વડે એક વાર અથવા બે વાર ગુણીએ તો ગુણાકારના આંકડાઓનો સરવાળો કદી પણ ૧૫ આવવાનો નહિ.



પૃથ્વીના છેક દ્વિતીયારંભ યુગ વેળાના આ પ્રચંડ કાચબાનું અસ્થિપિંજર હિમાલયની શિવાલિક પર્વતમાળાની ભેખડોમાંથી ૧૯૨૩માં કંઇ હજારો ટુકડા રૂપે ડૉ. બાર્નમ બ્રાઉન નામના અમેરિકનને મળી આવેલું. તેની ઢાલ ૭ ફૂટ ૪ ઇંચ લાંબી, ૫ ફૂટ પહોળી અને ત્રણ ફૂટ ઊંડી તાંસળે છે. આ જળચર જ્યારે જીવતો હશે ત્યારે એક ટન ઉપર વજનમાં હશે!



દુનિયાભરના ચલણી નાણાનું સોનું ગાળીને ઢાળ્યું હોય તો તેમાંથી એકત્રીસ એકત્રીસ ફૂટની બાજુઓ વાળો એવડો જંગી નક્કર ઘન બને કે તેને પડખે સાડાપાંચ ફૂટની ઊંચાઇવાળો માણસ ઊભો રાખ્યો હોય તો ઉપરની આકૃતિમાં બતાવ્યા પ્રમાણે વેંતિયો જણાય.

અનેકાર્થી શબ્દ: **રવાઇડું**=નાનું વંતાક—રીંગણું; આકડાનું ફૂલ; છાશ વલોવવાનું લાકડાનું સાધન.

હોલાંડની રાણી આર્કડચેસ ઇસાબેલે ઓસ્ટેન્ડના ઘેરા વખતે એ કિલ્લો ન જીતાય ત્યાં સુધી કપડાં ન બદલવાની પ્રતિજ્ઞા લીધેલી: અને તેણે ૩ વર્ષ ૩ માસ ને ૩ દિવસ સુધી કપડાં નહોતાં બદલ્યાં.


અહીં લોકો વીંટી, બટન વગેરે ઉપર હીરો ઊંધો બેસાડે છે: ચપટી બાજુ અંદર અને અણી બહાર રાખે છે.

પૂર્વ આફ્રિકામાં મેરૂ પર્વતની તળેટીમાં અરૂષાની આસપાસ વસતી મસાઈ નામની જંગલી લડાયક કોમમાં એક મર્દાનગીભર્યો રિવાજ છે કે સિંહનો શિકાર કરનારનેજ મસાઇ કુમારી પરણે.

'ફરવા જવાની લાકડીનો અર્થ શો ?'
'ઘરડા માણસનો ટેકો; જુવાન માણસની નબળાઈ.'



માનવજીવનના ઇતિહાસમાં પરિવર્તનકારી કેટલાક મહાપ્રસંગો: (૧) કુદરતની સામે પોતાનો માર્ગ કરવા માણસે પ્રથમ હથિયારની શોધ કરી; (૨) ભાવી પ્રજા માટે જ્ઞાનવારસો મૂકી જવા લેખનકળાની શોધ કરી:(૩) ભગવાન બુદ્ધે ધર્મચક્રપરિવર્તન કર્યું; (૪) મહમ્મદ પયગમ્બર સાહેબે મક્કાથી હિજરત કરી, ને ઈસ્લામ ધર્મની શરૂઆત થઈ: (૫) જ્ઞાનપ્રચારના મહાસાધન મુદ્રણકળાની શોધ; (૬) કોલંબસે મહાન દરિયાઇ સફર ખેડી અમેરિકા શોધ્યો અને મહાસાગરોની સફરનો માનવજાત માટે આરંભ કર્યો.



બીજી એક છાયાછબી

આ મહિને પણ આપીએ છીએ. આ તો તરત ઓળખાઇ આવશે કે કોની છે. ગયે મહિને કવિવર રવીન્દ્રનાથ ઠાકુરની સિત્તેરમી જન્મજયંતી ઊજવાઇ તેમના સ્મરણમાં એમની છાયાછબી આપી હતી. આ મહિને આમની પણ સિત્તેરમી જન્મજયંતી ઊજવાઇ છે. આ અંકની મિજલસમાં એમનો સંદેશ અપાયો છે. કોઈ તેજ ચપ્પુ કે અસ્ત્રાના નકામા પાના વડે ચિત્રમાંના કાળા ગાળા સફાઇથી કોરી કાઢીને અંધારા ઓરડામાં વીજળીની હાથબત્તી કે મીણબત્તી જેવા નાના દીવાના પ્રકાશ સામે એ ધરશો એટલે ભીંત પર એમની મોટી આકૃતિ દેખાશે.